વર્ષ ૯;  જાન્યુઆરી–૧૯૫૩  અંક ૧૧

શ્રી જૈન પાઠશાળા
વાયા - તળાજા
મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર)

જૈન સંસ્કૃતિનું

# કલ્યાણ

સંદેશવાહક



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજનું એક સુંદર દ્રશ્ય

વર્ષ ૯ : જાન્યુઆરી પોષ :

અંક ૧૧ : ૧૯૫૩ ૨૦૦૯ :


# વિષય દર્શન


| લેખ. | લેખક. | પેજ. |
|---|---|---|
| જીવનનું ચિરયૌવન | શ્રી | ૫૧૯ |
| એ શું કરે ? | શ્રી પ્રશાંત | ૫૨૧ |
| મનુ અને કનુ | શ્રી ચંદ્ર | ૫૨૩ |
| જ્ઞાન ગોચરી | શ્રી ગવેષક | ૫૨૬ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૫૩૨ |
| કોના પાપે ? | શ્રી એન. બી. શાહ | ૫૩૪ |
| ભયને ભૂલી જાઓ. | શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ | ૫૩૬ |
| તાત્ત્વિક વિચારણા | શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆ. | ૫૩૭ |
| વાદ-વિવાદ | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. | ૫૩૯ |
| શંકા-સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૫૪૨ |
| રમુજી ટૂચકાઓ | શ્રી જયકીર્તિ | ૫૪૩ |
| ભૂતની ભડકમાં | શ્રી કાંતિલાલ એમ. શાહ | ૫૪૫ |
| શું પૃથ્વી ગોળ છે ? | કીશોરકાંત ડી. ગાંધી | ૫૪૭ |
| બાલ જગત | જુદા જુદા લેખકો | ૫૫૦ |
| પંક્તિભેદ | પન્નાલાલ જ. મશાલીઆ | ૫૫૫ |
| ઓ મારા વીરના | પૂ. મુ. કીર્તિવિજયજી મ. | ૫૫૯ |
| દ્રવ્ય-ગુણ-પર્યાયની મહત્તા | પૂ. પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી મ. | ૫૬૧ |


## નવા સભ્યોનાં શુભનામો.

રૂા. ૨૫) શ્રી નેમીનાથ જૈન ઉપાશ્રય મુંબઇ. પૂ. પંન્યાસજી શ્રીમદ્ ધુરંધરવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૨૫) ,, ધીરજલાલ નારણજી શાહ દારેસલામ. શ્રીયુત દામોદરદાસ આશકરણની શુભપ્રેરણાથી.

રૂા. ૨૫) ,, સેવંતિલાલ ચુનીલાલ શાહ — બડગરા

રૂા. ૧૧) ,, નરશીભાઇ ઉમરશી શાહ — ચોપડા

રૂા. ૧૧) ,, જેઠાલાલ રાયચંદ — દાદર

રૂા. ૧૧) ,, ઘોંડીલાલ રાજારામ ઇચલકરંજી. પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧) ,, અમૃતલાલ પરશોતમદાસ મહેતા — માળીયા

## સૂ*ચ*ના*ઓ.

* 'એ શું કરે ?' ૫ તથા ૬ના જવાબો જેઓના તરફથી મલ્યા છે, તેઓમાં જેઓને ઇનામો પ્રાપ્ત થાય છે; તેનાં નામો આ અંકમાં 'એ શું કરે ?' વિભાગમાં પ્રગટ થયાં છે. તે લેખકભાઇઓએ જોઇ લેવાં એમાં છૂટું નામ રહી જવા પામ્યું છે. તે (૬) ભાઇ ઇશ્વરલાલ ચંદુલાલ શાંદેરકર ઠે. જૈન ગુરુકુળ પાલીતાણા છે. તેઓને પણ રૂા. ૨ નું ઇનામ પ્રાપ્ત થાય છે. નવી મૂંઝવણ આ વેળા રજૂ થઇ છે. તેનો જવાબ પણ વેલાસર સહુ મોકલાવી આપે ! જેઓને ઇનામ પ્રાપ્ત થાય છે, તેઓએ કાર્યાલયમાં પત્ર લખી મંગાવી લેવા.

* બાલજગતમાં 'કલમકે દોસ્ત મંડળ'ના નવાં સભ્યોનાં નામો રજૂ થયા છે. તે સભ્યોએ જોઇ લેવા. જેઓએ હજુ સભ્ય તરીકે પોતાનું નામ ન નોંધાવ્યું હોય તે બાલમિત્રોએ ચાર આના સભ્ય ફી મોકલી, જલ્દી સભ્યમંડળમાં પોતાનું નામ નોંધાવી દેવું. સભ્યો માટે નવી હરિફાઇ આ અંકમાં પ્રસિદ્ધ થઇ છે. તે ધ્યાનપૂર્વક જોઇ લેશો

* દશમા વર્ષનો પહેલો-બીજો સંયુક્ત અંક, 'જૈનતીર્થ વિશેષાંક' તરીકે પ્રસિદ્ધ થશે. તેને અંગેની જાહેરાત આ અંકમાં પ્રસિદ્ધ થઇ છે, તે જોઇ લેવી. વિશેષાંક માટેની તમારી કૃતિઓ વહેલાસર મોકલાવી દેવી.

વર્ષ ૯ અંક ૧૧

卐

જાન્યુઆરી ૧૯૫૩

# જીવનનું ચિરયૌવન ......................... શ્રી૦

આપત્તિ, કે સંપત્તિઃ આનંદ કે ઉદ્વેગઃ સુખ કે દુઃખઃ સંસારની આ બધી પરિસ્થિતિ, તડકા-છાંયડાની રમત જેવી છે. આ બધાયમાં આત્માનાં સ્વાસ્થ્ય, સંતોષ કે શાન્તિને સમભાવપૂર્વક જેઓ ટકાવી રાખે છે; તેઓ જ જીવનના મર્મને પામી શકયા છે, એમ સ્હેજે કહી શકાય.

માનવ એ મહાન છે, એનું કારણ એ નથી કે, 'એને જીવનમાં એશ-આરામ, સુખ-સગવડ કે આનંદ-પ્રમોદનાં સાધનો ખૂબ મળે છે, અને તે ભોગવી શકે છે,' પરંતુ માનવની મહત્તા તો ખરેખર દુઃખો, આપત્તિ કે પ્રતિકૂળતાઓના દુર્ગમ પહાડોની વચ્ચે પણ પોતાનું આત્મતેજ જાળવી શકવામાં જ રહેલી છે. એટલે જ માનવ મહાન ગણાયો છે.

કર્માધીન સંસારમાં કર્મજન્ય વિષમતાઓને હસતે મોઢે સહી લેવાની જેનામાં તાકાત છે, તે જ સંસારને જીતી જીવનને ઉર્ધ્વગામી બનાવી શકે છે. સુખોનો જે સ્વામી બની, દુઃખના, આફતના કે મુશ્કેલીઓના મહાસાગરને એકલે હાથે અદીન-મને તરી જવાને જે સદા સજ્જ રહે છે, એ જ આત્મા મહત્તાના મહાન શિખરપર આરૂઢ થઇ શકે છે.

તમે જ્યારે દુઃખ, મૂંઝવણ કે પ્રતિકૂળ સંયોગોથી ચોમેર ઘેરાયેલા હો, ત્યાં જ તમારાં જીવનની સાચી કસોટી છે. સુખ એ જીવનની જરા છે. વૃધ્ધાવસ્થામાં માનવ જેમ ઉત્સાહ, સ્ફૂર્તિ કે તાકાતહીન બને છે, તેવી દશા સ્હેજે સુખી જીવનમાં માનવમનની હોય છે. આવા અવસરે માનવ મ્હોટે ભાગે એશ-આરામ અને સાહ્યબીમાં મસ્ત બની, પોતાનાં આત્મતેજ, નૂર કે સત્વને ખોઇ અકાલે વૃધ્ધ બની જાય છે.

જ્યારે દુઃખ ભોગવવાની શક્તિ, સામર્થ્ય એ જ જીવનની યુવાવસ્થા છે. દુઃખની વેળાયે આત્માની છુપી શક્તિઓને પાંગરવાનો અવકાશ છે. જીવનના આ યૌવનકાળે

માનવનું સત્ત્વ, કસોટી પર ચઢે છે. જીવનનું સુવર્ણ આવા અવસરે જ પરખાય છે. કથીર અને સુવર્ણ ત્યારે ઓળખાઇ આવે છે.

દુઃખ, આપત્તિ કે સંકડામણોમાં તમારે નિરાશ બનવાનું હોય નહિ. **મુશ્કેલીઓ એ જ મર્દની શોભા છે. આફત એ યૌવનનો અલંકાર છે.** પણ એમાં તમને તમારા પૂર્વકાલીન દુષ્કર્મોનો ડંખ હોવો જોઈએ. દુઃખ એ પૂર્વકૃત દુષ્કૃતનો વિપાક છે, એમ સ્હમજી ધીરપણે શાણા માનવે એને સહી લેવામાં જ શોભા છે.

**આ**પત્તિઓનાં તોફાનમાં જે સ્વસ્થપણે સ્થૈર્ય જાળવી જાણે છે, તે કદિ જીવનમાં પાછો પડતો નથી. આવો આત્મા, જીવનમાં કદિ પરાજય પામતો નથી. જે દુઃખોથી ડરે છે, તે કાયર બની આત્મભાન ગૂમાવી દે છે.

**સં**સારભરના મહાન પુરુષોનાં જીવનનો અભ્યાસ કરતાં સ્હેજે સ્હમજી શકાશે કે, મહાન પુરુષોએ હંમેશાં દુઃખને આવકાર્યું છે. આપત્તિઓને વધાવી છે. ઉપસર્ગો, પરિસહો કે મુશ્કેલીઓને તેઓએ ફૂલમાળની જેમ સન્માની છે. ત્યારે જ તે આત્માઓ મહાન બની શકયા છે. જીવનને ઉન્નત બનાવી, આત્મસિધ્ધિને તેઓ તો જ પ્રાપ્ત કરી શકયા છે.

**જ્યારે** જ્યારે તમે આપત્તિ કે મુશ્કેલીમાં મુકાઇ ગયા હો, અને તમને કોઇ પૂછે કે, 'કેમ છો?' તે વેળા મુખને પ્રસન્ન રાખી, ખૂબ જ ધૈર્યપૂર્વક એમ કહેજો કે, 'હું દુઃખી શા માટે બનું? આપત્તિ કે મુશ્કેલી એ દુઃખ નથી, એનાથી કંટાળી કાયર બનવામાં જ દુઃખ છે. દુઃખમાં જે દીન બને છે, એને જ ગૂમાવવાનું હોય છે, મારે નહિ. કારણ દુઃખોને ધીરતાપૂર્વક ભોગવવાની મારામાં શક્તિ છે. માટે જ વિજેતાનો આનંદ હું માણી રહ્યો છું'

**તમે** જે કાંઈ ભૂતકાળમાં ઉપાર્જેલું છે, એને ભોગવવાનો સુઅવસર તમારે માટે આનંદનો દિવસ ગણાય. એને ઉત્સાહપૂર્વક ઉજવવામાં જ જીવનની મહત્તા છે. જીવન જીવવાની કળા આમાં સમાયેલી છે.

**આ**પત્તિઓના તોફાનોમાં જે સુખપૂર્વક રહી શકે છે, તે જ જીવનના યૌવનને ચિરકાલ જાળવી શકે છે.

## 'એ શું કરે ?'

### શ્રી પ્રશાંત.

'એ શું કરે ?' પ્રશ્ન ૬ ના જવાબો અનેક ભાઇઓ તરફથી અમને મલ્યા છે. જેમાં નીચેના લેખકોના જવાબો અમને ઉચિત લાગ્યા છે. જેમનાં નામો આ મુજબ છે–

૧ શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી. ૨ હરખચંદ લ. સાવલા. ૩ રમેશચંદ્ર મણિલાલ ગાંધી વિજાપુર. ૪ રજનીકાંત એફ. વોરા પુનાકેંપ ૫ રમણુલાલ કે. શાહ વાપી.

આ બધા લેખકોના જવાબને અંગે દરેકને રૂા. ૨) કાર્યાલય તરફથી પારિતોષિક પ્રાપ્ત થાય છે. તેઓએ પોત–પોતાનું ઇનામ મંગાવી લેવું.

અમારા પર નવી મુંઝવણુ આવી છે. તે આ સાથે રજૂ કરી છે. જેઓના તરફથી જવાબો આવ્યા છે. તેમાંના શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદીનો જવાબ અહિં રજૂ કર્યો છે. નવી મૂંઝવણુનો ઉકેલ સહુ કોઇ અમને મોકલાવી આપે !

એ શું કરે ? (૫) નો જવાબ, રંજન બ્હેને શું કરવું જોઇએ ! નો જે અમને મલ્યો છે. તેમાં નીચેના લેખકોને કાર્યાલય તરફથી રૂા. ૨)નું ઇનામ પ્રત્યેકને પ્રાપ્ત થાય છે. તો તેઓ પત્ર લખી મંગાવી લે !

૧ રજનીકાંત ફતેચંદ વોરા પુનાલશ્કર. ૨ રમણિકલાલ કે. શાહ વાપી. ~~૩ રમેશચંદ્ર~~ ઠાકોરલાલ ખંભાત. ૪ પ્રાણજીવન રતનશી–ગોરેગામ.

### એ શું કરે ? (૬) નો જવાબ;

#### ધનેશે શું કરવું જોઇએ ?

આ પ્રશ્નનો ઉકેલ આવી રીતે થઇ શકે છે, પહેલાં તો અત્યારે મોટો પ્રશ્ન સુંદરલાલની નોકરીનો છે. તેથી ધનેશે સુંદરલાલને બચાવવાનો માર્ગ લેવો પડે. કારણ કે, સુંદરલાલની નોકરી ધનેશની ગેરહાજરીથી જરૂર જવાની છે. એવો ભય ૧૦૦ ટકા છે. તેથી ઘરડા, ગરીબ અને પ્રેમાળ, તેમાંય તન–મનથી વિદ્યા શીખવનાર ઉપકારી ગુરુ છે. વળી તેમાંય તેઓ તદ્દન ઘોર અન્યાયનો ભોગ બની રહ્યા છે. તેથી માણસાઇની રીતે અને ઉપકારી ગુરુ હોવાના કારણે કૃતજ્ઞતા બતાવીને મેળાવડામાં જ જવું જોઇએ.

બીજી બાજુએ આજીવિકાનો પ્રશ્ન છે. તેને હલ કરવા માટે નમ્રતા અને વિવેકથી ભાભીને સાચી પરિસ્થિતિ સમજાવીને તેમના હૃદયમાં પણ સુંદરલાલ માટે અનહદ માન ઉત્પન્ન થાય તેવી પરિસ્થિતિ પેદા કરીને ધનેશના ભાઇને કાગળ પહોંચાડવા જવા માટે ભાભીને વિનંતિ કરવી જોઇએ. જેથી સમજુ ને ડાહી ભાભી હશે તો તે કામ કરવાનું તેઓ રાજી ખુશીથી સ્વીકારશે અને ધનેશે પણ ભાભીને જવા માટે ઘોડાગાડી અથવા ઓટોરીક્ષાની સગવડ કરી આપવાની તત્પરતા બતાવવી પડશે. આવા નમ્રતા અને વિનયી વર્તનથી ધનેશની ભાભી, સુંદરલાલની નોકરી જતી અટકાવવામાં સહાયભૂત થશે.

હવે વિકલ્પની ખાતર માની લઇએ કે, ધનેશની ભાભી બીલકુલ નપાવટ છે. અને તેઓ જવા ખુશી નથી. તો ભાઇને તેમના ભાગ્ય ઉપર છોડીને પણ ધનેશે સુંદરલાલને બચાવવા જ જોઇએ. વળી ભાઇને તો નોકરી માટે આમંત્રણ મળ્યું હોવા છતાં નોકરી મળશે જ એવી ખાત્રી આપી શકાય નહિ. જ્યારે સુંદરલાલની નોકરી ધનેશની ગેરહાજરીથી જરૂર જવાની છે. આ કારણે પણ ધનેશે મેળાવડામાં જ જવું જાઇએ.

દા. ત. એક માણસ મરવાની તૈયારીમાં હોય અને બીજો માણુસ હમણાં જ માંદો પડયો હોય તો મૂળ ફરજ તો એ છે કે, બંન્નેની દવા લાવવી જોઇએ. એમ છતાં કોઇ કારણુસર ઉભયની દવા સાથે ન લાવી શકાય તેમ હોય તો મરવા પડેલા માણુસ માટે દવાનો બંદોબસ્ત સહુ પ્રથમ કરવો જોઇએ. એજ રીતે અહીં પણ સુંદરલાલને બચાવવાનો પ્રયત્ન સહુ પ્રથમ કરવો આવશ્યક છે.

હવે ધારો કે ધનેશ મેળાવડામાં જાય, અને ભાભી ધનેશના ભાઇને કાગળ પહોંચાડવા ન જાય, આથી

ધનેશના ભાઇને નોકરી મળવાની તક જવાથી, ભાભી ટુંકી બુધ્ધિની હોવાથી ધનેશની વિરુદ્ધમાં ઉશ્કેરણી કરે એ સ્વાભાવિક છે. એમાં ભાઇ પણ જો એમના વિચાર સાથે સંમત થાય, તો સંભવ છે કે ધનેશને ઘર છોડવાનો પ્રસંગ પણ ઉપસ્થિત થાય.

જો ખરેખર આમ બને તો, તે પ્રસંગને હર્ષ-પૂર્વક વધાવી લેવાની ત્રેવડ ધનેશમાં હોવી જોઇએ. આ રીતે "સાપ મરે નહિ ને લાઠી તૂટે નહિ" એવો માર્ગ અખત્યાર કરવો જોઇએ. ને જો એમ ન બની શકે તો "સ્વાર્થના ભોગે પણ પરમાર્થ સાધવો" એવી ધનેશને મારી સલાહ છે.

ત્રિવેદી કાંતિલાલ મોહનલાલ
અમદાવાદ.

## (૭) એ શું કરે?

રમેશ બ્રાહ્મણ જ્ઞાતિના પૈસાદાર બેરીસ્ટરનો એકનો એક પુત્ર છે. માતા-પિતા આધુનિક જમાના પ્રમાણે સુધરેલાં છે. રમેશ બાળપણથી સંસ્કારી અને સુશીલ હતો, તે પોતાના જૈન-મિત્રો સંગાથે જિનમંદિરે દર્શન કરવા જતો. અને વારંવાર સાધુ મુનિરાજોના સમાગમથી અને ઉપદેશથી જિનમંદિરે અને મુનિ—મહારાજાઓનાં દર્શને જવા લાગ્યો, અને પછી તો પાઠશાળામાં જૈનધર્મનો અભ્યાસ કરવા માટે જવા લાગ્યો. તેણે થોડા વખતમાં તો બે પ્રતિક્રમણ પૂરા કર્યાં. જેમ જેમ તે જૈનધર્મનો અભ્યાસ કરતો ગયો તેમ તેમ તેનો જૈનધર્મ પર વધુ ને વધુ ગાઢ પ્રેમ બનતો ગયો. એક વખત તે દેરાસરમાં જતો હતો, તે વખતે તેના પાડોશી કુંદનલાલે તેને દેરાસરમાં જતાં જોયો, અને ઘેર આવીને કુંદનલાલે તેના માત-પિતાને આ વાત કરી, આ વાત સાંભળી તેનાં માતા-પિતા રમેશ પર બહુ ગુસ્સે થયાં. જ્યારે રમેશ ઘરે આવ્યો ત્યારે તેની બાએ એને કહ્યું કે, આપણો ધર્મ છોડી બીજાનો ધર્મ શા માટે પાળે છે? અને ધમકી આપતાં કહ્યું કે, 'ખબરદાર! જો જૈન-મંદિરમાં ગયો તો ઘરમાંથી કાઢી મૂકીશ. અને પૂછ્યા વગર બ્હાર જવાનું નહિ' રમેશને બહાર જવાની મનાઇ થઇ, રમેશ જૈનમંદિરમાં જાય તે માટે તેઓ વિરુદ્ધ છે. આવી પરિસ્થિતિમાં રમેશે શું કરવું જોઇએ. ?

શ્રી કિર્તિકુમાર લા. ઝવેરી
મુંબઇ.

---


**જૈનમંદિર ઉપયોગી કારીગરીવાળાં ઉપકરણો**

ચાંદી અને જરમન સીલ્વરનાં પતરાં જડીત રથ, સિંહાસન, સમવસરણ, બાજોઠ, ભંડાર, પાલખી, સ્વપ્નાં, વિગેરે તમામ પ્રકારનાં ઉપકરણ બનાવનાર.

: : પ્રખ્યાત શિલ્પીઓ : :

**મીસ્ત્રી ચીમનલાલ અંબાલાલની કું.**

હીરાબાગ, ખત્તરગલી, સી. પી. ટેન્કઃ મુંબઈ-૪.

સમેતશીખર વગેરેની યાત્રાએ જતાં આ પુસ્તકને સાથે રાખો.

**સમેતશીખર યાને જૈન—તીર્થભૂમિઓ**

[ ચિત્રોના આલ્બમ સાથે : કિંમત રૂા. ૨-૦-૦ ]

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઠે. હેરીસ રોડ, ભાવનગર.

# મનુ........અને........કનુ

'મનુભાઈ! શું વાંચી રહ્યા છો?'

'કનુભાઇ! ટપાલ આવી છે તે વાંચું છું.'

'પણ આ છાપું કયું છે.?'

'એ આપણા જૈન—સમાજનું અગ્રગણ્ય અને સંસ્કારપોષક માસિક છે.'

'એવું વળી કયું માસિક પ્રગટ થાય છે?'

'લ્યો, વાંચો આ 'કલ્યાણ' માસિક.'

'ઓહ્! હો!! આ તો સુંદર છે, એના રૂપરંગ અને દળદાર માસિક જોતાં કોઈ સારૂં નીકળતું લાગે છે.'!

'હા, જરૂર, તમારે પણ ગ્રાહક થવા જેવું છે.'

'શું લવાજમ છે?'

'લવાજમ તો વિવિધ રસ સામગ્રી અને ૬૦૦ પાનાના હિસાબે ઘણું ઓછું છે. વાર્ષિક લવાજમ રૂા. પાંચ મોકલો એટલે ઘેર બેઠાં તમને માસિક વાંચવા મળશે.'

'ત્યારે તો અમને પણ મળે એવી વ્યવસ્થા કરો!'

'લ્યો એક કાર્ડ અને હું લખાવું સીરનામું.'

**કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા.**

'બસ, આટલું જ સીરનામું.?'

'હા, પણ તમે મંગાવી બરાબર વાંચજો અને બીજાને વાંચવાની ભલામણ કરજો.'

'જરૂરથી.'

મનુભાઈ, 'કલ્યાણ'ના ગ્રાહક થવા માટે ટપાલમાં કાગળ નાંખવા જાય છે.

# જ્ઞાન ગોચરી

## પોતે પોતાના વૈદ્ય બનવું જોઇએ.

પરદેશથી લગભગ ૧૨ કરોડ રૂપિયાની દવાઓ આજે આપણા દેશમાં આવે છે. આ ઉપરાંત દેશની અંદરનાં દવાનાં કારખાનાંઓ પણ લગભગ એટલી જ કિંમતની દવાઓ બજારમાં લાવતાં હશે-કદાચ એથી વધારે કિંમતની દવાઓ પણ આવતી હોય. હજી વધારે દવાઓ બનાવવા માટેનાં નવાં કારખાનાં નખાતાં જાય છે. એ કારખાનાંઓ પાછળ દેશની કરોડો રૂપિયાની મૂડી રોકાએલી છે.

દવા આજે આપણા જીવનની અનિવાર્ય જરૂરિયાત મનાઇ છે, અને એ જરૂરિયાત તો હજી દહાડે-દિવસે વધતી જ જાય છે. નવી દવા નીકળે છે, એક રોગ દબાય છે ત્યાં બીજો રોગ ઉભો થાય છે. દેશમાં વધતી જતી જાગ્રતિ અને કેળવણી પણ સૌને દવાવાદ તરફ ધકેલ્યે જાય છે.

આ દવાઓની સંપૂર્ણ વૈજ્ઞાનિક બનાવટો એટલી જટિલ થઇ પડી છે કે, એના ઉત્પાદન માટે વિશિષ્ટ પ્રકારનાં કારખાનાં, ઉચ્ચ તાલીમ લીધેલા તદ્વિદો, અનેક પ્રકારનાં રસાયણો વગેરેની જરૂર પડે છે. અને છતાંય થોડાક સમય પહેલાં 'રીડર્સ ડાઇજેસ્ટ' નામના અંગ્રેજી માસિકમાં એક લેખ આવેલો. એ મુજબ અમેરિકા જેવા દેશમાં પણ કેટલીય એવી દવાઓ તૈયાર થાય છે, જે રોગને મટાડવામાં નકામી હોય છે, એટલું જ નહિ પણ નુકસાનકારક હોય છે. એવી દવાઓ દેશમાં વાપરવા માટે નકામી ઠરાવાય છે. છતાં ત્યાંના કુશળ વેપારીઓ પરદેશમાં ધકેલવા માટે પ્રમાણપત્ર મેળવી લઇ શકે છે. આવી દવાઓનું સૌથી મોટું બજાર એશિયાના પછાત દેશો છે.

આપણા દેશમાં દવાનાં કારખાનાંઓ અંગે હમણાં જ પૂર્વના દેશોના વેપારીમંડળે ફરિયાદ કરેલી કે, પરદેશી દવાઓની આયાત ઘટી છે ત્યારથી ભાવ વધારવાનો લાભ લેવા માટે દવાઓમાં ભેળસેળ કરવાનો નાપાક ધંધો મોટા પ્રમાણમાં વધી ગયો છે. જુદી જુદી પ્રયોગશાળાઓએ કારખાનાંઓમાંથી તૈયાર થઇને બજારમાં વેચવા કાઢેલા માલના નમૂના તપાસ્યા હતા. એ ઉપરથી જણાયું હતું કે, સેંકડે ૩૯ થી ૪૬ ટકા એટલી દવાઓ નક્કી કરેલા ધોરણ કરતાંય નીચી કક્ષાની હતી. ક્ષયને રોકવા માટે બી. સી. જી. નામની રસી અપાય છે, તે તૈયાર કરવામાં એવી મુશ્કેલી છે કે, કાં તો એને અપાતી ગરમી વધી જાય છે અથવા ઓછી પડે છે. ચોક્કસ પ્રમાણ જાળવવું અત્યંત મુશ્કેલ પડે છે. છતાં રસી તો મોટા જથ્થામાં બહાર ધકેલાઇ રહી છે, અને લાખો માણસો માટે વપરાઇ પણ રહી છે.

આ બધું વૈજ્ઞાનિક દવાઓને નામે ચાલે છે. આધુનિક વૈદકશાસ્ત્રોમાં દાક્તરોએ તો ફક્ત રોગની પરીક્ષા કરીને દવાઓ લખી આપવાનું હોય છે. પોતે દવા બનાવતા નથી, પણ બજારમાં મળતી તૈયાર દવાઓ ઉપર જ આધાર રાખતા હોય છે. દવાઓ બનાવવાનું શાસ્ત્ર જુદું જ છે, અને એટલું આગળ વધેલું છે કે, એ દવાઓમાં કંઇ ગોટાળો હોય તો દાક્તરોને પણ ન સમજાય પછી સામાન્ય માણસો તો સમજી જ ક્યાંથી શકે?

દવાઓ સાવ સાચી રીતે બનાવેલી હોય તો પણ એ વાપરતાં પૂરી કાળજી રાખવી પડે છે; કારણકે એલોપથિક દવાઓ વનસ્પતિજન્ય કે પ્રાણીજ દ્રવ્યોમાંથી છૂટાં પાડેલાં તત્ત્વોમાંથી કે નિરિન્દ્રિય અથવા સેન્દ્રિય રાસાયણિક તત્ત્વોમાંથી બનાવેલી હોય છે, અથવા પેનિસિલિનની જેમ વિશિષ્ટ ક્રિયાઓ દ્વારા તૈયાર કરવામાં આવી હોય છે, એટલે એનું પ્રમાણ નક્કી કરવામાં ખાસ કાળજી રાખવી પડે છે. વળી આજે તો એ દવાઓ મોટે ભાગે ઇંજેકશન દ્વારા સીધી લોહીમાં દાખલ કરવાની હોય છે. આથી પચ-

નેન્દ્રિયની જે કુદરતી ગળણી શરીરમાં છે, એનું રક્ષણ પણ મળતું નથી. દવા ખોટી રીતે અપાય તો એનું નુકસાન જે થવાનું હોય તે થઇ જાય પછી જ ખબર પડે છે.

ત્યારે, જો દવાઓ જ મૂળમાંથી ખોટી હોય અથવા હલકી કક્ષાની અથવા જૂની થવાને કારણે બગડી ગઇ હોય તો તો એ કેટલું બધું નુકસાન કરે?

આપણા દેશમાં તો બીજી મુસ્કેલી પણ છે. આધુનિક દવાઓ વાપરતાં પહેલાં ચોક્કસ નિદાન થવું જ જોઇએ, નહિતર બિનજરૂરી વપરાશ થવાથી શરીરમાં જઇને તે નુકસાન કરે છે. એલોપથિક પદ્ધતિમાં રોગનું મૂળ મોટે ભાગે જંતુઓ હોય છે, અને રોગની પરીક્ષા કરવા માટે મળ, મૂત્ર, થૂંક, લોહી વગેરે તપાસીને જંતુઓ કયાં છે એનો નિર્ણય કરવો પડે છે. વળી આ પદ્ધતિ રોગને આખા શરીરનો ગણવાને બદલે મોટે ભાગે જ્યાં વિશેષ દર્દ હોય એ અંગનો જ રોગ ગણે છે એટલે રોગના સ્થાનની પરીક્ષા કરવા માટે 'એક્સ-કિરણ' વગેરેની જરૂર પડે છે. લોહીનું દબાણ, હૃદયની ગતિ વગેરે તપાસવા માટે પણ વિશિષ્ટ યંત્રોની જરૂર પડે છે. આવાં સાધન- સગવડોવાળાં દવાખાનાં આપણા દેશમાં કેટલાં? અને એનો ઉપયોગ કરી શકે એવી તાલીમવાળા દાક્તરો કેટલા? આજે તો મોટે ભાગે અટકળે કામ ચાલે છે, અને જ્યાં રજિસ્ટ્રેશનનો કાયદો નથી ત્યાં તો કંપાઉન્ડરો અથવા તો એવા વૈદ્યો પણ આધુનિક દવાઓ અને ઇન્જેકશનોનો છૂટથી ઉપયોગ કરે છે. દાકતરો કરતાં આ લોકો સસ્તા પડતા હોવાથી મધ્યમ વર્ગ અને ગરીબો મોટે ભાગે એમના હાથમાં જ પડે છે.

આમ, જલદી સાજા થવાની આપણી દોડ, દેશને આર્થિક રીતે તો પાયમાલ કરે છે, પણ સાથે સાથે આપણા આરોગ્યને તોડી નાખે છે. રોગપરીક્ષા અને રોગનિવારણ બન્ને અત્યંત ખર્ચાળ અને મોટા ભાગને અલભ્ય હોવાથી દાકતરો અને સરકારી આરોગ્યતંત્ર પણ મોટે ભાગે તો સમાજના ઉપલા વર્ગની સેવામાં વપરાય છે.

સાજા રાખે અને રોગ પણ મટાડે એવી પ્રચંડ કુદરતી શકિતઓ—સૂર્ય, પાણી, પૃથ્વી અને હવા આપણે ત્યાં છે. એથીય વધારેની જરૂર પડે તો વનૌષધિઓ પણ આપણે આંગણે વેરાયેલી છે. એના ઉપયોગનું જ્ઞાન પણ આપણને વારસામાં પરંપરાગત રીતે મળ્યું છે અને રોગ સમજવાની પદ્ધતિ પણ અત્યંત સરળ છતાં પૂરેપૂરી કાર્યક્ષમ છે. દરેક માણસ પોતાનો વૈદ્ય પોતે થઇ શકે છે.

શ્રી બાળકૃષ્ણ વૈદ્ય

★

## જીવો પગી.

**જ્યારે** આપણે ત્યાં કોઇપણ પ્રકરણ ઉભું થાય છે, ત્યારે શરૂઆતમાં તો બધાયને ગરમી આવે છે. અને પછી બધા ઢીલા પડી જાય છે, છતાં 'મીયાં પડયા પણ ટાંગ ઉંચી' જેવું વર્તન બતાવે છે, તે વેળા જીવા પગીની આ કથા યાદ આવ્યા વિના રહેતી નથી.

અમારૂં ગામ નાનું ને ગામમાં જીવો પગી રહે. શંકરને માથે જાણે શેષનાગ બેઠો હોય એવી પાઘડી પહેરે. કેડિયાની બાંયની કડચલી ચડાવે. એવી એ બાંયને આખી લાંબી કરો તો ચાર વાર થાય. કમ્મરે બાંધે ભેટ નકોર પાણકોરાની ને અંદર બે-ચાર જમૈયા આડા-અવળા ભરાવ્યા હોય, ખભે આડા પટા, એક નહિ બે. એમાં કારતૂસના હારડા ભરાવ્યા હોય ને એક હાથમાં બે જોટાળી રફલ રાખે, બીજા હાથમાં હોકો, જણ પણ પૂરો પહોંચતો, એક વાઘ ધરાય એવો.

પગી ડેલીએ બેસે, ત્યાં કાવા-કસૂંબા નીકળે ને વાતો કરે, 'આજ ગામતરે ગયો હતો, મારગમાં બે ડફેર મળ્યા, બે ઠોંટ મારી તે જાય નાઠા.' 'આજ સામે ગામ રાતના જવું હતું, મારગમાં ઓલ્યો ગીગલો મળ્યો, નહિ ઓલ્યો બા'ર નીકળ્યો છે ઇ ને ભેગું એનું લંગર હતું ચાર-પાંચનું, બોકાનીયું બાંધી હતી ને ઘોડે ચડીને આવ્યા હતા, બે-ચાર ભડાકા કર્યા ને થોડું ભેળવ્યું ત્યાં તો બે'ક પડયા હેઠે તે લોથ થઇને જાય ભાગ્યા.'

અને આખા ગામમાં બસ એજ વાત. જીવો

પગી ભારે કાંહાબળિયો માણસ. એ છે તો ગામ ઉભું છે, નહિ તો ક્યારના ડફેર ભેળી ગયા હોત કે બહારવટિયા લૂંટી ગયા હોત.

અમારા ગામમાં મોહનલાલ શેઠ. ધંધે ધાપે અને કુટુંબે જાડા માણસ. આખા મથકમાં એની આબરૂ સારી, એના દિકરાની જાન જૂતવાની. જાન જવાની બાર–તેર ગાઉ જેટલે પગરસ્તે.

'મોટા શેઠની જાડી જાન, એટલે ભેગું જોખમ તો હોય જ ને?' મારગમાં ચોર–ડફેર પણ આંટા–ફેરા કરે. શેઠને થયું કે, પગીને જાનમાં લઇએ તો પછી કચી વાતનો ભો નહિ, પગી ભેગા હોય તો ભાર નહિ કોઇના કે ઢુંકી શકે.'

પગીએ કહ્યું, 'શેઠ જાનમાં આવું, પણ મારી ટેલ જરા આકરી છે ખરી. મને આગવો પાંચ ભાર કસુંબો જોઇએ, બશેર ટીમણુ જોઇએ.

'હવે એમાં તે શું? ગગાની જાન જોડીએ છીએ તો એટલું ભારે પડશે? પગી તમે હો તો અમને હૈયે હરણફડકો નહિ ને?'

'ના, આ જીવો પગી હારે હાલે એટલે તમે તમારે સો મણની તળાઇએ સૂતા સૂતા જાઓને. આ જીવો પગી તમારા હારે હોય એટલે ભગવાનને ખોળે. જંગલમાં રૂપિયા ઉછાળતા જાઓને. આ ઇ પાંતીનો તમને ભો નહિ. હું જીવો પગી હો.'

આમ જીવા પગીને લઇને જાન નીકળી. પગીએ પોતાનું ગાડું સૌથી છેડે રાખ્યું, બેઠાં બેઠાં આખી જાન દેખાય. પગી હોકો પીતા જાય છે, વાતો કરતા જાય છે, જાનૈયા પણ વાતો કરતા જાય છે, કોઇનો ભો નથી, પગી તેમની સાથે છે ને!'

અરધે રસ્તે જાન આવી ત્યાં......

બે ઘોડેસ્વારોએ જાન આંતરી. 'અલ્યા ગાડા છોડો.'

શેઠ દોડતાકને પાછળ ગયા જીવા પગી પાસે.

'પગી ચાલો, ચાલો, બહારવટિયા આવ્યા છે ને ગાડાં છોડાવે છે''

'હા ચાલો, જોઉં તો ખરો, કોણ ગાડાં છોડાવે છે? હું જીવો પગી.

ખભે રફલ ચડાવીને હાથમાં હોકો લઇને પગી આગળ આવ્યા, સહુને ધરપત થઈ કે પગી આવ્યા ખરા.

'અલ્યા આ શો ઉધામો માંડયો છે?' જીવા પગીએ ત્રાડ નાખી, 'આ હું જીવો પગી હો!'

'હવે ગાડાં છોડોને, નહિ તો......'

'લે, નહિ તો શું?' જીવા પગીએ કહ્યું, તેમણે ગાડાવાળાને કહ્યું 'અલ્યા છોડો ગાડાં, જોઇએ છીએ એ કરે છે શું? એક ભડાકે હેઠે પડવાના છે, એને ખબર છે હું જીવો પગી!'

ગાડાં છોડયાં. બહારવટિયાએ બીજી ત્રાડ નાંખી. 'અલ્યા ઉતરો બધા હેઠા'

શેઠે પગીને કહ્યું: પગી આ તો બધાને હેઠાં ઉતારે છે.'

'તે ભલેને ઉતારે. હેઠા ઉતારીને એનાથી થવાનું શું છે? તમ–તમારે ધરપત રાખો, શેઠ! હું જીવો પગી, લોથ ઢળે નહિ એની, તો મને ફટ કહેજો.'

જાનૈયા નીચે ઉતર્યા. 'અલ્યા કાઢી નાખો માલ' બહારવટિયાએ બૂમ પાડી.

'લે હવે રહેવા દે, રહેવા દે, બહુ થયું ને પછી બહુ કરવામાં માલ નથી. આ સીમમાં લોથ ઢળી પડશે ને ધર રહી જાશે છેટું' જીવા પગીએ કહ્યું.

'હવે તું તારે બેસને! અલ્યા, કાઢી નાંખો માલ હોય તે!'

'કાઢી નાખો. જોઇએ તો ખરા એ શું કરે છે? એનાથી શું થવાનું છે? ભલે તે માલ જોઇને આંખો ઠારતા!' જીવો પગી બોલ્યો.

જાનૈયાએ માલ કાઢી નાખ્યો.

શેઠે જીવા પગીને કહ્યું 'પગી, આ તો ફાંટ ભરે છે.'

'હવે ફાંટ ભરે તો ભલેને ભરે. જાવાનો કેટલે! જોવું છું એ જાય છે કેટલે? એ માલ એને ન પચે! જીવો પગી છે, પછી તમતમારે સો મણની તળાઇએ સૂઇ રહોને.'

બહારવટિયાએ ફાંટ બાંધી અને તેઓ પોતાના ઘોડા ઉપર ચડયા.

શેઠે વળી કહ્યું 'પણ પગી, આ તો ઘોડા ઉપર બેઠા.'

'તે ભલેને બેઠા. એનાથી ઘોડા હંકારવાના છે? ભડાકે ભુક્કા ન કરૂં તો મારૂં નામ જીવો પગી નહિ. અમસ્તું તમારૂં રખવાળુ લીધું છે?'

બહારવટિયાઓએ ઘોડા હાંકી મૂકયા. શેઠે કહ્યું પગી, પણ આ તો ચાલ્યા.'

જીવા પગીએ કહ્યું 'હા, માળા હાલ્યા, તે ખરે-ખર હાલ્યા, પણ શેઠ! તમે ખરૂં કહેજો હો, મેં એમને બીવડાવવામાં કાંઇ બાકી રાખી હતી? પણ માળા જરાય બીના જ નહિ હો! ભારે લોંઠકા! કો, એમાં મારો કાંઈ વાંક? જરાય તેઓ બિનાજ નહિ! ડારો દેવામાં મેં બાકી રાખી હોય તો કહેજો મને!'

**શ્રી ગુણવંતરાય આચાર્ય (ચેતમચ્છંદર)**

★

## જાહેર ખબર

**મા**નવજીવન પર અનેક બળો (Forces) અસર કરે છે. માનવીનું જીવન ઘડવામાં અનેક તત્વો એક યા બીજી રીતે જવાબદાર છે. અઢારમી સદીમાં હતાં તેના કરતાં ઓગણીસમી સદીમાં એવાં બળોની સંખ્યા વધી અને વીસમી સદીમાં એવાં બળો એટલી મોટી સંખ્યામાં છે કે તેની યાદી બનાવવી અત્યંત મુશ્કેલ છે. આજનો માનવ એવા અનેક બળોની અસર તળે આવેલું પ્રાણી છે કે તે પોતે જ્ઞાત કે અજ્ઞાતપણે આ બળોથી દોરવાઈ પોતે હોત અગર થઈ શકત એના કરતાં જુદી જ વ્યકિત બને છે.

અને એવું વર્તમાનયુગનું એક મહાન બળ તે જાહેર ખબર છે. મૂડીવાદના ફળરૂપે એ જન્મ્યું છે અને આજે દેશના બલ્કે આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર તે અસર કરી જાય છે. જા. ખ. ની પ્રબળતા અમેરિકાની જનતા પર ખૂબ વિશિષ્ટપણે જોવામાં આવે છે, કારણ કે ત્યાં મુડીવાદ સૌથી વધારે વિકસ્યો છે. દરેક ચીજના ઉત્પાદનના મોટા કારખાના એક-હથ્થુ અંકુશમાં હોય છે. તેનો હિસાબ લાખે લેખાં ગણાય છે. પોતે બનાવેલો માલ સમગ્ર દેશમાં પ્રસરે, એકે એક વ્યકિત પોતાનો જ માલ વાપરે એ રીતે આખી જા. ખ. ની માયાજાળ રચવામાં આવે છે. પોતે બનાવેલા માલની જનતાને જરૂર હોય કે ન હોય, પરંતુ તે લોકો ખરીદે જ એવી મનોવૃત્તિ ઊભી કરવા માટે, એનીટેવ (કે કટેવ) પાડવા માટે ખાસ નિષ્ણાતો રોકવામાં આવે છે. જા. ખ. ના ખાસ નિષ્ણાતોની પેઢીઓ ચાલતી હોય છે, જેને આ ઉત્પાદકો લાખો ડોલરનાં બજેટો સોંપે છે. અમેરિકામાં જા. ખ. ખૂબ જ વ્યાપક અને વિશાલ પાયા પર કરાય છે, એટલું જ નહિ, પરંતુ ત્યાંની અનેક વ્યાપારી પેઢીઓ તો આખી દુનિયાને પોતાનું બજાર બનાવવા મથે છે. અમેરિકામાં જાહેર ખબર કરવામાં સૌથી મોટાં દસ બજેટ ધરાવતી નીચેની પેઢીઓ છેઃ

પ્રોકટર એન્ડ ગેમ્બલ, જનરલ ફુડઝ, લીવર બ્રધર્સ, રેનોલ્ડઝ ટોબેકો, સ્ટર્લિંગ ડ્રગ, જનરલ મિલ્સ, કોકા કોલા, કોલગેટ, પામોલિવ, પ્રિંટ.

યુનાઇટેડ સ્ટેટ્સમાં જા. ખ. અંગેના છેલ્લાં આંકડા મળી શકતા નથી. આ માહિતી અંગે Journalism in U. S. A. પુસ્તકનો આધાર લીધો છે. ૧૯૪૨ ની સાલમાં વાર્ષિક પચીસ હજાર ડોલરનું બજેટ ધરાવતી ૧૪૯૯ કંપનીઓ નોંધાઇ છે. એમાંની એક કંપની તે કોકા કોલા. કોકા કોલા ઘણુંએ હવે તો ભારતમાં યે પગપેસારો કર્યો છે. તેનું જા. ખ. નું બજેટ આંગળાં કરડાવે તેવું ભયંકર છે! ૧૯૪૨ની સાલમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં જ જા. ખ. કરવા માટે તેમણે એક કરોડ ને ચાલીસલાખ ડોલર નિયુકત કર્યા હતા. આપણા દેશના ચલણને હિસાબે ગણીએ તો તેઓ રોજના બે લાખ રૂપિયા જાહેર ખબર પાછળ ખર્ચે છે! અને આ આંકડો તો દસ વર્ષ પહેલાંનો છે! ત્યાર પછી તો કોકા કોલાએ વધારે આબાદી સાધી છે.

આવી મોટી પેઢીઓની જા. ખ. કરવાની ધરખમ નીતિથી, એક વાત કબૂલ કરવી જોઇએ કે, યુનાઇટેડ સ્ટેટ્સનાં વર્તમાનપત્રો ખૂબ મોટો વિકાસ સાધી શકયાં છે. બીજા કોઇ પણ દેશનું પત્રકારત્વ અમેરિ-કાના પત્રકારત્વને પહોંચી શકે તેમ નથી, તેનું સૌથી મોટું કારણ જાહેર ખબર જ છે! પૂર્વોક્ત ગ્રંથમાં જા. ખ. થી વર્તમાનપત્રની આર્થિક સ્થિતિ કેટલી સદ્ધર બને છે તેનું એક દૃષ્ટાંત આપ્યું છે. સને ૧૯૨૯ના

'સેટરડે ઇવનિંગ પોસ્ટ 'ના એક અંકમાં ૨૭૨ મોટા કદનાં પાનાં આપ્યા છે. તેમાં ૬૭૩ કોલમો અથવા ૧૬૮ પાના ભરીને જાહેર ખબરો છે. તે વખતના જા. ખ. ના ભાવે ફક્ત જા. ખ. ની તેની આવક ગણીએ તો એક જ અંકમાંથી જા. ખ. દ્વારા પંદર લાખ એંશી હજાર ડોલરનો વકરો કર્યો હતો ! અને બીજો ફાયદો થાય છે વાંચકને જા. ખ. બાદ કરીએ તો બાકીનું ૧૦૪ પાનાનું ઘીચોઘીચ વાંચન ફક્ત પાંચ સેન્ટમાં એટલે કે અઢી આનામાં યુ. સ્ટે. ના વાંચકને મળ્યું ! આ સમગ્ર પ્રતાપ જા. ખ. સિવાય બીજા કોનો હોઇ શકે ?

અમેરિકામાં મુખ્યત્વે મોટરોની જા. ખ. હોય છે. સામાન્યપણે કોઇ પણ પત્ર જોશો તો તેમાં છેલ્લે પાને અગર અગત્યના પાના પર મોટરની જ જા. ખ. જોવા મળશે. ખાદ્ય પદાર્થોનો બીજો નંબર આવે છે. ત્રીજો નંબર તમાકુ-સિગારેટ, ચોથો પીણાઓ ને પાંચમા નંબરમાં દવાદારૂની ગણતરી થાય છે.

અમેરિકામાં જા. ખ. કરી આપનાર નિષ્ણાતોની મોટી મોટી અનેક પેઢીઓ છે. અને તેમની સલાહ-સૂચના ઉત્પાદકોના વેચાણમાં ખૂબજ મોટી સહાય કરે છે. એક વાર ત્યાંના એક ઉત્પાદકે જામ (મુરબ્બો) બનાવ્યો. તેણે કારખાનું ખૂબ જ મોટા પાયા પર શરૂ કર્યું હતું અને પહેલે જ ધડાકે મોટું ઉત્પાદન કરી પોતાનો માલ બજારમાં મૂકયો. પરંતુ તેની બનાવટમાં જરાક વાંધો પડયો. સામાન્ય રીતે જામ પીળા રંગનો બજારમાં મળતો. લોકો પણ પીળા રંગના જામથી ટેવાયલા, પણ આ જામ તો સફેદ હતો ! એટલે તેના વેચાણ પર બહુ જ ખરાબ અસર થઈ. આ ભૂલ સુધારી લેવી એ લગભગ અશક્ય જ હતું. તે ગભરાયો. આખરે તે એક જા. ખ. ના નિષ્ણાતને શરણે ગયો. જા. ખ.ના નિષ્ણાતે ખૂબ વિચાર કર્યો અને દરેક ડબ્બા પર ફક્ત એક જ વાકય છપાવવાની સૂચના આપી. અને એ એક જ વાકયે જામના વેચાણની પરિસ્થિતિ તદ્દન ઉલટાવી નાંખી ! તેણે ડબ્બા પર છપાવવા માટે જે વાકય સૂચવેલું તે આ હતું. " આ જામ ડબ્બામાં પેક કર્યો હોવા છતાં પીળો પડી જતો નથી." આ વાકયે બીજા ઉત્પાદકોના જામની કિંમત ઓછી કરી નાખી અને આ નવા ઉત્પાદકને સમૃદ્ધ કર્યો.

બિસ્કીટ બનાવનારો એક નવો ઉત્પાદક પોતાનો માલ લઇને બજારમાં આવ્યો. અને તેની ઇચ્છા એવો કંઇક ધડાકો કરવાની હતી કે, જેથી સમગ્ર જનતાનું તેના તરફ લક્ષ દોરાય. તેણે પોતે ઘણી ગડમથલ કરી પરંતુ એકે ય યોજના શોધી શકયો નહિ. આખરે તે જા. ખ.ના નિષ્ણાતને શરણે ગયો. તેણે એક એવી યોજના બતાવી જેથી તેનાં બિસ્કીટ બજારમાં એકદમ ચાલુ થઇ ગયાં.

તે સમયે એક નામીચા ડાકુને ફાંસી અપાવાની હતી. જા, ખ.નો નિષ્ણાત આ ડાકુને મળ્યો. ફાંસીને માંચડે ચડે ત્યારે તેની છેલ્લી શી ઇચ્છા છે એમ હરહંમેશ સત્તાવાળાઓ તરફથી પૂછાતું હોય છે તેમ તેને પૂછે તો ફલાણી કંપનીનાં જ બિસ્કીટ ખાવાની છેલ્લી ઇચ્છા છે એમ કહેવા સમજાવ્યો. અને તેમ કહે તો તેની વિધવા માટે સારી રકમ આપવાની લાલચ આપી. ડાકુ તૈયાર થયો અને ફાંસીને દિવસે તેણે આ મુજબ પોતાની છેલ્લી ઇચ્છા વ્યક્ત કરી. આ સમાચારને જા. ખ. માં કલાત્મક રીતે વણી લઇ પૂરપાટ જાહેરાત કરી. તેની સફળતા પણ સારી મળી એ કહેવાની જરૂરીયાત રહે છે ખરી ?

જા. ખ. એક કલા છે તે ઉપરાંત એક મહાન દૂષણ છે. અગાઉ કહી ગયા તેમ તે લોકોને વણમાગી ટેવ પાડે છે. ન જોઇતી અને બિનજરૂરીયાતવાળી અનેક ચીજો લોકોને માથે ઠોકવામાં આવે છે. લોકો અજ્ઞાનપણે તેનો ઉપભોગ કરે છે. પરિણામે જીવન અતિશય ખર્ચાળ બને છે અને તેની પકડમાંથી છૂટી શકાતું જ નથી.

બીજું દરેક નવા ઉત્પાદકે પોતાનો માલ અમુક વિશિષ્ટતાવાળો છે એમ સાબીત કરવું પડે છે. તેમ ન કરે તો જનતા તેના માલને આવકારે એવું કોઇ કારણ રહેતું નથી, આથી જાહેર-ખબરમાં પુષ્કળ જુઠાણું ચાલે છે ! એનો એક દાખલો ટાંકું. સીગારેટ ગળા છાતીને નુકશાન કર્તા છે. પરંતુ અમુક ઉત્પાદકો પોતાની સીગારેટ ચોક્કસ પ્રકારના તમાકુના વપરાશને કારણે ગળાને નુકસાન કરતી નથી એવી રીતે જાહેર ખબર

કરે છે. એ માટે દાક્તરોના અભિપ્રાયોનાં ટાંચણ વપરાય છે. આમ સારી યે જનતાના સ્વાસ્થ્ય સાથે છેતરપીંડી રમે છે. એ અંગે અમેરિકાના વિશ્વવિખ્યાત સામાયિક 'રીડર્સ ડાઇજેસ્ટે' પાંચ સ્વાસ્થ્યનિષ્ણાતોની એક સમિતિ સંશોધન માટે બેસાડી. અનેક પ્રયોગો બાદ નક્કી થયું કે, ગમે તેટલી સારી તમાકુવાળી સીગારેટ અને તદ્દન ખરાબ તમાકુવાળી સીગારેટ બંને વચ્ચે ગળાને નુકસાન કરવાની શક્તિમાં ફક્ત પાંચજ ટકાનો ફેર રહેલો છે! તે જ મુજબ ટુથ પેઇસ્ટ પર સંશોધન કરવા માટે એ જ પત્રે સમિતિ બેસાડેલી ત્યારે જા. ખ. અંગેના તમામ જુઠાણાઓને રદિયો આપ્યો હતો. અને છેવટે મીઠું કે સોડાખાર દાંતને સાફ કરી શકે તેના કરતાં કોઇ પણ વધારાની વિશિષ્ટતા આ ટુથ પેઇસ્ટો ધરાવતાં નથી એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો.

અને ત્રીજું અને સૌથી મોટું દૂષણ નાના ધંધાને મારી નાંખવાનો એ ગુણ ધરાવે છે એ છે. જે પેઢી જા.ખ. પાછળ સૌથી વધારે નાણું ખર્ચી શકે તે લોકોને આકર્ષી શકે, લોકોમાં એવો ભ્રમ ઉત્પન્ન કરી શકે કે બીજા માલ કરતાં તેનો માલ શ્રેષ્ઠ છે. તેથી બીજા નાના ઉત્પાદકો જા. ખ. પાછળ ખૂબ જ નાણું ખર્ચવાની શક્યતા ન ધરાવતા હોઈ તેમને ખૂબ જ સહન કરવું પડે છે. તેમનો માલ ગમે તેટલો સારો હોવા છતાં તેઓ સફળતા મેળવી શકતા નથી, કારણ કે તેઓ જા. ખ. કરવામાં તેમનાથી મોટા ઉત્પાદકોને પહોંચી શકતા નથી. કોકા કોલાએ આ દેશમાં પગપેસારો કર્યો ત્યારે શ્રી. કીશોરલાલ મશરૂવાળાએ લાલ બત્તી ધરતાં દેશનાં બીજાં પીણાં બનાવનારા નાના નાના ધંધાઓ પર કેવી અસર થશે તેનો ભય બતાવ્યો હતો. કોકા કોલાની જાલીમ જા. ખ. નીતિને કારણે લોકોમાં એ પીણાનો પ્રચાર વધતો જશે અને તેના પરિણામે આપણા દેશના એ જ ક્ષેત્રમાં પડેલા વ્યવસાયીઓને ખૂબ સહન કરવાનું રહેશે.

**(નવચેતન) અનુ. શ્રી વનરાજ માળવી.**


## નૂતન પ્રકાશનો આજેજ મંગાવો!

સ્વ. આ. શ્રી **સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજનાં આચારાંગ સૂત્ર, ષોડશક પ્રકરણ, અને સ્થાનાંગ સૂત્ર આદિનાં વ્યાખ્યાનો તેમજ વ્યા. વા. આ. શ્રી **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજનાં જાહેરપ્રવચનો આધ્યાત્મિક લેખો એટલે-

૧ **સુખે જીવવાની કળા.** [વ્યાખ્યાનો અને જાહેર પ્રવચનો] ૧-૮-૦

૨ **ઢંઢેરો અથવા ગુરુમંત્ર** [આચારાંગ અને ષોડશકનાં વ્યાખ્યાનો.] ૩-૦-૦

૩ **મહાવ્રતો અને આધ્યાત્મિક લેખમાળા.** [સ્થાનાંગસૂત્રનાં વ્યાખ્યાનો અને લેખો.] ૬-૦-૦

—: લખો :—

**શાહ રતનચંદ શંકરલાલ**
ઠે. ભવાની પેંઠ **પુના-૨.**

**સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

## દહેરાસરો માટે સ્પેશીયલ અગરબત્તી

દહેરાસરો, મંદિરો અને ધાર્મિક સ્થળોમાં જેની સુવાસ જુદીજ તરી આવે છે, તે ઉમદા અને કિંમતી પદાર્થોમાંથી બનાવેલી.

# દિવ્ય અગરબત્તી

ઘણુંજ સુંદર વાતાવરણ સર્જે છે, આપ પવિત્ર અને સુવાસિત અગરબત્તી મંગાવી ખાત્રી કરો! અમારી બીજી સ્પેસીયાલીસ્ટો.

**દિવ્યસેન્ટ, કાશ્મીરી, શાંત, ભારતમાતા**

નમુના માટે લખો.

**ધી નડીઆદ અગરબત્તી વર્ક્સ**
ઠે. સ્ટેશનરોડ, **નડીઆદ.**

સોલ એજન્ટ.
**શાહ નાગરદાસ ખેતસીદાસ**
ઠે. અમદાવાદી બજાર, **નડીઆદ.**

# અ ✻ મી ✻ ઝ ✻ ર ✻ ણાં.

## પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

**અ**નાદિ કાળથી અનંતા કાળ સુધી સદૈવ દીક્ષા જ દીક્ષા છે. કદાચ કોઇ પાપી દીક્ષાને ઢાંકવા માગે, તોય નહિ ઢંકાય.

**જો** છાબડાથી સૂર્ય ઢંકાય તો જિનાગમમાં દીક્ષા ઢંકાય.

**જિ**નાગમમાં તો દીક્ષાની નોબતો વાગે છે. દીક્ષાની નોબતો દીક્ષાના જાપ, અને દીક્ષાથી જ તમામ શાસ્ત્રો ભર્યાં છે.

**સમ્યક્ત્વ**, તથા વિરતિ સારાં કહેવાં હોય તો મિથ્યાત્વ તથા અવિરતિને ખોટાં કહેવાં પડશે.

**ભોગ**ના ત્યાગની ભાવના અને તાકાત એજ માનવ-જીવનની મહત્તા.

**ધર્મ**ના પ્રભાવે એકવાર સ્વર્ગ માગે તો મલી પણ જાય, પરંતુ સંસારમાં રૂલી જવાય. મોક્ષની ઇચ્છાએ આરાધતાં કુદરતી રીતે સ્વર્ગાદિ મળે તો ભલે, પણ માગ્યું તો મૂળ ગયું.

**ભગવાન** શ્રી જિનેશ્વરદેવે કર્યું તે કરવું એમ નહિ પણ કહ્યું તે કરવું એમાં ધર્મ. એમણે કરેલું તો એજ કરે અગર એમના જેવા જ કરે.

**ધર્મ** એ જિનેશ્વરદેવનું જીવન નહિ પણ તેમની આજ્ઞા. માટે આજ્ઞા મુજબ ચાલવું એજ ધર્મ.

**જગતમાં** સાચો સેવક તેજ કહેવાય કે જેને સેવ્યની આજ્ઞા એજ શિરસાવંદ્ય.

**મા**-બાપ એ સંતાનના શરીરના પાલક અને પોષક છતાં પણ એ માબાપ શરીરના અધિષ્ઠાતા આત્માને ન ભૂલે.

**મા**-બાપની શરીર ઉપર સત્તા જરૂર. શરીર ઉપર માબાપનો અખંડ ઉપકાર. મા-બાપનો ઉપકાર દુષ્પ્રતિકાર છે. એનો ઉપકાર વાળવા દીકરાએ ઘણું કરવું જોઇએ. એ ફરજ મરતાં સુધીએ વિસરવી જોઇએ નહિ. પોતે સન્માર્ગમાં સ્થિર થાય અને માબાપને એ માર્ગે યોજે.

**શાસનના** રક્ષણમાં આવતી અશાંતિ એ તો પરમશાંતિ છે,

**શાસનના** રાગી તે અમારા રાગી અને શાસનના વિરોધી તે અમારા વિરોધી.

દુનિયાના રાગ-રંગને, દુનિયાની મોજમજાને જ્ઞાની એકાંતે દુઃખની ખાણ કહે છે.

**મને** વિશ્વાસ છે કે, શ્રી જિનેશ્વરદેવનો ત્યાગમાર્ગ ઉત્તમ આત્માને ખટકે નહિ.

**આ** ભવ-સંસાર ભયંકર છે. ત્યારે દુનિયાના જીવોને ધર્મ ભયંકર દેખાય છે. દુનિયાની સામગ્રી દેખીતી મીઠી અને પરિણામે કડવી છે. એટલે સંયમપર એકદમ રાગ થાય એ બનવું અશક્ય છે.

**પડવાની** બીકે નહિ ચઢનારા કરતાં ચઢીને પડેલો કોઇ ગુણ ઉંચો છે, પડવાની બીકે નહિ ચઢેલાની સ્થિતિ નિયત નથી, જ્યારે ચઢીને પડેલાની સ્થિતિ નિયત છે.

**કોઇ** પડે એમાં નવાઇ નથી. ચઢે એમાં નવાઇ છે. પડનારના દૃષ્ટાંતો આગળ ન કરાય. પડે એમાં આશ્ચર્ય નહિ, ચઢેલ ચઢી જાય એ આશ્ચર્ય.

**કર્મસ્થિતિ** ભયંકર, પણ એને આધીન થવાતું નથી, પુરુષાર્થને પ્રધાનપદ આપવાનું છે. પુરુષાર્થનો ઉપયોગ કર્મને કાઢવામાં કરવાનો છે. પણ ભેળાં કરવામાં કરવાનો નથી.

**સમ્યગ્દૃષ્ટિ** આત્મા માટે પ્રધાનતા પુરુષાર્થની.

**અશુભ**ના ઉદય કરતાં શુભનો ઉદય ભયંકર છે.

**આત્માને** પૂછો કે, તમારી કાલની ખામી આજે પૂરાણી કે વધી ?.

**ધર્મી** પાસે અધર્મીને આવતાં વાંધો નહિ, પણ ધર્મના વિરોધિને આવતાં ગભરાટ થાય. ધર્મી કોઇ નિર્દય નથી પણ એની આંખોમાં એ તાકાત છે.

**વિધિ**નું કારસ્થાન એવું છે કે, સરખે સરખાને યોગ કરે છે.

**દુનિયાના** અયોગ્ય વ્યવહારને શાસન સાથે કાંઇ લાગતુ-વળગતું નથી. ધર્મશુદ્ધિ ત્યાં વ્યવહારશુદ્ધિ છે.

**તમે** જ્ઞાનીઓની આજ્ઞા મુજબ ત્રિકાળ જિન-પૂજન કરો. ઉભયકાળ આવશ્યક એટલે કે કરેલાં પાપોના પશ્ચાત્તાપ આદિની ક્રિયા કરો, નિરંતર વ્યાખ્યાન શ્રવણ કરો, તો ભૂખે મરો એમ હું માનતો નથી.

**તમારો** આત્મા ધર્મના સ્વરૂપને સમજે તો ધર્મનો મર્મ તમારા હાથમાં આવી જાય તો દુનિયાનો વ્યવહાર તમારા ધર્મને બાધ કરે જ નહિ.

જે બળ આત્મધર્મનો નાશ કરે તે પૌદ્ગલિક બળ.

સમ્યગ્દૃષ્ટિ આત્મા આત્મસાધના માટે ખરચાતા બળની પ્રસંશા કરે.

બળવાન આત્માના ગુણને પણ જડનો ભયંકર યોગ ભૂલાવી દે છે.

અશુભના ઉદયમાં ખરાબ સંયોગો ઉભા થાય ને શુભના ઉદયમાં સારા સંયોગો ઉભા થાય, પણ એ ઉદયને આધીન ન થઇએ. તો સુખ-પૂર્વક આત્મકલ્યાણ સાધી શકાય.

જાગૃત આત્મા આગળ કર્મસત્તા પણ નિર્બળ થઇ જાય છે.

ઘણાએ ગરીબો શ્રીમંતો કરતાં સુખી હોય છે પણ વ્યવહારમાં સુખી શ્રીમંત કહેવાય.

નીતિપૂર્વક જે ચીજ કરીએ, પૈસા કમાઇએ. એમાં નીતિની પ્રવૃત્તિ એ ધર્મ, પૈસા એ અધર્મ. સ્યાદ્વાદના નામે ઉંધી વાતો કરવાથી જૈનશાસનનો નાશ થાય છે. સ્યાદ્વાદ એટલે મરજી આવે એમ વર્તવું એમ નથી.

જગતના ભોળા જીવોને ઉંધે માર્ગે દોરનારાઓ દોરી રહ્યા હોય ત્યારે ભોળા જીવોને સન્માર્ગની અંદર સ્થિર કરવામાં મુનિ જો પોતાની શકિતનો ઉપયોગ કરે તો આરાધક અને ન કરે તો વિરાધક.

શ્રી જિનેશ્વરદેવના શાસનની અપભ્રાજના થઇ રહી હોય, ધર્મ અધર્મ તરીકે ઓળખાય, એવી રીતનું ધર્મના વિરોધિઓ મન-માન્યું બોલ્યા કરતાં હોય, તે વખતે છતી-શકિતએ તેનો પ્રતિકાર કરવાનો, એટલે જગતના જીવો ઉન્માર્ગે દોરાઇ ન જાય, તેને માટે પ્રયત્ન ન કરતાં ખોટી શાંતિના પાઠ જપનારા અને જપવાનું કહેનારા શ્રી જિનેશ્વરદેવના શાસનને પામ્યા જ નથી. એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

સાધુ સમતાના સાગર, ધ્યાનમગ્ન અરે કેવલજ્ઞાન નિકટવર્તી હોય છતાં એ શાસનની હાનિ થતી હોય, ધર્મના વિરોધીઓ ધર્મનો ઘાત કરતા હોય તે વખતે મુનિ હૃદયમાં હિતબુદ્ધિને બરાબર જાગૃત રાખી, ધર્મની રક્ષા માટે જે કાંઇ કરવું ઘટે તે કરે, સુધારવા માટે શિક્ષા પણ કરે, તો ય એ આરાધકની કોટિમાં છે. કારણ કે જગતના ભલા માટે સન્માર્ગનાં રક્ષણની જરૂર છે. એવા વખતે પણ સમતાની વાતો કરનારાઓ પોતાનું મુનિપણું, શ્રાવકપણું, યા સમ્યગ્દૃષ્ટિપણું ગુમાવી દે છે.


અલભ્ય અને અપૂર્વ આધ્યાત્મિક ગ્રંથ પ્રગટ થઇ ચૂકયો છે.

શ્રી મુનિસુંદરસૂરિકૃત

# અધ્યાત્મ કલ્પદ્રુમ

ઉપોદ્ઘાત, વિવેચન, અર્થ; ટિપ્પણ અને વિસ્તૃત નોંધ સાથે આ ચતુર્થ આવૃત્તિ
શ્રી મહાવીર જૈન વિદ્યાલયે 'શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા
ગ્રંથાંક ૧' તરીકે બહાર પાડેલ છે.

: વિવેચક :

**સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ [ મૌક્તિક ]**

બી. એ. એલ. એલ. બી. સોલિસિટર.

પાના ૪૮૦ : પાકું કાપડનું બાઇન્ડીંગ

કિંમત પ્રચારાર્થે માત્ર રૂા. ૬-૪-૦ (ટપાલ, રેલ્વેખર્ચ અલગ)

: : પ્રાપ્તિસ્થાન : :

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય:** ગોવાળીઆ ટેંક રોડ. **મુંબઈ-૨૬.**

# આ બધું કોના પાપે ?

શ્રી એન. બી. શાહ

ચાર પાંચ હજાર માણસની વસતિવાળું એ ગામ હતું. પાસેના શહેરના એક ધનપતિને આસપાસના ગામડાઓમાં ટુરીંગ ટોકીઝ (ફરતું સીનેમા) ચલાવીને વધારે ધનવાન થવાનો મનસુબો થયો, અને આજ ગામમાં પહેલવહેલું તે શેઠનું ટુરીંગ ટોકીઝ શરૂ થયું. પ્રેમલા–પ્રેમલીનાં દશ્યો રજુ કરતી અવનવી ફીલ્મો ચાલવા લાગી. આવા પ્રકારની હલકટ ફીલ્મોના દશ્યોથી ગામની ઉગતી પ્રજાના માનસમાં કેવા કુસંસ્કારોનાં બીજ રોપાશે તેની તેના માલીકને કાંઇ પડી ન હતી. એને તો સીનેમાની ટીકીટ-બારી કેવી કમાણી કરાવે છે તેજ જોવાનું હતું, એજ એનું દ્રષ્ટિબિંદુ હતું.

સિનેમાના હલકટ દશ્યોથી પરિણામ એ આવ્યું કે, ગામના યુવાનો, યુવતિઓ અને છોકરાં–છોકરીઓ હવે જાડાં કપડાંને બદલે ચાર દહાડાના ચાંદરણાં જેવાં––ફુંક મારે તો ઉડી જાય તેવાં અને અર્ધું અંગ ઉઘાડું દેખાય તેવાં રંગબેરંગી સાધુચરિત માણસને પણ દેખતાં વિકાર જાગે તેવાં કપડાં પહેરતાં અને શરીરની ટાપટીપ માટે સ્નો અને પફ-પાવડરમાં પૈસાનો દુરુપયોગ કરતાં થઇ ગયાં.

ગામમાં હવે તો સવારના વહેલા ઉઠી શીરામણુ (નાસ્તો) કરી જે ખેડુતવર્ગના યુવાનો ખેતરે જતા હતા, તે સૌ પોર દી ચઢયે (દિવસ ઉગ્યા પછી ત્રણ કલાક વિત્યા બાદ) ઉઠવા લાગ્યા. અને સીનેમા પાસે ખોલેલી હોટલમાં ચા પીધા પછીજ ખેતરે જવાની ટેવવાળા થઇ ગયા. પહેલાં જેઓ ગામમાં રહેલા મંદીરની ઝાલર વાગ્યા પછી વાળુપાણી કરી સૂઇ જતા તેઓ હવે રાતના બારબાર વાગ્યા સુધી તો હોટલ અને સીનેમા આસપાસ ગામ–ગપાટા મારતા જોવાય છે.

સીનેમાદેવીના આગમન પછી ગામમાં દરદો વધી પડ્યાં છે. જે ગામમાં વૈદ્ય કે ડોક્ટરની કોઈક દિવસે જ જરૂર પડતી તેને બદલે હવે તો ગામના એક વૈદ્યથી અને એક ડોક્ટરથી પહોંચાતું નથી. પાસેના શહેરમાંથી અવારનવાર સેવાસમાજના ડોક્ટર તો આવ્યા જ હોય છે, મોટા સરકારી ડોક્ટર પણ ઘણી વખત દેખાય છે.

હવે તો ધીરે ધીરે ગરમીના, સંગ્રહણીના, ક્ષયના, કેન્સર (ગળાનો રોગ) અને ટી.બી. (T. B.) ના જીવલેણ દરદોએ દર્શન દેવા માંડ્યાં છે, એની સાથે ગામમાં ચોરી, વ્યભિચાર, તો એટલાં વધી પડ્યાં છે કે, તેની ચર્ચા કરવા જેવું તો રહ્યું જ નથી.

ગામના યુવાનો અને યુવતિઓ અને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓમાં ધર્મભાવના અને ભગવાનના ભક્તિપ્રેરક ભજનો ગાવાની ધૂન ઘટી ગઈ છે. અને ઈશ્ક (વિલાસ)ના માર્ગે ઘસડી જનારાં સીનેમાનાં ગાયનો ગાતાં થઈ ગયાં છે.

નીતિ, ન્યાય અને પ્રમાણિકતાનાં દર્શન દુર્લભ થયાં. અને ચોરી, લૂંટફાટ, જુગાર, વ્યભિચાર અને ગુંડાગીરીનાં જ્યાં ત્યાં (પાપોનાં) ઘૃણાસ્પદ દશ્યો દ્રષ્ટિપથમાં આવી રહ્યાં છે. ટૂંકામાં કહી દેવામાં આવે તો જાણે ગાંધી બાપુના સ્વતંત્રતાના યુગમાં ગામ પૂન્યને પરવારી બેઠું છે. અને પાપના માર્ગે આગળ ધપી રહ્યું છે. સાક્ષાત્ કલિયુગનાં ડંકા વાગી રહ્યા છે, આ બધું કોના પાપે ?

ગામના ઘરડા માણસો પેલી ઝાકઝમાલ સીનેમા તરફ આંગળી ચીંધી ધીમે ધીમે અવાજે બોલે છે કે, એણેજ આ ગામનું નખ્ખોદ વાળ્યું.

જૈન સમાજમાં એકી અવાજે વખણાયેલી
પાઠયક્રમમાં મંજુર થયેલી, ઇનામ-લાઇબ્રેરીની શોભા બનેલી

# જૈન બાલ ગ્રંથાવલિ

શ્રેણી ૧-૨-૩ [ સુંદર દ્વિરંગી બોક્સમાં ] દરેકની કિં. ૩-૦-૦.

એને અદ્યતન રીતે સંસ્કારી કરનારઃ— **શ્રી જયભિખ્ખુ**

| | | |
|---|---|---|
| ૧ શ્રી રિખવદેવ | ૧ શ્રી મલ્લિનાથ | ૧ શ્રી શાંતિનાથ |
| ૨ શ્રી પાર્શ્વનાથ | ૨ નેમ—રાજુલ | ૨ શ્રી ભદ્રબાહુ સ્વામી |
| ૩ પ્રભુ મહાવીર | ૩ શ્રી ગૌતમસ્વામી | ૩ શ્રી સ્થૂલિભદ્ર |
| ૪ મગધરાજ | ૪ ભરત બાહુબલિ | ૪ શ્રી સિદ્ધસેન |
| ૫ ચંદનબાળા | ૫ આર્દ્રકુમાર | ૫ મહાસતી સીતા |
| ૬ રાણી ચેલ્લણા | ૬ અભયકુમાર | ૬ સતી મૃગાવતી |
| ૭ જંબુસ્વામી | ૭ રાજર્ષિ પ્રસન્નચંદ્ર | ૭ દ્રૌપદી |
| ૮ ઇલાચી કુમાર | ૮ મહાસતી અંજના | ૮ મુનિશ્રી હરિકેશી |
| ૯ અમર કુમાર | ૯ મયણરેહા | ૯ શ્રી નંદિષેણ |
| ૧૦ રાજા શ્રીપાળ | ૧૦ જ્ઞાન પંચમી | ૧૦ અક્ષયતૃતીયા |
| ૧૧ મહાત્મા દૃઢપ્રહારી | ૧૧ અર્જુનમાળી | ૧૧ મહારાજા કુમારપાળ |
| ૧૨ વીર ધન્નો | ૧૨ ચક્રવર્તી સનત્કુમાર | ૧૨ ધન્ય અહિંસા |
| ૧૩ વિમળશાહ | ૧૩ ચંદનમલયાગિરિ | ૧૩ સત્યનો જય |
| ૧૪ વસ્તુપાળ--તેજપાળ | ૧૪ કાન કઠિયારો | ૧૪ ખેમો દેદરાણી |
| ૧૫ જગડુશાહ | ૧૫ વીર ભામાશા | ૧૫ મહામંત્રી ઉદયન |
| ૧૬ શ્રી શત્રુંજય | ૧૬ શ્રી સમેતશિખર | ૧૬ શ્રી ગિરનાર |

—ઃનવાં સુંદર વસાવવા યોગ્ય પુસ્તકોઃ—

| | | | | | |
|---|---|---|---|---|---|
| **શ્રી જયભિક્ખુ કૃત** | રૂ. આ. | યોગદૃષ્ટિ સમુચ્ચય | ૬-૦ | નીતિકથાઓ ભા. ૧-૨ | ૨-૦ |
| વીરધર્મની વાતો ભા. ૧ | ૨-૮ | ભાગ્યનિર્માણ ભા. ૨ | ૩-૪ | શીલવતી | ૪- |
| ભગવાન મલ્લિનાથ ભા. ૨ | ૨-૮ | દિલ્હીશ્વર ભા. ૩ | ૪-૮ | શ્રી હેમચંદ્રાચાર્ય (ધૂમકેતુ) | ૨-૮ |
| દેવદૂષ્ય ભા. ૩ | ૨-૮ | જૈનધર્મની પ્રાણી કથાઓ | ૧-૪ | હેમ-સમીક્ષા | ૨-૮ |
| વિક્રમાદિત્ય હેમૂ ભા. ૧ | ૫-૦ | સોળ સતી (ધી. ધ. શાહ) | ૩-૦ | ઉત્તરહિંદમાં જૈનધર્મ | ૬-૦ |
| | | | | આબૂ સચિત્ર | ૫-૪ |

**લખો: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ**

**સોમચંદ ડી. શાહ** પાલીતાણા. [સૌરાષ્ટ્ર]

# ભયને ભૂલી જાઓ.

**શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ**

ભય મનુષ્યની આસપાસ કટુતા ફેલાવે છે. તે માનસિક નૈતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિનો નાશ કરે છે. અને કેટલીકવાર મૃત્યુ પણ નિપજાવે છે. તે સર્વ શકિત અને વિકાસનો નાશ કરે છે.

ભય શું છે? તે કોઇ વસ્તુ નથી. તે એક માનસિક ભ્રમ છે. તેની પાછળ કાંઇ સત્ય રહેલું નથી. બાળક માટે જેવું કલ્પિત ભૂત હોય છે, તેવો અર્ધા બુદ્ધિમાન માણુસને વૃથા ભય હોય છે.

ભય અથવા એનાં સંખ્યાબંધ બાળકોમાં એક પણ સારૂં તત્વ નથી. તે હંમેશાં સર્વ સ્થળે અખંડિત શાપરૂપ છે. ભયમાં કોઈ સત્ય રહેલું નથી, તો પણ એવા લોકો જોઇએ છીએ કે, જેઓ કાલ્પનિક રાક્ષસના દાસ હોય છે. તે આપણા સમગ્ર જીવનને શિથિલ કરી નાખે છે. તે પાચનક્રિયાને બાધિત કરીને પોષણ થતું અટકાવીને અને શારીરિક તથા માનસિક શકિત ઘટાડીને રકત શોષી લે છે. તથા આરોગ્યનો નાશ કરે છે. આશાને છૂંદી નાખે છે. સાહસનો નાશ કરે છે. અને માનસિક પ્રવૃત્તિને એટલી મંદ કરી નાખે છે કે, કાંઇપણ ફળ ઉપજાવી શકતી નથી.

ધર્મગ્રંથ જણાવે છે કેઃ– 'ભગ્ન હૃદય અસ્થિઓને સૂકવી નાખે છે' આ એક જાણીતી વાત છે. નિરાશા–ઉદાસીનતા શરીરની રસ–ગ્રંથીઓની ક્રિયામાં ભારે વિક્ષેપ નાખે છે; અને વસ્તુતઃ શિરાસમુચ્ચયોને સૂકવી નાખે છે.

માણસ જો ભયને વશ થવાને બદલે પોતાના મનમાં આગ્રહપૂર્વક, આબાદી ધારણ કરે, ઉત્સાહમય આશામય વલણ અખત્યાર કરે અને પોતાનો વ્યાપાર પ્રવૃત્તિપૂર્વક, કરકસરથી તથા દીર્ઘદ્રષ્ટિથી ચલાવે તો તેને ખરેખરી નિષ્ફળતા ક્વચિત જ મળે. પરંતુ મનુષ્ય જ્યારે નિરાશ થાય છે, ત્યારે તે હિંમત મૂકી દે છે, દ્રઢતાનો ત્યાગ કરે છે. ગભરાઇ જાય છે. વિજય પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ આવશ્યક એવો પ્રયત્ન કરવાની સ્થિતિમાં રહેતો નથી. અને સર્વ બાબતમાં પતિત જ થાય છે.

આપણે આપણા સમગ્ર જીવનમાં અકસ્માતના ભયથી રસ્તાઓમાં ઘોડાગાડીથી છુંદાઇ જવાના ડરથી, રેલ્વેના અકસ્માતોના ભયથી, દરિયાઇ અકસ્માતોતા ભયથી, વીજળીના ભયથી ધરતીકંપના ભયથી સર્વ પ્રકારના ભયથી આપણે કેટલા બધા પીડાઇએ છીએ! આપણામાંના ઘણા જણોએ પુષ્કળ પ્રવાસ કરવા છતાં એક આંગળી સરખી ગુમાવી નથી. છતાં પણ આખા જીવન સુધી આપણે ભયરૂપી રાક્ષસથી કેટલા બધા ડરી જઇએ છીએ! ભય રાખવાની આ કુટેવ જીવનને ટૂંકુ કરે છે, કારણ કે તે સમસ્ત શારીરિક–ક્રિયાઓને હરકત કરે છે. તે પ્રત્યક્ષ શરીરનાં તત્ત્વોમાં રાસાયણિક ફેરફાર કરે છે. ભયના ભોગે અકાળે વૃદ્ધ થાય છે, એટલું જ નહિ પણ અકાળે મૃત્યુ પણ પામે છે.

માટે આપણી દરેક શાળામાં હિંમતનું શિક્ષણ અપાવું જોઇએ. કારણ કે મનુષ્યો સફળતા અને સુખ માટે જે જે પ્રયત્નો કરે છે, તે હિંમત ઉપર આધાર રાખે છે. વળી બીજી સર્વ માનસિક—શકિતઓના બળમાં પ્રચંડ વૃદ્ધિ કરે છે. ઘણા દોષો અને નિર્બળતાઓનો બદલો હિંમતથી વળે છે. જેમ તમે વેદના કરનાર દુરાચારોનો ત્યાગ કરો

# દેવાધિદેવ શ્રી મહાવીર પ્રભુનાં જીવનની તાત્ત્વિક વિચારણા

શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ.

પ્રભુ મહાવીર એટલે વર્તમાન શાસનના અધિપતિ. સકળ ચરાચર વિશ્વના જીવોના સાચાહિતચિંતક. સાચી દયાના પ્રેરક–પાલક અને પ્રચારક. જગતના જીવો સદાને માટે શાશ્વત અવિનાશી અને અનંત સુખને પામે તેવા માર્ગના દર્શક. અલૌકિક ભાવદયાના સાગર પ્રભુ મહાવીરમાં એ પ્રભુતા એ અકાટ્યવીરતા ક્યાંથી પેદા થઈ? કેવા રાહે પેદા થઈ? તે મહાપ્રભુ પણ વ્યવહારદૃષ્ટિએ માનવી તો હતા ને? અતુલ બળના ધણી અને સાથેજ અનુપમ ક્ષમાના સાગર એ સુયોગ કેવી રીતે સાંપડયો? પૂર્વજીવનમાં–ગતભવોમાં જરા ડુબકી મારવી પડશે.

આપણી માફક અનાદિકાળથી પ્રભુશ્રીનો આત્મા પણ ભવચક્રમાં તો હતોજ. અનંતા જન્મ-મરણો પસાર કર્યા હતા. છતાં પ્રભુશ્રીના ભવ સ્થૂલ-દૃષ્ટિએ તો સત્તાવીશ જ ને? જ્યાં સુધી સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય નહિ, સત્ય–અસત્ય–હેય–ઉપાદેયનું શ્રદ્ધા-પૂર્વકનું જ્ઞાન થાય નહિ ત્યાં સુધી માર્ગનું સાચું, સમ્યગ્દર્શન ક્યાંથી થાય? અને સમ્યગ્દર્શન વિનાના ભવ તો એકડા વિનાના મીંડા જેવા જ ને? પ્રભુશ્રીનો ભવઅંક 'નયસાર' ના ભવથી શરૂ થયો.

નયસાર એક ગામના મુખી અને રાજાના વિશ્વાસ-પાત્ર નાગરિક. સદાચારી–ઉદાર અને જીવનમાં દાન-ગુણને ઉતારનાર માર્ગાનુસારી માનવી. રાજાના રાજમંદિર માટે જંગલમાં માણસોને લઇને ઇમારતી કાષ્ટ લેવા જાય છે. સાથે સારો એવો રસાલો છે. જંગલ ભયંકર છે; તાપ પણ તેવો જ છે. ભોજનવેળા થઈ છે. અહિં પણ દાન-વૃત્તિ ઝળકી ઉઠે છે. કોઇ અતિથિ મળે તો આપીને જમવાની ભાવના જાગૃત થાય છે. ભાવના કોરી ન્હોતી. તંબુની બહાર આવી દૂર દૂર દિશાઓમાં દૃષ્ટિ નાખે છે. ભાવિ સુંદર હોવાથી દૂરથી આવતા, પરસેવાથી રેબઝેબ અને આતશ્રમિત માર્ગભૂલેલા બે સંતો દેખાય છે. સામે જાય છે આવા ભયંકર વનમાં ભૂલા પડવાનું કારણ પૂછે છે. કારણ જાણતાં બેદરકાર સાર્થપતિ પર ગુસ્સો જન્મે છે. પૂજ્યોને આશ્વાસન આપે છે. આહાર–પાણી માટે આમંત્રણ આપે છે. મુનિઓની મુનિચર્યા જોતાં વિશેષ આદરભાવ જન્મે છે. મુનિઓને માર્ગ બતાવવા જાતે જાય છે. દયાળુ મુનિઓ આત્માનો સાચો રાહ બતાવે છે. વીતરાગ–પરમાત્માનું સ્વરૂપ વર્ણવે છે. દ્રવ્યમાર્ગ બતાવતાં નયસાર ભાવમાર્ગ પામે છે. સાચી દૃષ્ટિ–સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. રૂડા માર્ગને રૂડી રીતે આરાધી દેવલોક પામે છે.

દેવ આયુષ્ય પૂર્ણ થતાં ચ્યવે છે. આ માનવ-દુનિયામાં જન્મ પામે છે. પ્રથમ તીર્થપતિ ઋષભદેવ તેમના દાદા. પ્રથમ ચક્રવર્તિ ભરત મહારાજા તેમના પિતા. મરિચી તેમનું નામ. પ્રથમ સાધુ–દાદાને વિશ્વના સઘળા પદાર્થોનું ત્રિકાળ જ્ઞાન થતાં તે તારકના વિદ્વાન શિષ્ય બને છે. કર્મની ગતિ ન્યારી છે. ભાવી ભૂંડું છે, રાજપુત્ર છે ને? સાધુપણાનો સંયમભાર વહેવા અશકિતમાન થાય છે. મનોકલ્પિત વિચિત્રકોટિનો ત્રિ-

---

છો, તેમ અશક્ય ઘટનાઓનો ડર રાખવાનું છોડી દો, ભયના વિચારો તમારા મગજમાં વ્યાપ્ત થઇ જાય ત્યાં સુધી થોભશો નહિ. તેમનું સ્મરણ કરશો નહિ. 'તત્ક્ષણ ઔષધિનો પ્રયોગ કરજો એટલે શત્રુ પલાયન થઇ જશે. વિરોધિ સૂચનાઓ તેનો જરૂર નાશ કરશે. તમે મગજમાં હિંમત, નિર્ભયતા, શ્રધ્ધા, આશા, આત્મપ્રતીતિ, અને સ્વાવલંબનની વૃત્તિના વિચારો લાવશો એટલે ભય અને ચિંતા કે વ્યગ્રતા કોઈપણ સ્વરૂપમાં તમારા મનમાં ટકી શકશે નહિ.

જો ભયના સમસ્ત સ્વરૂપોને મનુષ્યના મનમાંથી દૂર કરવામાં આવે, તો સંસ્કૃતિની કૂદકે ને ભૂસ્કે પ્રગતિ થાય. આ ભયાનક પિશાચ ઘણા માણસોને અવનતિમાં રાખે છે. આ રાક્ષસ માનવજાતિ ઉપર ભયંકર સત્તા ભોગવે છે. આપણે પોતે જ આપણા ભાગ્યના સ્વામી છીએ અને આપણે આપણી ઉન્નતિ અથવા સુખના કોઇપણ કારણને નિર્ભયપણે આચરવા શકિતમાન છીએ.'

દંડીનો વેષ ધારણ કરે છે. દાદાશ્રીને પૂછ્યા વિના જ. છતાં વસ્તુને વસ્તુસ્વરૂપે ઓળખે છે, સમ્યગ્દર્શન હૈયે વસેલું છે. વિચિત્ર વેષમાં પણ અનેકોને પ્રતિબોધિત કરી દાદાશ્રી પાસે સાચે માર્ગે મોકલે છે. પણ ભાવિ કયાં મિથ્યા થાય ? જીવનના બે પ્રસંગો પટકી નાખે છે. નિમિત્તવાસી આત્મા નિમિત્તથી ઘેરાઇ જાય છે. સાચી દૃષ્ટિનો વિલોપ થાય છે. એકમાં ઉત્સૂત્રભાષણ થતાં અગણિત સંસાર વધી જાય છે. બીજામાં કુળમદ થતાં નીચગોત્ર બંધાય છે. આવા મહાન્ આત્માઓની આ દશા તો આપણે કેટલા સાવચેત રહેવું જોઇશે ?

અવશ્ય આવનાર મૃત્યુને વશ બની દેવલોકમાં જાય છે. ત્યાંથી બ્રાહ્મણ કુળમાં ત્રિદંડી થાય છે. એમ એકાંતરે પંદરમા ભવ સુધી ચાલે છે. સોળમાં ભવમાં રાજપુત્ર તરીકે જન્મી ફરીથી સાચી દૃષ્ટિ જાગ્રત થતાં સંયમશીલ સમર્થ તપસ્વી સાધુ બને છે. અહિંઆ પણ નજીવા નિમિત્તને પામી માન અને ક્રોધ કષાયને વશ થાય છે. તપ અને સંયમનું અતિક્ષુદ્ર દુન્યવી પદાર્થ માટે વેચાણ કરે છે, સાટુ કરે છે, જૈનશાસનમાં નિષિદ્ધ નિયાણું કરે છે. જીવનભર આચરેલા અતિસુંદર સંયમ અને તપ જે જીવને મોક્ષ આપવાની તાકાત ધરાવે છે. અને જેની પાસે સ્વર્ગાદિક સુખો તૃણ-ઘાસ બરાબર છે, તેના બદલામાં દુન્યવી પદાર્થોની માગણી પરિણામે દારુણ દુઃખદાયક નિવડે તેમાં શી નવાઇ ? સત્તરમો દેવભવ વ્યતીત કરી અઢારમાં ભવમાં વાસુદેવનું આયુષ્ય પૂર્ણ થતાં કરેલા નિયાણાનું અંતિમ નરકગતિમાં ખેંચી જાય છે. અને વાસુદેવના ભવમાં પણ બે પ્રસંગોવડે ભવિષ્યના બૂરાભાવિને ઉભું કરી લે છે. શય્યાપાલકના કાનમાં તપાવેલું સીસુ રેડાવી ખૂદ મહાવીરદેવના ભવમાં ખીલા ઠોકાવાનું અને જીવતા સિંહને હાથવતી ચીરી પરમાત્મદશામાં પણ પોતા પ્રત્યે અસદ્ભાવ જન્માવાનું. આ છે કર્મવિપાકના કઠીન ઉદયપ્રસંગો ખૂદ જે તીર્થંકરદેવોને પણ પજવતા અને સાથે સાથે શ્રી વીતરાગશાસનનાં નિષ્પક્ષપાતપણાના નમુના કે જે જૈનશાસનમાં સ્વકીય લોકોત્તર ઇષ્ટદેવને પણ સત્યસ્વરૂપમાં ચિતરવામાં આવ્યા છે.

નરકથી નીકળી વીસમા ભવમાં સિંહ. ફરીથી નરકના અતિભયંકર દુઃખ ભોગવી બાવીશમા મનુષ્યભવમાં અશુભકર્મના મોટા ભાગનો નાશ કરી ત્રેવીસમા ભવમાં છખંડના અધિપતિ ચક્રવર્તી બની, અંતમાં મહાવિલાસની અતિઉત્કટ સામગ્રી છોડી સંયમ સ્વીકારી દેવલોકમાં પધારે છે. ત્યાંથી ચ્યવી નંદન-રાજકુમાર તરીકે જન્મી પોટિલાચાર્ય પાસે લાખ વર્ષનું સંયમ પાળી વીશ મહાપદોનું જીવનભર માસ-માસના ઉપવાસવડે અતિ ઉત્કૃષ્ટ આરાધન કરી, જગતના જીવોને ઉદ્ધારવામાં અતિજરૂરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. ઉચ્ચકોટિની સમાધિથી મૃત્યુને ભેટી છવીસમો ભવ બાર વૈમાનિક દેવલોકમાંના દશમ દેવલોકમાં વીશ સાગરોપમના આયુષ્યને વ્યતીત કરી, સત્તાવીશમા ભવની શરૂઆતમાં આ ભરતક્ષેત્રના બ્રાહ્મણકુંડનગરમાં ઋષભદત્ત બ્રાહ્મણપંડીતની સુભાર્યા દેવાનંદાની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે. આ છે પ્રભુ મહાવીરના પૂર્વ-જીવનની અતિ આછી માત્ર રૂપરેખા ?

જીવનની સંકલના અહિંથી શરૂ થાય છે. કર્મના ઉદય અને તેના પરિપાક-પૂર્વભવોમાં કરેલા શુભાશુભ કાર્યો, તેમાં જન્મેલી તથાપ્રકારની માનસીક પરિણામની ધારાઓ, તે વડે બંધાએલા ગાઢ યા અતિગાઢ કર્મ-પડલો, તેના સારા યા નરસા ફળ-પ્રાપ્તિના પ્રસંગો-તે પ્રસંગોને સમભાવે સહન કરી યા ભોગવી તેનો નાશ, નવા કર્મને ઉત્પન્ન ન થવા દેવા અને આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તેને સહાયક તપમાં ઓતપ્રોત કરવો અને પરિણામે આત્માના મૂળસ્વરૂપનું-સચ્ચિદાનંદરૂપનું પ્રગટથવું સર્વજ્ઞ બનવું; તીર્થંકરનામકર્મનો ઉદય, તે દ્વારા ચૌદ રાજલોકના જીવોને અભય આપવું અને અનેકોનો જન્મ-મરણની જ્વાલાઓથી ભડભડતા સંસારમાંથી સદાનેમાટે ઉધ્ધાર કરવો અને પ્રવાહરૂપે તે ઉધ્ધારના માર્ગને અનંત વિશ્વ સમક્ષ સૂક્ષ્મદૃષ્ટિથી છણાવટ કરી મૂકી જવો. ઇત્યાદિ અપૂર્વ આનંદદાયક વિચારણાઓથી ઓતપ્રોત 'પ્રભુ મહાવીર'ના જીવનની સ્થૂલ વિચારણા હવે શરૂ થાય છે; જેમાં ગળે ઉતારવું પડશે સાથે સાથે ભગવંતના ચોત્રિશ અતિશયોનું-જીવનની આશ્ચર્યજનક ઘટનાઓનું, પાંત્રીશ ગુણયુકત વાણીનું અને તેનું મુખ્ય ઉદ્ભવ-સ્થાન સમવસરણ વિગેરેનું સાયન્ટિફીક-શ્રદ્ધાજનક સ્વરૂપ શાંતચિત્તે સમજવું જોઇશે. ( ક્રમશઃ )

# શ્રી દેવસૂરિજી અને કુમુદચંદ્રનો વાદવિવાદ

પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયભુવનતિલકસૂરિજી મહારાજ

દુનિયાના પ્રત્યેક દર્શનના વાદીઓ મ્હારાથી, મારા નામથી કંપી-કંપીને દૂર દૂર વસે છે. ચોરાશી પ્રકારના વાદ—સંગ્રામમાં એક હું જ આજની દુનીયામાં ડોલતો હાથી છું, જીત તો મને જ વરી છે, આવા અભિમાનના અશ્વ પર આરૂઢ થયેલા દિગંબર મતના શ્રી કુમુદચંદ્ર નામના આચાર્ય કર્ણાવતી નગરીમાં આવ્યા.

આજ નગરમાં શ્રી નેમનાથના મંદિરના અમુક ભાગમાં શ્વેતાંબરીય આચાર્ય દેવસૂરિ મહારાજ ચાતુર્માસ રહ્યા હતા. તેઓ ધર્મશાસ્ત્રોના રહસ્યો શ્રોતાગણને સમજાવતા હતા. આચાર્યના શાસ્ત્રાભ્યાસની કીર્તિ કર્ણોપકર્ણ શ્રી કુમુદચંદ્રના કર્ણકોટર સુધી પહોંચી. શ્રી કુમુદચંદ્રે ક્ષમામૂર્તિ શ્રી દેવસૂરિ મહારાજના ઉપાશ્રયમાં વાદ-સંગ્રામનું આહ્વાહન મોકલ્યું, પણ અહીંનું વાતાવરણ શાસ્ત્રાર્થને ઉચિત નહિ લાગવાથી અને જનવર્ગ પણ એક પક્ષીય હોય એવો પોતાને નિર્ધાર થવાથી ગુરુદેવે શાસ્ત્રાર્થ માટે પાટણ આવો એવું કહેવડાવ્યું, પણ પેલા અક્કલથી અને શરીરથી દિગંબરીય આચાર્ય અને તેઓના પક્ષાગ્રહીયો ઝંપ્યાં નહિ અને અનેક જાતના ઉપદ્રવો દ્વારા શ્રી દેવસૂરિજી મહારાજને રંઝાડવા પ્રયોગો કર્યા, પણ ક્ષમામૂર્તિએ સ્વશક્તિથી તે સંકટોને દૂર કર્યાં અને વાદ માટે પાટણ આવવાનું સચોટ આહ્વાન કર્યું અને શ્રી કુમુદચંદ્રે પણ સ્વીકાર્યું, અને પાટણ પ્રતિ પ્રયાણ શરૂ કર્યું. અદલ ઇન્સાફ આપનાર સિદ્ધરાજે પણ સ્વમાતા-પિતાના ગુરુ દિગંબરીય હોવાથી તેણે શ્રી કુમુદચંદ્રનું સ્વાગત કર્યું, અને યોગ્ય સ્થાનમાં તેઓને ઉતારો આપ્યો.

સિદ્ધરાજ અને બાલયોગી શ્રી હેમચંદ્રાચાર્યજીને થતો જ સંસર્ગ હતો, પણ એટલોજ ઘનિષ્ટ હતો. સિદ્ધરાજે શ્રી હેમચંદ્રાચાર્યજીને કહ્યું કે, દિગંબરાચાર્ય શ્વેતાંબરો સાથે વાદ-વિવાદ કરવા સવેગ આવ્યા છે, તો તેઓની સાથે વાદ-વિવાદ કરી શકે એવા સમર્થ આચાર્ય કોણ છે? વિચક્ષણતાથી વિચારી શ્રી હેમચંદ્રસૂરિજીએ કહ્યું કે, હાલ જૈન-શાસનમાં વાદસ્થળીને ગજાવનાર શ્રી દેવસૂરિજી મહારાજ છે, અને તેઓ કર્ણાવતીનગરમાં છે. બસ, વિદ્યા અને કુતૂહલપ્રેમી રાજાએ શ્રી દેવસૂરિજી મહારાજને બોલાવવા માણસો મોકલ્યા, ધર્મરક્ષા અને શાસન-પ્રભાવના જાણી શ્રી દેવસૂરિજી પણ પાટણ પધાર્યા, અને સ્વધ્યાનબલથી શ્રી શારદાદેવીને પ્રત્યક્ષ કરી. દેવીએ પૂછ્યું કે, 'શું કંઇ વિશેષ પ્રયોજનથી મને યાદ કરી છે?, સૂરિજી બોલ્યા કે, 'હા, વર્તમાનમાં દિગંબરીય આચાર્યની સાથે શાસ્ત્રાર્થનો પ્રસંગ છે, તો તેમાં જીતનો ઉપાય શું?'

'વાદીવેતાલ શાન્તિસૂરિજીની શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ટીકાના ચોરાશી વિકલ્પોથી તમારી જીત થશે.' એવું વરદાન આપી સરસ્વતીજી અદૃશ્ય થયાં. વાદીવેતાલની વિકલ્પ-નદી સૂરિજી તરી ગયા. બસ મહાન વાદની વિજયપતાકા પણ વરી જ ચૂકી.

કોઈ પણ કાર્ય કરવું હોય તો સમય અને સામાના સામાર્થ્યની પરીક્ષા કરવી એ ડરપોકતા નહિ પણ બુદ્ધિમત્તા છે. તેમ વિચારી કેટલાક પંડિતોને શ્વેતાંબરાચાર્યજીએ શ્રી કુમુદચંદ્રની સમીપ મોકલ્યા. અને તેઓએ ઉચિતતા સાચવી નમ્રતાથી પૂછ્યું કે, 'મહારાજ આપે કયા શાસ્ત્રનો ઉંડો અને વિશ્વાસુ અભ્યાસ કર્યો છે'?

અરે, મને તમો જાણો છો? હું તમો કહેતા હો તો લંકાનગરીને અહીં લાવી શકું છું. લાખ યોજનના જંબુદ્વીપને અહીંથી ઉઠાવીને અન્ય સ્થળમાં પટકી શકું છું, અખિલ સમુદ્રને પહાડોના પ્રચંડ શિખરો દ્વારા પુરી શકું છું, આવા અદ્દભૂત ચમત્કારી મ્હારા જેવાને શાસ્ત્રનો અભ્યાસ પૂછતાં તમો લજવાતા કેમ નથી?'.

આ પ્રકારની વાતો સાંભળી આવેલા પંડિતોએ શ્રી દેવસૂરિજી મહારાજને ઉપરની વાતો સંભળાવી. જેથી સૌ કોઇ સમજ્યા કે, આ વાદી જીતવો મુશ્કેલ નથી. જૈન-સિદ્ધાંતનો જાણ કોઇપણ અજાણ્યા માનવો પાસે આવું ડોળઘાલું ડહાપણ હાંકે જ નહિ, વાદીનું પાણી મપાઇ ગયું. સંધ્યાકાલનો કંઇક પ્રકાશ અને

અંધકાર પથરાયો હતો, અને દેવસૂરિજી મહારાજનો મુખ્ય શિષ્ય રતિપ્રભ ગુપ્ત વેષ ધારીને કુમુદચંદ્ર પાસે ગયો. કુમુદચંદ્રે તેને પુછ્યું કે, 'તું કોણ છે?' હું દેવ છું. હું કોણ છું ? તું શ્વા છે, હું અને તુંના ચક્રવાદના ચકડોલમાં હું–આચાર્યને શ્વા-સ્થાનમાં સ્થાપન કરીને રતિપ્રભે વિદાય લીધી.

કુમુદચંદ્ર બોલ્યા કે, હાં શ્વેતાંબરો મહા–ધૂર્ત હોય છે. બનાવી ગયો. અભિમાનથી અક્કડ બની શ્લોકમાં કેટલી આપબડાઈ હાંકી. પોતે શ્વે–આચાર્યો પર કેટલાક પત્રો મોકલ્યા, જેમાં......

હે શ્વેતાંબરો ! જુઠા વિદ્વત્તાના ભડાકા હાંકીને ભોળા લોકોને કેમ અંધકારના કુવામાં ધકેલો છો ? તત્ત્વાતત્ત્વને તમો સમજતા જ નથી, સત્ય તત્ત્વને જાણવું હોય અને મોક્ષ પ્રાપ્ત કરવું હોય તો કુમુદચંદ્રચાર્યજીની નિશ્રામાં આવો.

ઉપરના અર્થસૂચક કાવ્યને વાંચી શ્વે. જૈનાચાર્યોને ક્ષણભર હસવું આવ્યું, કારણ કે ઉપરના કાવ્યાર્થમાં માત્ર બાલિશતાનાં બણગાં જ ફુંકેલાં દેખાઇ આવે છે. શ્રી દેવસૂરિના પંડિત શિષ્ય શ્રી માણિકયચંદ્રજી અને શ્રી રત્નાકરે બે કાવ્યો ઉત્તરરૂપ બનાવી શ્રી કુમુદાચંદ્રાચાર્યને મોકલ્યાં. જેમાં તેઓના મોકલેલા શ્લોકનો સુંદર ઉત્તર હતો કે, 'દેવપૂજ્ય શ્વેતાંબર–ધર્મની નિંદા કરવી એ તો સુતેલા સિંહને પગની-ઠેશ મારીને ઉઠાડવા જેવું છે, તિક્ષ્ણ ભાલાની અણી દ્વારા આંખના ખુણામાં ઉદ્‌ભવેલી ચળને પીટાવવાની ચેષ્ટા છે. સર્પના માથા પરના મણિને સ્વશોભાને માટે લેવાની કામના જેવું છે, સાચે જ પોતાના વિનાશને પોતાને હાથે નોતરવાનું કાર્ય કર્યું છે.'

મીનલદેવીના પિતૃ–પક્ષનો દિગંબરીય મત હોવાથી સારા સારા રાજય-કર્મચારીયોને દિગંબરાચાર્યને જીત વરે એ ખાતર ઘણાઓને તે દેવી ભરમાવતી હતી આ બાતમી શ્રી હેમચંદ્રાચાર્યને જાણ થતાં સારા માણુસો દ્વારા તેણીને કહેવડાવ્યું કે, દિગંબરીય આચાર્ય સ્ત્રીઓની મુક્તિ અને દાન-પુણ્ય આદિને ખોટા ઠરાવવા પ્રેરાયા છે. તમોને જે મત રૂચે તે મતને પુષ્ટિ આપશો. મીનલદેવીને પણ દિગંબરાચાર્યનો માત્ર હઠાગ્રહ જ છે, એમ જણાતાં તેથી વિપરીત બની હતી

રાજસભામાં વાદવિવાદ થશે. આ વાતાવરણે અખિલ શહેરના નાગરીકોને ઘોર રસ ઉપજાવ્યો. રાજ્યાધિકારીઓએ શ્રી કુમુદચંદ્રાચાર્યને અને શ્રી દેવસૂરિજી મહારાજને રાજ્યસભામાં બોલાવ્યા. અને શાસ્ત્રાર્થ કેટલા મુદ્દાઓ પર થશે.એનો લેખિત મુદ્રા-લેખ થયો. જેમાં કુમુદચંદ્રે પણ મુદ્દાઓ નોંધાવ્યા.

સ્ત્રીને મોક્ષ ન થાય, સવસ્ત્રે મોક્ષ ન થાય, અને કેવલી બન્યા પછી આહાર ન લ્યે. શ્વેતાંબરહારે તો દિગંબર મત સ્વીકારે અને દિગંબરો હારે તો દક્ષિણમાં ચાલ્યા જાય. વાદસ્થળીનો રસ પણ દુનિયાના તમામ રસોને ઉલ્લંઘી જાય તેવો હોય છે. તેમાંય વિદ્વાનોને તો આ પર્વમહોત્સવ મનાય છે, કોઇ લાખ્ખો રૂપિયાનો માલિક તેને સુઅવસરમાં ખર્ચતાં અને યશ વરતાં આનંદ–આન્દોલનો અનુભવે છે, તેમ વિદ્વાનોને વાદ–વિવાદ વખતે સ્ફુરતી યુક્તિઓ આહ્લાદ પેદા કરે છે.

પૂર્વ–પક્ષ અને ઉત્તરપક્ષની ભાંજગડ ચાલતાં એનો નિર્ણય શ્રી દેવસૂરિજીએ પ્રતિ–વાદી તરીકે ઉભા રહેવાનો થયો. વાદારંભ થતાંજ કોની હાર અને કોની જીત એ તો લોકસમૂહે આંકી લીધું.

છ દર્શનના વિદ્વાનોને પણ ન્યાય તોલવા આ પ્રસંગે બોલાવ્યા, અને કુમુદચંદ્ર મોટા આડંબરથી પાલખીમાં બેસીને રાજ્યસભામાં પ્રવેશ્યા અને રાજ્ય તરફથી સોંપાયેલા સિંહાસન પર તેને બેસાડવામાં આવ્યા. શ્વે૦ શ્રી દેવસૂરિજી મહારાજ, શ્રી હેમચંદ્રાચાર્યજી આદિ પંડિતો પણ સન્મુખ બેસી ગયા, તેમજ અન્ય શ્રોત–સમૂહ પણ યથાસ્થાને બેસી ગયો.

શ્રી કુમુદચંદ્ર વૃધ્ધ હતા, અને શ્રી હેમચંદ્રાચાર્યજી બાલ હતા. એટલે કુમુદચંદ્રે હેમચંદ્રાચાર્યને પૂછ્યું, 'કેમ **तक्रं पीतं** ' ? હેમચંદ્રાચાર્યજીએ જવાબ આપ્યો કે, ' **तक्रं श्वेतं पीतं कथमुच्यते** વૃદ્ધાવસ્થાને લઇને મતિભ્રમણાથી કહો છો કે કેમ ? પીળી તો હળદર હોય છે. દેવચંદ્રે કુમુદચંદ્રને કહ્યું કે, તમારી સાથે વાદ–વિવાદ હેમચંદ્રાચાર્ય કરશે. કુમુદચંદ્ર બોલ્યા કે, એ તો બાલ છે. વચમાં હેમચંદ્રાચાર્ય મહારાજે તર્કબુધ્ધિથી જણાવ્યું કે, હું બાલ નથી, તમો બાલ છો, કારણ કે તમો ધોતીયું કે કંદોરો પહેરતા પણ શીખ્યા નથી. વિગેરે અનેક જાતની વાતો થઇ, અને

અંતમાં વાદારંભ થતા પહેલાં કુમુદચંદ્રે આશીર્વાદનો શ્લોક ઉચ્ચાર્યો. 'આકાશમાં સૂર્ય ખદ્યોત જેવો દેખાય છે, ચંદ્ર કરોળીયાના ઘર જેવો ઝાંખો ચાંલ્લા જેવો ગોળ દેખાય છે. આકાશનું વર્ણન કરતા હે રાજન્! તમારા ધવલયશનું સ્મરણ થયું, અને આકાશ ભ્રમ જેવું દેખાયું, એથી મોટી કોઇ વસ્તુ ન જોઇ એટલે વાણી તમારા યશમાં જ વિરમી.'

ત્યાર પછી તુર્ત જ દેવસૂરિજી મહારાજે શુભ શબ્દથી શણગારેલા શ્લોકનું ઉચ્ચારણ કર્યું;

'હે રાજન્ ! જિનશાસન અને તમારૂં રાજ્ય ચિરકાલ જયવંતુ રહો ! જિનશાસનમાં સ્ત્રીઓની મુક્તિ થાય છે. જે ઉજ્જવલ કીર્તિથી મનોહર છે, સાત પ્રકારના નયનો અને નીતિનો માર્ગ જેમાં વહેતો છે, અને કેવળીને આહાર કરવાનું પણ જેમાં નિર્ધાર છે.' આ શ્લોક રાજ્યપક્ષમાં પણ ચરિતાર્થ છે, અને જૈન-શાસનના ભાવને પ્રકાશે છે. ભાવભર્યો શ્લોક શ્રોતાઓને પ્રિય થયો અને જીતના ઇશારાજ હોય એમ પણ સભાવિબુધોએ કલ્પી લીધું.

વાદી કુમુદચંદ્રે સ્ખલના પામતી વાણી દ્વારા પોતાનો પક્ષ સ્થાપન કર્યો. પ્રતિવાદી દેવાચાર્યે તો પ્રચંડ વાયુથી ઉશ્કેરાયેલા સાગરની ગર્જના જેવી ગંભીર અને પ્રશાન્ત વાણીનો વ્હેણુ વ્હેતો મુકયો. શ્રી શાન્તિસૂરિની ચોરાશી વિકલ્પજાળો જ સંભળાવી. સાંભળતાં અખિલ સભા, ચમત્કૃત બની પણ કુમુદચંદ્રનું મુખ કરમાયું. કારણ કે ઉક્ત વાકયોનો અર્થ ધારણ કરવો દુર રહ્યો પરંતુ શબ્દોને પણ તેઓ ધારી શકયા નહિ. આથી શ્રી કુમુદચંદ્રને શોચ થયો. ઉભયને સોલ દિવસ સુધી અવિરત વાદ-વિવાદનું દ્વન્દ્વ યુદ્ધ ચાલ્યું. અને કુમુદચંદ્રે અંતે જણાવ્યું કે, તમો શું બોલ્યા, એ હું સમજ્યો નથી તો જવાબ આપવા સમર્થ કયાંથી થાઉં ? એમ જણાવી પુનઃ બોલવા જણાવ્યું. વચમાં મધ્યસ્થોએ પુનઃ બોલવાની ના પાડી, આ વાદસ્થળીનો કાયદો નથી. છતાં ય શ્રી દેવચંદ્રજીએ પુનઃ બોલીને પણ તેને સંતોષ્યા, છતાંય કોઇપણ ઉત્તર ન સ્ફુરતાં સ્વમંત્રબલથી કેશચંડુનાગ નામનો યક્ષ દેવાચાર્યના ગળા પર, કુમુદચંદ્રે બેસાડયો. આચાર્યની વાણી રૂંધાઈ પણ દેવીએ જેઓને સાક્ષાત્ વરદાન આપ્યું હતું એવા પ્રચંડશકિતમૂર્તિ યશોભદ્રસૂરિજીએ દિગંબરોનું કરેલું કામણ ફગાવી દીધું. સભા ઘણી ચમત્કાર પામી. આ પ્રસંગ બનવાથી સભાએ કુમુદચંદ્રની ગેરવર્તણુકને તિરસ્કારી. દુનિયાના મોઢે કંઈ તાળું દેવાય ? સ્પષ્ટવાદી ન્યાયાધીશ તો દુનિયાના લોકોજ છે ને ? દેવસૂરિજીની વાણીમાં કોટાકોટિ શબ્દનો કુપ્રયોગ દિગંબરે નોંધાવ્યો હતો, પણ અષ્ટ વ્યાકરણો જેઓનાં કંઠે હતાં એવા કાકલ પંડિતે શાકટાયન વ્યાકરણથી તેની સિદ્ધિ કરી કુમુદચંદ્રને નિરૂત્તર કર્યા હતા.

છેવટે દેવાચાર્યની મતિ અને પ્રતિભા પાસે કુમુદચંદ્રે પોતે પોતાની હાર કબૂલી. અને અપદ્વારથી રાજ્ય-સભા છોડીને બહાર નીકળી ગયા.

દેવાચાર્ય મહારાજ ને હેમચંદ્રાચાર્ય આદિ પંડિતોને રાજાએ જીતની ખુશાલીમાં રાજ્યમાન આપી, નીશાન, ડંકો, વાદ્યોના મધુર સરોદોવાળાં વાજીંત્રો આદિથી ઠાઠમાઠપૂર્વક પાદ-વિહારી જૈનાચાર્યોને પોતે સાથમાં જઈને વિદાય આપી. માર્ગમાં આવતા ચાહડ શ્રાવકના બનાવેલા શ્રી મહાવીરપ્રભુના મંદિરમાં અખિલ જનોએ દર્શન કર્યાં. દેવાચાર્યજીને સ્વસ્થાનમાં ધામધૂમપૂર્વક રાજા આદિ ગૃહસ્થોએ પ્રવેશ કરાવ્યો. વાદીચક્રવર્તિ અહીં પધારો વિગેરે પ્રશંસા બોલનાર બંદી જનોને ચાહડ શ્રાવકે ત્રણ લાખનું દાન આપ્યું. આ દિવસે યાચકોને દાન, મંદિરોમાં મહોત્સવ વિગેરે સુકાર્યોમાં ચાહડ શ્રાવકે ત્રણ લાખ રૂપૈયાનો સદ્વ્યય કર્યો, અને વિજય-જયના નાદોથી જૈન-શાસન ચમકાવ્યું. શાસનની ઉજ્જવલ યશોકીર્તિને પ્રસારી.

'કલ્યાણ' માસિક વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત રૂા. ૫-૦-૦

# શંકા અને સમાધાન

સમાધાનકારઃ– પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.
પ્રશ્નકારઃ– માસ્તર ગીરધરલાલ દેવચંદ શાહ

**શં૦** સૂક્ષ્મનિગોદમાંથી આપણે તો બધા નીકલ્યા, તો પછી બીજા કેમ ન નીકલ્યા ? કારણ કે અકામનિર્જરા તો ત્યાં બધાને સરખી હોય છે.

**સ૦** સૂક્ષ્મનિગોદમાં રહેલા આત્માઓ નિરંતર અકામનિર્જરા કરી રહેલા છે, પણ બહાર નીકલવામાં એ અકામનિર્જરા માત્રજ કારણ છે, એમ નથી. સાથે તથાભવિતવ્યતા પણ કારણ છે. નિગોદમાં રહેલા હોવા છતાં અને અકામનિર્જરા કરતા હોવા છતાં ય જેમની તથાભવિતવ્યતા હતી, તેઓ બહાર નીકલ્યા. જેમ નદીના પ્રવાહમાં ટીંચાતા ટીંચાતા પત્થરોમાં કોઈ કોઇ શાલીગ્રામ બને છે અથવા ગોળમટોળ થાય છે, પણ બધા પત્થરો શાલીગ્રામ કે ગોળ બનતા નથી, તેમ સૂક્ષ્મનિગોદના થાળામાં રહેનારા બધા આત્માઓ અકામનિર્જરા કરી રહ્યા છે, પણ જેમ કોઇ પત્થર શાલીગ્રામ કે ગોળ બને છે, તેમ જેમની ભવિતવ્યતા પાકે છે, એવા કેટલાક આત્માઓ એમાંથી બહાર આવે છે. 'અકામ નિર્જરા તો ત્યાં બધાંને એક સરખી હોય છે' એ વાત વિચારવા જેવી છે.

**શં૦** ત્રસનાડી કોને કહેવાય? ત્રસનાડીમાં શું છે? અને શું નથી?

**સ૦** જેમાં ત્રસજીવોની પણ હયાતી હોય તેનું નામ ત્રસનાડી કહેવાય છે. જે એક રજ્જુ પહોળી છે અને ચૌદ રજ્જુ લાંબી છે તેની બહાર કોઈ પણ ત્રસજીવોની હયાતી નથી. તે નાડીમાં ત્રસજીવોની જેમ પૃથ્વી, અપ્, તેઉ, વાઉ અને વનસ્પતિ એમ પાંચ સ્થાવરકાય પણ છે.

**શં૦** યુગલીયાનું આયુષ્ય ઓગણપચાસ દિવસ વગેરે બાકી રહે ત્યારે તે યુગલનો જન્મ આપે છે, તો પહેલાંનો બધો કાળ તેઓ બ્રહ્મચર્ય પાળે ?

**સ૦** યુગલીયાઓ બ્રહ્મચારી હોય એમ ન સમજવું. કારણ કે એમને વ્રત–નિયમ હોતા નથી. અંતિમ અવસ્થામાં પુત્રોત્પત્તિ થવામાં કારણ તથાપ્રકારનો યુગલિક સ્વભાવ છે.

**શં૦** તીર્થંકરપ્રભુ દીક્ષા લીધા પછી પ્રથમ પારણું જેને ઘેર કરે ત્યાં પાંચ દિવ્ય પ્રગટે ત્યારે પારણું કરાવનારને એજ વખતે પુન્ય બંધાયું અને એજ પુણ્યનું ફળ શું એજ વખતે ભોગવ્યું? કે પ્રથમના ભવમાં કરેલા પુણ્યનું ફળ આ વખતે ભોગવ્યું?.

**સ૦** પ્રથમના ભવોમાં તે આત્માએ એવું પુન્ય બાંધ્યું હોય ત્યારે શ્રી તીર્થંકર ભગવંતો જેવા પુણ્યશાળીઓના પારણાનો લાભ મળે, અને તે પુન્યોદયથી ધનવૃષ્ટિ આદિ પણ થાય. કોઇ પણ પુન્ય જયારે બાંધ્યું હોય અને ત્યારે જ ફળ આપે છે તેમ બની શકે નહિ, કાણુરકે બંધ થયા પછી અમુક કાલ સુધીનો તેનો અબાધાકાલ હોય છે.

**શં૦** શ્રી પાર્શ્વનાથ ભગવાને સાપના જીવને નવકારમંત્ર સંભલાવ્યો તો તે નમસ્કા-

## રમુજી ટૂચકાઓ.

**શ્રી જયકીર્તિ.**

તારું ઘર ક્યાં આવ્યું ?
ધર્મશાળાની સામે.
ધર્મશાળા ક્યાં આવી ?
મારા ઘરની સામે.
બેય ક્યાં આવ્યા ?
સામાસામી.

*

બા, તું પહેલા સર્કસમાં હતી ?
ના રે,
તો બધા પાડોશી એમ કેમ કહે છે કે, તું પિતાજીને આંગળીને ટેરવે નચાવે છે !

× × ×

---

રમંત્રના પ્રભાવથી અત્યારે ઈંદ્રપણાનું સુખ ભોગવે છે કે તેના પ્રથમના ભવમાં કરેલા પુન્યના પ્રભાવથી ઈંદ્રપણાનું સુખ ભોગવે છે ?

**સ૦** ‘યાદૃશી મતિઃ તાદૃશી ગતિઃ’ એટલે ‘જેવી મતિ તેવી ગતિ’ એ ન્યાયે સાપ નહિ પણ નાગ અંતિમ સમયે શ્રી નવકારમંત્રના પ્રભાવે એવી શુદ્ધ અને ઉચ્ચ ભાવનામાં આવી ગયો કે, જેથી તેની મતિ સારી થઇ અને ધરણેંદ્રદેવ થવાનું પુન્યોપાર્જન કર્યું. તેથી દેવપણાના સુખોને ભોગવી રહ્યો છે. ઈંદ્રપણાના સુખોને નહિ.

**શ૦** યુગલિયાના ક્ષેત્રમાં તિર્યંચ પંચેંદ્રિય પણ ઓગણપચાસ દિવસ આયુષ્યના બાકી રહે ત્યારે યુગલનો જન્મ આપે અને તે પણ મરીને દેવલોક જાય ?.

**સ૦** હા તેઓ પણ મરીને દેવલોકમાં જાય છે.

બે દોસ્ત મુંબઇ જઇ રહ્યા હતા.

એક દોસ્તે સુઇ જતાં બીજા દોસ્તને કહ્યું કે ‘ભાઇ મુંબઇ આવે ત્યારે મને જગાડજે.’ અને જ્યારે મુંબઈ આવ્યું ત્યારે જાગી રહેલા દોસ્તે સૂતેલાના પેટ ઉપર હાથ મૂકીને કહ્યું,

‘ચાલો ભાઈ, આ જ મુંબઈ છે’.

એ....મિસ્ટર, આતો મારૂં પેટ છે. સફાળા જાગતા તેણે કહ્યું.

× × ×

### યુદ્ધનો પ્રારંભ

નવવર્ષનો કાન્તિ પોતાના પિતાને પૂછે છે

‘પિતાજી, તમે લડાઇના વિષયમાં મોટે ભાગે કંઇને કંઈ કહ્યાજ કરો છો. પણ એ લડાઇઓ શરૂ કેવી રીતે થતી હશે ?’

પિતા પુત્રને સમજાવે છે,

જુઓ બેટા, ધારો કે હિન્દુસ્તાન ચીન ઉપર સત્તા જમાવવાનું ઈચ્છે છે.....

વચમાંજ કાન્તિની મા બોલી ઉઠે છે,

‘છટ્ બેઢંગી વાત. ચીન ઉપર સત્તા જમાવવાનો ખ્યાલ સ્વપ્ને પણ હિન્દુસ્તાનને ન આવે.’

‘કોણ કહે છે કે, હિન્દુસ્તાનવાળા એમ વિચારે છે. આ તો કાન્તિને સમજાવવાની વાત છે.’ કાન્તિના પિતાએ કહ્યું.

પણ અસત્ય ઉદાહરણોથી તમે કશુંજ નહીં સમજાવી શકો.

બસ રહેવા દે, તારા જેટલાં અસત્ય ઉદાહરણ મેં નથી બતલાવ્યા.

તમે જુઠ્ઠા છો. જુઠ્ઠું બોલો છો.

હું બિલકુલ સાચુ કહું છું. તું જ જુટ્ઠી છે.

હું જુટ્ઠી !

એટલામાં કાન્તિ ઊભો થયો અને કહ્યું 'બસ, બસ, હું સમજી ગયો કે લડાઇઓ કેમ શરૂ થાય છે.

× × ×

**ધોઈ લેવાશે**

એક ગામમાં પાણીની બહુ તંગી હતી. મહા મુશ્કેલીથી પાણી મળતું હતું. એક દિવસ એક સ્ત્રીએ પોતાની નોકરડીને ડોલમાં પડેલું ગન્દુ પાણી ફેંકી દેવા કહ્યું. તે સાંભળી તેનો નાનો પુત્ર બોલી ઉઠયો.

'બા, પાણી કેમ ફેંકાવી દે છે?'

'ગન્દુ છે.'

તો શું થઈ ગયું. સાબુથી ધોઇ લેવાશે. ખબર નથી પાણીની કેટલી તંગી છે ?

× × ×

**પતિ**–આજ તો મારૂં માથું ફરી ગયું.

**પત્નિ**–એં....ત્યારે તો તમે પીઠ પણ જોઇ શકતા હશો.

**પતિ**–ના, માથું ફરી ગયું છે, આંખો નહીં.

*

**એક મિત્ર**–તમે મને પચાસ રૂપિયા ઉધાર આપી શકશો.

**બીજો મિત્ર**–ના, હું તેવી રીતે પૈસા આપવાને ધિક્કારૂં છું, કારણ કે, ઉધાર લીધા પછી મોટે ભાગે મિત્રતા તૂટી જાય છે.

**પહેલોમિત્ર**-ખેર, આખરે આપણી મિત્રતા એટલી બધી ગાઢ નથી, કે જેના તૂટવાથી ખાસ દુઃખ થાય.

*

**ચીમનલાલ**–પગારના પૈસાનું શું કરો છો?

**મગનલાલ**–'વાઇફ' ને આપી દઉં છે.

**ચીમનલાલ**–પણ કંઈક તો તમારા માટે રાખતા હશો ને ?

**મગનલાલ**–ના, તેમ કરવામાં લૉ (law) વિરુદ્ધ છે.

**ચીમનલાલ**–[આશ્ચર્ય પામતાં] કયો લૉ?

**મગનલાલ**—મધર—ઇન્-લૉ ( સાસુ )

× × ×

**પ્ર. મિત્ર**–ઠીક ત્યારે આજ બપોરે તમે મારે ત્યાં આવશોને ?

**દ્વિ. મિત્ર**–જરૂર.

**પ્ર. મિત્ર**–મને આશા છે કે મારા રૂમનું બારણું તમે પગે ઠેલીને ઉઘાડી લેશો.

**દ્વિ. મિત્ર**–પગે ઠેલીને કેમ ? એમ કહેવામાં તમારો શો આશય છે ?

**પ્ર. મિત્ર**–એજ કે, મને ખાતરી છે કે મારે ત્યાં તમે ખાલી હાથે તો નહીં જ આવો.

× × ×

( નૂતન સંન્યાસીને )

**શિષ્ય**–ગુરુજીએ તમને ગુરુમંત્ર આપી દીધો

**નૂતન શિષ્ય**–બહુ સારી વાત છે.

**શિષ્ય**–એમ નહીં, ગુરુજીએ તમને સંન્યાસ આપીને સ્વર્ગ અને મોક્ષ બેય આપી દીધાં.

**નૂતન શિષ્ય**–હું ઘણો ખુશી થયો.

**શિષ્ય**–તમે તો કાંઈ સમજતા જ નથી. તમે પણ ગુરુને કાંઇક આપો.

**નૂતન શિષ્ય**–હં...........તો હું ગુરુજીને કલકત્તા અને દિલ્હી બેય આપું છું.

**શિષ્ય**–( ગુસ્સે થઇને ) કલકત્તાને દિલ્હી તમારા બાપનું છે, તે તમે આપો છો. ?

**નૂતન શિષ્ય**–તો સ્વર્ગ અને મોક્ષ પણ કયાં ગુરુનાં બાપનાં છે.

× × ×

**મુનીમ**–મારી પત્નીએ મને કહ્યું છે કે 'હું આપની પાસે પગાર વધારવાની માંગણી કરૂં'.

**શેઠ**–ઠીક વાત છે. એ વિષયમાં હું મારી પત્નીને પૂછી જોઈશ કે એની શી સલાહ છે ?

× × ×

# ભૂતની ભડકમાં.

### શ્રી કાન્તિલાલ એમ. શાહ.

મનની નબળાઇ એજ માનવીનું ભૂત બને છે.

પાંચેક વર્ષ પૂર્વની આ વાત છે.

સંધ્યાનો સમય હતો, મંદિરમાં ઘંટાનાદ શરૂ થયો હતો. આરતીના સમયે ધર્મપ્રેમીઓએ મશગુલ બની જઇ મંદિરમાં રમઝટ બોલાવી હતી. મંદિર નજીકમાં એક ભરવાડનું ઘર હતું. ભરવાડનો છોકરો ખેતરમાંથી માથે દુધનું વાસણ અર્ધભરેલ લઇ અને પુરઝડપથી ચાલ્યો આવતો હતો. સખ્ત ઝડપથી આવતો ભરવાડનો કિશોર ઘરના ઉંમરામાં ઢળી પડયો.

કદાચ કૌતક થશે કે, એમ કેમ બન્યું હશે ?

જુઓ, ખરી વાત આ પ્રકારની હતી કે,

ગામના સીમાડે એક ખીજડાનું વૃક્ષ હતું. સૌ લોકો માનતા હતા કે, એ ઝાડ ઉપર ભૂત થાય છે. આ વાત ભરવાડનો કિશોર જાણતો હતો. ઉતરાણનો દિવસ હતો. જેથી એક પતંગ ખીજડા ઉપર લટકાયેલો હતો. પતંગની સાથેની દોરી નીચે લટકતી હતી. સાંજના સુમારે એ દોરી દેખાતી ન હતી. જ્યારે ભરવાડનો છોકરો એ ઝાડ નીચેથી પસાર થયો કે લટકતી દોરી તેના માથા ઉપરથી અડકીને સરી ગઈ.

બસ....કલ્પનાએ આને ભૂત માની લીધું. કિશોરના હૃદયમાં ભૂતની ભ્રાંતિ પેસી ગઇ. ભૂત તો નહિ હોય ! હશે....હા....ના....એમ વિચારને પંથે વિચરતો ઝડપથી ઘરે આવતાની સાથે ભૂતની ભ્રાંતિએ તેને જમીનદોસ્ત કરી મૂકયો, અને ભ્રાંતિએ અજબ દર્દભરી ક્રાંતિ લાવી મૂકી. કેટલીક ઘરબહાદુર ગણાતી વ્યકિતઓ ભેગી થઇ ચૂકી. તેમાંના એકે તે કિશોરને બે-ચાર લાફાનો કડક મેથીપાક ગાલ અને માથા ઉપર પીરસી દીધો. બૂમ પાડી ત્યાંજ ભાષણ શરૂ થઇ ગયું કે, એ....તું કોણ છે ? બોલ નહિંતર મરચાનો ધુમાડો આપીએ છીએ, એમ કરતાક ફડ દઇને બીજી બે-ચાર તમાચ મોટા પ્રહાર સાથે પડી ગઇ. મારનાં પ્રહારો અટકે તો સારૂ....! એમ મનમાં સમજી કિશોર જરી ફરીથી બોલ્યો કે "મને મારશો નહિ હું કાંઇ નથી !" અંતે ચાર ઝુડનાં પ્રહારો ને પાંગળા મૂકી સૌએ ચાલતી પકડી........રાત્રીના આઠનો સુમાર થઇ ગયો હતો. વીસમી સદીનાં સમજુ એક માનવી જેનું નામ બાબુભાઇ. તેને આ વાત અને આ સિતમ-ગુજાર કોઈ અદ્ભૂત લાગ્યા. તે કિશોર પાસે આવ્યો. ઠંડે કલેજે કહ્યું કે, ભાઈ તું કયાંથી બીધો !

---

પતિ-( ચિડાઇને ) હજુ સુધી ખાવાનું તૈયાર નથી થયું, કયાં સુધી રાહ જોવી; હું કોઇ લોજમાં જમી લઈશ.

પત્ની-ફકત પાંચ મિનિટ ઊભા રહો.

પતિ-એટલામાં ખાવાનું તૈયાર થઇ જશે ?

પત્ની-ના, એટલામાં હું પણ તમારી જોડે આવવાની તૈયારી કરી લઉં.

*

શેઠ-તમારા જેવો સમયનો અનિયમિત માણસ મેં કોઇ નથી જોયો. કોઇ કામ તમારૂં સમયસર નથી હોતું. ઠીક તમારી જન્મ તારીખ કઈ છે ?

નોકર-બે ઓગષ્ટ

શેઠ-ઓહ! અહીંયા પણ એક દિવસનું મોડું કરી નાખ્યું.

કિશોર અને બાબુભાઈ સાથે ગયા. જે સ્થળેથી ભડક લાગી તે સ્થળે બાબુભાઇએ ફરી દીવાના પ્રકાશે ચોતરફ જોયું. અંતે દોરી નજરે પડી અને આખી વાત ખ્યાલમાં થઇ ચૂકી.

બાબુભાઇએ કહ્યું, જો હું તને જે રસ્તે ચલાવું તે રસ્તે તારે ચાલવું, જેવું ભૂત તને અડકે કે તરતજ તારે તેને પકડી પાડવું અમે તારી પાસે છીએ. તું અહિંથી ચાલવાનું કર...

સર્વ સૂચના આપી બાબુભાઈ સ્હેજ દૂર ઊભા. સૂચના મુજબ કિશોર જેવો વૃક્ષ નીચેથી ચાલ્યો કે, લટકતી દોરી અટકીને સરી ગઇ, ફરી તેજ રીતે કર્યું. જેવી દોરી માથા ઉપરથી સરી કે કિશોરે પકડી પાડી અને ભૂતની કલ્પનામય મૂર્તિ ભાંગીને ભસ્મીભૂત થઇ ગઇ. આજે એ કિશોર મટી માનવી બન્યો છે. આ રીતે ભૂતની ભડકમાં કેટલાક ડાકલા અને મેલી વિદ્યાના પ્રયોગો અજમાવી સારાએ વાતાવરણને ધૂંધવી મારે છે.

આપણો આ ભારત દેશ. જેમાં સંસ્કૃતિની ભવ્યતા છે. આવા ખોટા વહેમો અને વેવલાપણાથી આપણે અધોગતિના પંથે પડીએ છીએ. આત્મવિશ્વાસ–શ્રદ્ધા, એજ આપણા જીવનનું બલ છે, એમ માનવું રહ્યું ! જો શ્રદ્ધા હોય તો આવી વસ્તુથી ભડકમાં ભરમાઇ જઇએ એમ બનવું ઘણુંજ કઠીન છે.

શ્રદ્ધા એજ માનવીનું જ્વલંત જોમ છે. અને સંસ્કૃતિના પાથેય ઉપર પહોંચાડનારું પ્રથમ પ્રતીક છે.

---


## શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ એટલે–
## શ્રાવિકા બ્હેનો માટેની આદર્શ સંસ્થા

આ સંસ્થામાં વિધવા, સધવા અને કુમારિકા બ્હેનોને દાખલ કરવામાં આવે છે અને ધાર્મિક, વ્યવહારિક, હુન્નરઉદ્યોગનું શિક્ષણ આપી અનેક બ્હેનોને તૈયાર કરવામાં આવે છે. આજલગી સેંકડો બ્હેનોએ લાભ ઉઠાવ્યો છે અને ઘણી ધાર્મિક પાઠશાળાઓમાં શિક્ષિકા તરીકે કામ કરે છે અને પોતાનું આજીવન સહેલાઇથી ચલાવે છે.

સખ્ત મોંઘવારીના સંજોગોને લઇ સંસ્થાને આર્થિક ખોટ ઘણી આવી છે–આવી રહી છે. હવે તો દાનવીરો, શ્રી સંઘો અને પૂ. આચાર્યદેવાદિ મુનિવરોના સદુપદેશથી સહકાર મળે તો જ સંસ્થા પગભર બની શકે એમ છે. ‘ફુલ નહિ તો ફુલની પાંખડી’ આપી સંસ્થાને વિકાસને પંથે આગળ ધપાવો એ જ અમારી નમ્ર અભ્યર્થના છે.

મદદ મોકલવાનું સ્થળ,
**શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ**
પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

લિ.
**વોરા જયંતિલાલ પાનાચંદ**
ઓ. સેક્રેટરી ‘શ્રાવિકાશ્રમ’

**તા. ક.** શ્રી સિદ્ધક્ષેત્ર ગિરિરાજની યાત્રાએ પધારો ત્યારે અચૂક આ સંસ્થાની મુલાકાત લેવા વિનંતિ કરીએ છીએ.

# શું પૃથ્વી ગોળ છે?

## (હાસ્ય નિબંધ)

શ્રી કિશોરકાંત દલસુખલાલ. ગાંધી

'પૃથ્વી ગોળ છે' આ વાકય કનુના મગજમાં વિચારોની પરંપરા ખડી કરી દેતું. કોઇ પરિચિત સ્વજનને જોઇને આપણું મુખ મલકાઇ ઉઠે છે, તેમ આ વાકય સાંભળી કનુના મુખ પર અવનવા ભાવો દેખાતાં. અંગ્રેજી ત્રીજા ધોરણમાં આ વાકય સાંભળવા—કનુના કર્ણો પહેલીજ વાર ભાગ્યશાળી બન્યા........ સાહેબની કાળી સીસમની સોટીની બીકથી તથા તે સોટીના હથેળી સાથેના સમાગમથી 'પૃથ્વી ગોળ છે' તેની સાબીતીઓ કનુની જીભના ટેરવા પર હતી. સાતમા ધોરણની પરીક્ષામાં પૂછાયેલા આ જ પ્રશ્નનો જવાબ લખીને કનુ સારા માર્ક લાવ્યો હતો. પણ તેના મગજમાં હંમેશા પ્રશ્ન ઉઠતો "પૃથ્વી ગોળ છે? કોણ જઇને જોઇ આવ્યું છે કે, પૃથ્વી ગોળ છે." આ પ્રશ્નનો જવાબ આપતી હોય તેમ પેલી ભૂગોળમાં આપેલી સાબીતીઓ તેની નજર સમક્ષ ખડી, થતી પણ આ સાબીતીઓ તો તેને નિરસ લાગતી હતી. કનુ મનમાં બબડી ઉઠતો, "મુંબઇથી કોઇ સ્ટીમર પૃથ્વી પ્રદક્ષિણા કરવા માટે પૂર્વાભિમુખ ઉપડે તો તે સ્ટીમર જાપાન, અમેરિકા અને યુરોપનો પ્રવાસ કરી પૂર્વાભિમુખે જ મુંબઇના બારામાં દાખલ થાય. 'પૃથ્વી ગોળ છે' તે આ પ્રવાસ સાબીત કરે છે."

કનુ મેટ્રીકમાં આવ્યો. બધા વિષયોમાં તેણે સારી પ્રગતિ કરી હતી. પણ ભૂગોળનો પહેલો પ્રશ્ન 'પૃથ્વી ગોળ છે?' તે હજુ તેને મુંઝવતો હતો. મેટ્રીકમાં ભૂગોળશિક્ષક તરિકે 'કમ્બોયા સાહેબ' હતાં. કનુએ આ પ્રશ્ન કમ્બોયા સાહેબ સમક્ષ રજુ કર્યો. પહેલાં તો કમ્બોયા સાહેબે પણ સાબીતીઓની પરંપરા રજૂ કરી. કનુ હજુ પ્રશ્નનો નિકાલ લાવી શકયો નથી એમ લાગવાથી કમ્બોયા સાહેબે કહ્યું, 'પૃથ્વી ગોળ છે' તે કોઇ જોઈ આવ્યું નથી, પણ મહાન બુધ્ધિશાળી માણસોની તે કલ્પના છે. કનુને જોઇતો જવાબ મળી ગયો. તેને લાગ્યું કે, પૃથ્વી ગોળ હોય કે ન હોય, પરંતુ ભૂગોળ માંહેની બધી વાતો કલ્પિત જ છે.

S. S. C. ની પરીક્ષા આપવા કનુ ભાવનગર ગયો. પહેલું પેપર ભૂગોળનું હતું અને તેમાં પહેલો પ્રશ્ન પણ 'પૃથ્વી ગોળ છે તેની સાબીતીઓ આપો' તે જ હતો. કનુને ઘડીભર તો થઇ ગયું કે, "જે વસ્તુના સત્યાસત્ય વિષે શંકા છે, તે વસ્તુને સત્ય કેમ કહી શકાય?" પણ કનુને અત્યારે સત્યાસત્યનો વિચાર કરવાનો ન હતો પરંતુ અત્યારે તો તેને માર્કનો ટોટલ વધારવાનો હતો. ભૂગોળમાં આપેલી સાબીતીઓનો શબ્દે શબ્દ તેણે લખી નાખ્યો. પણ તેને પોતાને તો આ બધી સાબીતીઓ કલ્પિત જ લાગતી હતી.

મેટ્રીકની પરીક્ષાનું પરિણામ બહાર પડયું. સવારમાં મેં ફૂલછાબ જોયું. કનુનો સીટનંબર છાપવાની 'ફૂલછાબ' ના તંત્રીએ હિંમત નહોતી કરી. પરિણામની રાહ જોઇને બેઠેલો કનુ પરિણામ બહાર પડતાંજ મુંબઇ નોકરી માટે ઉપડી ગયો. કનુના ગયા પછી થોડા દિવસે કનુના માર્ક આવી ગયાં. કનુને ભૂગોળમાં 'ડીસ્ટીકશન' હતું. થોડા દિવસ પછી કનુનો પત્ર આવ્યો. કનુ માર્ક મંગાવતો હતો તેણે પત્રમાં લખ્યું છે;

'પ્રિય મિત્ર કિશોર,'

તારો પત્ર નથી તો પુરસદે લખજે. હું મારી બ્હેનને ત્યાં થાણા ઉતર્યો છું. નોકરી માટે ચારે બાજુ આંટા મારૂં છું, પણ કાંઇ ગજ વાગતો નથી. મુંબઈની મોટી મોટી મહેલાતો, રસ્તા પર ચાલતી વખતે પાછળથી આવતી રંગરંગીન ચકચકીત મોટરોના સેકન્ડે સેકન્ડે વાગતા હોર્ન, કાલબાદેવી પર માણસોની ભીડ, ચોપાટી પર ભૈયાઓની આસપાસ કીડીઓ માફક ઉભરાયેલી માનવ-મેદની, આ બધું ગભરાવી મુકે છે. કયાં લીંબડીનું શાંત જીવન અને કયાં અહીંનું ધમાલીયું જીવન! ટ્રેઇનનો પાસ કઢાવી લીધો છે. સવારમાં જ્યારે ભૂખ પણ ન લાગી હોય ત્યારે જમી લઇને થાણાથી નોકરીની તલાશમાં નીકળી પડું છું. સાંજે નિરાશવદને ઘેર પાછો આવું છું. મુંબઇમાં ચારે બાજુ ગીર્દી લાગે છે. મારા માટે અહીં જગ્યા થાય એવું લાગતું નથી.

મને 'પૃથ્વી ગોળ છે' એ વિષે શંકા છે. પરંતુ 'મુંબઇ ગોળ છે' એ વિષે હવે શંકા નથી. હવે અહિંના જીવનથી ખરેખર કંટાળી ગયો છું. ક્યાંસુધી આંટાફેરા મારવા? થોડા દિવસમાં નોકરી નહિં મળે તો મોહમયી નગરીનો મોહ છોડી દઇ ત્યાં ચાલ્યો આવીશ.

લી. કનુનાં સ્નેહવંદન.

આ પત્ર મળ્યા પછી હજુ હું પત્રનો જવાબ આપું તે પહેલાં કનુનો પત્ર મારા હાથમાં આવી પડયો. કનુએ મુંબઈ છોડયું હતું. અને હાલમાં અમદાવાદ મોટા મામાને ત્યાં ઉતર્યો હતો. ત્યાં પણ તેણે નોકરીની તપાસ આરંભી દીધી હતી. પરંતુ કનુને અમદાવાદમાં નોકરી મળે તેવી મને આશા નહોતી, છતાંય મોટામામા તથા માસા બંને સારી જગ્યાએ હોવાથી કદાચ પોતે ગોઠવાઇ જશે એવી કનુને તો જરૂર શ્રધ્ધા હતી. પણ જ્યાં કુદરત જ તેને શીખવવા માગતી હોય કે 'પૃથ્વી ગોળ છે' ત્યાં કનુના મામા કે માસા જેવા પામર માનવી શું કરી શકે? કનુને અમદાવાદ પણ ગોળ લાગ્યું. એક મહિના સુધી અમદાવાદમાં આંટા મારીને કનુ અમારી વચ્ચે આવી પડયો.

કનુના બનેવી એક કંપનીના મેનેજર હતા, માસા વકીલ હતા, મામા વીમા કંપનીના એજન્ટ હતા, ફુઆની મોટી પેઢી ચાલતી હતી. બધાં સગાં સારી જગ્યાએ હોય અને કનુને નોકરી ન મળી ત્યારે અમને જરૂર આવા સ્વાર્થી સગાઓ માટે ઘૃણા થાયજ ને! પણ કનુના આ બધાં સગાંઓનો અભિપ્રાય જુદોજ હતો. તેઓ કહે છે કે, કનુની અનાવડતને લીધે તેને નોકરી નથી મળી. આ બાબતમાં કનુનો દોષ હોય કે તેનાં સગાંઓનો? તેનો ન્યાય હું આપી શકું નહિ, પણ કનુના મોહમયી નગરીના અનુભવો તો જરૂર કહી શકું. 'પૃથ્વી ગોળ છે' કારણ કે લીંબડીથી નીકળેલી વ્યક્તિ સુરેન્દ્રનગર, વીરમગામ, અમદાવાદ અને વડોદરાનો પ્રવાસ કરી મુંબઇ પહોંચે અને મુંબઈથી નીકળી વડોદરા, અમદાવાદ, ધંધુકા અને બોટાદનો પ્રવાસ કરી એ જ દિશામાં લીંબડીમાં પ્રવેશ કરે છે, આ તેની સાબીતી છે. સાથે સાથે વાહન કે વ્યક્તિની ગતિપર આધાર છે. હવે કનુને પ્રત્યક્ષ અનુભવ થયો છે કે; 'પૃથ્વી ગોળ છે.' પૃથ્વી જ નહિ પણ મુંબઇ, અમદાવાદ અને લીંબડી બધું ગોળ છે. અરે સંસાર પણ ગોળ છે.

---

## જે તીર્થનું ભવ્ય મંદિર આબુ-દેલવાડાનાં જૈન-મંદિરોનાં કોતરકામની યાદિ આપે છે. યાત્રા કરી જીવનને સફળ કરો !

**શ્રી** ચંદ્રપ્રભાસપાટણ હિંદભરના જૈનોનું સુવિખ્યાત પ્રભાવિક મહાતીર્થ છે. સૌરાષ્ટ્રના પશ્ચિમ-દક્ષિણ સમુદ્રતીરે આવેલું આ તીર્થ; અતિશય પ્રાચીન અને ઐતિહાસિક છે. હિંદના સમસ્ત હિંદુઓનું ઐતિહાસિક યાત્રાધામ સોમનાથ મહાદેવનું મંદિર આ સ્થાને આવેલું છે.

**આજે** આ તીર્થમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું ભવ્ય દહેરાસર તૈયાર થઇ રહ્યું છે. નવ ગભારાવાળું, ત્રણ-પાંચ શિખરોવાળું, ત્રણ માળનું ગગનચુંબી જિનમંદિર હિંદભરમાં આ એક જ છે. આ ગજેન્દ્રપૂર્ણ-પ્રાસાદનાં નવનિર્માણમાં આજે લગભગ આઠ લાખ રૂ.ખરચાયા છે. જેમાં દેશ-પરદેશના જૈન-સંઘોની સહાય પ્રાપ્ત થઇ છે. હજુ આ દહેરાસરમાં રૂા. બે લાખનું કામ બાકી છે. **જે માટે તેમાં સહાય કરવા હિંદના શ્રી સંઘને અમારી આગ્રહપૂર્વકની વિજ્ઞપ્તિ છે.**

**તાજેતરમાં** મહાત્મા ગાંધી સ્મારક ટ્રસ્ટના વ્યવસ્થાપક શ્રીયુત્ એન. આર. મલકાનીએ આપણા ભવ્ય જિનમંદિરનાં દર્શન કરી, પોતાનો આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, 'સોમનાથ મહાદેવનાં મંદિર કરતાં લગભગ પંદરગણું મોટું જૈન-મંદિર સોમનાથ પાટણમાં મેં જોયું, જેમાં આરસનું કોતરકામ છે, અને તે **દેલવાડાનાં મંદિરો અને તેના કરતાં પણ સારા કોતરકામની યાદી આપે છે.** આ મંદિર રૂા. ૭ (૮) લાખના ખર્ચે તૈયાર થયું છે. હવે મંદિર પુરૂં કરવા માટે રૂા. ૨ લાખ સને ૧૯૫૩ સુધીમાં ખર્ચવાના છે. એકંદર આ મંદિર માટે રૂા. ૯ લાખ ખર્ચ થશે. **કોઈપણ યાત્રિક** સોમનાથ મહાદેવનું મંદિર અને આ જૈનોનું મંદિર બન્નેને જૂએ ત્યારે તેને સાચી પરિસ્થિતિનો (એટલે જૈનમંદિરની ભવ્યતાનો) ખ્યાલ આવે.' (ટાઇમ્સ ઓફ ઇન્ડીયા. મુંબઈ. ૭-૧૧-૧૯૫૨)

**આવા** ભવ્ય યાત્રાધામના જીર્ણોદ્ધાર કાર્યમાં સમસ્ત જૈનસંઘના તન, મન તથા ધનના સહકારની અમે અપેક્ષા રાખીયે છીએ; સહુ કોઇ જૈન ભાઇ-બ્હેનો શ્રી ચંદ્રપ્રભાસપાટણ તીર્થની યાત્રાનો અણમોલ લાભ લઈ, મૂળનાયક તીર્થાધિરાજ શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં પૂનીત દર્શન કરી, તથા જીર્ણોદ્ધાર કાર્યમાં સહાય કરી, જીવનને સફળ બનાવો !

નિવેદક :

**શ્રી ચંદ્રપ્રભાસતીર્થ જીર્ણોદ્ધારક કમિટિ**

મદદ મોકલવાનાં સ્થળો.

| | |
|---|---|
| મુંબઈનું ઠેકાણું | **શાહ હીરાચંદ વસનજી** |
| **શેઠ હરખચંદ મકનજી** | માનદ સેક્રેટરી. શ્રી જૈન શ્વેતાંબર સંઘ |
| ૫૫/૫૭ બજાર ગેટ સ્ટ્રીટ કોટ, મુંબઇ. ૧ | **પ્રભાસપાટણ** (સૌરાષ્ટ્ર) |

# બાલજગત

'કલ્યાણ'નો બાલકિશોર વિભાગ

### વ્હાલા બાલ મિત્રો !

શિયાળાની ઋતુ શરૂ થઇ ગઈ છે. બાર મહિનાની મ્હોટી ત્રણ ઋતુઓમાં શિયાળાની ઋતુ એ નિરોગી ઋતુ ગણાય છે, શરીરનું આરોગ્ય આ ઋતુમાં વિશેષ રીતે જળવાય છે, સામાન્ય રીતે આ ઋતુ દરેક રીતે અનુકૂલ છે, માટે આ ઋતુમાં શરીરને જાળવતા રહેજો !.

કલ્યાણના બાલમિત્રો, શુભેચ્છકો તેમ જ તેના પ્રત્યે માયાળુ લાગણી ધરાવનારાઓની સંખ્યામાં દિન-પરદિન વધારો થતો જ રહે છે. આગામી વર્ષથી કલ્યાણના બાલજગતમાં અનેકવિધ આકર્ષણો રજૂ થવાનાં છે, તેની સહુ કોઈ નોંધ લે !.

પ્યારા દોસ્તો ! અમારા પર તમારી કેટ-કેટલી ટપાલો, તમારા કેટ-કેટલા લખાણો આવી રહ્યાં છે, આ બધાયને એકી સાથે અમે પ્રસિદ્ધ કરવામાં નિરુપાય છીએ, છતાં શકય રીતે પ્રસિદ્ધ કરવા અમે પ્રયત્નમાં છીએ. આગામી વર્ષનો 'કલ્યાણ'નો સંયુક્ત અંક 'જૈનતીર્થ વિશેષાંક' તરીકે પ્રગટ થવાનો છે. ઉપયોગી સાહિત્ય તમે અમારા પર મોકલતા રહો ! વિશેષાંક માટેની જાહેરાત 'કલ્યાણ'માં જોતા રહેજો.

સંપાદકનાં સ્નેહવંદન.

❋

### 'કલમ કે દોસ્ત મંડળ'ના નોંધાયેલા વધુ સભ્યો.

( ૯ મા અંકથી આગળ. )

૯ **અમૃતલાલ વી. સંઘવી.** શોખઃ પત્રમિત્રતા, ટીકીટ સંગ્રહ, પર્યટન. વાંચન, સંગીત. C/o શ્રી જૈન બાલમંડળ, ઠે. મેઇનરોડ. મુ. હરસોલવા. તલોદ. (સાબરકાંઠા) એ. પી. રેલ્વે.

૧૦ **શશીકાંત બાલુભાઇ શાહ.** ઠે. મારવાડી બજાર મુ. બહુધાન. સ્ટે. સાયણ. (જિ. સુરત) વેસ્ટર્ન રેલ્વે.

૧૧ **પ્રવીણચંદ ટી. શાહ** C/o ઠાકોરલાલ ભૂતાજી ઠે. મારવાડી બજાર મુ. બહુધાન. (જિ. સુરત)

૧૨ **કે. એમ. કોઠારી.** પી. ઓ. બોકસ ૫૩૨. દારેસલામ ( બ્રી. ઇ. આફ્રીકા ) શોખઃ પત્રમૈત્રી, ટીકીટ સંગ્રહ. ઉમ્મરઃ ૧૭વર્ષ. અભ્યાસ ૬ ઠ્ઠી અંગ્રેજી, ભાષા ગુજરાતી ઇગ્લીશ.

૧૩ **કૈલાસકુમાર એન. શાહ** શોખઃ વાંસળી વાદન. સાહિત્ય વાંચન, પર્યટન. વયઃ ૧૭ વર્ષ. અભ્યાસ મેટ્રીક. C/o જયંતિલાલ નાનચંદ ઠે. ફતાસાની પોળ, લાલાનો ખાંચો. અમદાવાદ.

૧૪ **શાહ કિશોરચંદ અમુલખ** (કોલકીવાળા) શોખઃ ટીકીટ સંગ્રહ. પ્રવાસ. સાહિત્ય વાંચન. પત્રમૈત્રી ફોટા સંગ્રહ, વયઃ ૧૭ વર્ષ. ઠે. યશોવિજયજી જૈન ગુરુકુળ. પાલીતાણા. અભ્યાસઃ ધોરણ ૧૧ મું.

૧૫ **છોટાલાલ લખમશી દોઢીયા.** વયઃ ૧૬ વર્ષ. અભ્યાસઃ અંગ્રેજી ૬ ઠ્ઠી ધાર્મિક અભ્યાસ બે પ્રતિક્રમણ C/o લખમશી જેઠાભાઇ ઠે. નાગરપરા, ખંભાળીયાના નાકાબ્હાર, સોનીના વંડાની પાછળ. જામનગર ( સૌરાષ્ટ્ર )

❋

### ∘ ઉઘાડી બારી ∘

**બાલજગત માટેના લેખકોને:**

બાબુભાઈ દોશી. તમારા લેખો મળ્યા છે અવસરે પ્રસિદ્ધ થશે... રમણલાલ કે. શાહ. તમારા પ્રશ્નો તથા અન્ય લેખો મળ્યા છે, પ્રશ્નોના જવાબો આવ્યેથી, શંકા-સમાધાન વિભાગમાં પ્રગટ થશે. અન્ય લેખો અવસરે પ્રસિધ્ધ થશે... શ્રી સતાર બ્હેન. કલકત્તા. તમારા બન્ને લેખો મળ્યા. કલાકારનો લેખ

અવશ્ય પ્રગટ થશે. આ અંકના 'બાલજગત' માં તમે તે જોઇ-શકશો. તમારી શૈલી, ભાષા તથા ભાવ સારા છે. 'કલ્યાણ' માટે લેખો અવશ્ય મોકલતા રહેશો. બીજો લેખ વ્યક્તિગત હોવાથી કલ્યાણમાં પ્રગટ નહિ થાય. એ લેખની ભાષા, શૈલી ઈત્યાદિ ખૂબ જ સુંદર છે. પણ નિરુપાય......કિશોરકાંત ગાંધી. તમારા લેખો, સુવાક્યો ક્રમશઃ પ્રગટ થતા રહેશે... ગુણવંતકુમાર સી. શાહ. ભય વિષેનો તમારો લેખ મલ્યો. બીજા સારા વિષય પર લેખ લખી મોકલો... સેવંતીલાલ વ. જૈન. તમારો લેખ મલ્યો. અવસરે સ્થાન અપાશે... કુંદનમલ એસ. 'વીરદયાળ'નો લેખ અવસરે પ્રગટ થશે......

## 'કલ્યાણના અન્ય લેખકોને !.

હિમ્મતલાલ લાલજી ચીનાઇ-તમારા શબ્દચિત્રો મલ્યાં છે. ફેરફાર સાથે પ્રસિદ્ધ કરીશું...શિવલાલ લવજી શાહ-અમદાવાદ...તમે મોકલેલ લંબાણ લેખ ક્રમશઃ આગામી અંકથી શક્ય હશે તો પ્રસિદ્ધ થશે... મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ-વીસમી સદીની રોમાંચક ઘટનાં આગામી અંકે પ્રગટ થશે. આત્મકલ્યાણના ખપી આત્માઓને કષ્ટ-કેટલું ખમવું પડે છે, એ હકીકત આ ઘટનાથી સૌને જાણવા મળશે... રજનીકાંત વોરા. પુના લશ્કર. કુણાલનો જે લેખ તમે અનુવાદ કરીને મોકલ્યો છે; તેના મૂલ હિંદી લેખક કોણ છે ? તે જણાવવું. કારણ કે, જૈન સાહિત્યમાં 'કુણાલ' વિષે જે હકીકત પ્રચલિત છે, તેનાથી આ હકીકત વિરુદ્ધ આવે છે. એટલે આ કથા પ્રસિદ્ધ કરતાં પહેલાં કેટલીક વિચારણા માંગી લે છે. નવીનચંદ્ર રતિલાલ વઢવાણ-તમારો 'કુરેલી હાંડલી' વાળો લેખ આગામી અંકમાં પ્રગટ થશે...ચંદ્રસેન મગનલાલ નાણાવટી-'નમસ્કાર મંત્રનો મહિમા' એ કથા અવસરે પ્રસિદ્ધ થશે...પ્રવીણચંદ્ર મા૦ શાહ-લેખ મલ્યો છે. અવસરે સ્થાન મલશે ...મનુભાઇ જીવણલાલ સંઘવી. લેખ મલ્યો. કાગળની બે બાજુ લખીને નહિ મોકલતા. આ લેખ પ્રગટ થશે...ડાહ્યાલાલ જમનાદાસ મોદી-તમારી કવિતા પ્રગટ નહિ થાય. સારો લેખ લખી મોકલો...કિશોર વી. ઉદાણી-તમારો લેખ મલ્યો. અવસરે પ્રસિધ્ધ થશે.

## ભાઇ ! મલ્યાનો સદુપયોગ કરજે !

શ્રીમન્ત ! ત્હારી શ્રીમન્તાઇ ત્યારેજ શોભે કે, ત્હારો જાત ભાઇ કોઈ ભૂખ્યો ન રહે !.

પંડિત ! ત્હારું પાંડિત્ય ત્યારેજ શોભે કે, તારી પાસે આવેલો અફળ ન જાય.

ચિત્રકાર ! ત્હારું ચિત્ર ત્યારેજ શોભે કે, જે દ્વારા માનવજાતને પ્રેરણા મળે.

શિલ્પકાર ! ત્હારું શિલ્પ ત્યારેજ શોભે કે, ટાંકણે ટાંકણે પ્રભુનાં પયગામ પાંગરતાં હોય.

સંગીતકાર ! ત્હારું ગીત ત્યારેજ શોભે કે, ત્હારે સરોદે સરોદે માનવ-કલ્યાણ વહેતું હોય.

નૃત્યકાર ! ત્હારું નૃત્ય ત્યારેજ શોભે કે, ત્હારે તાલે તાલે, માનવ તરી જતો હોય.

લેખક ! ત્હારી લેખિની ત્યારેજ શોભે કે, ત્હારે શબ્દે શબ્દે સદ્‌ગુણોની સરિતા વ્હેતી હોય-

કવિ ! ત્હારું કાવ્ય ત્યારેજ શોભે કે, ત્હારી કડીએ કડીએ કર્તવ્યગાથા સરતી હોય.

શ્રી સતાર-કલકત્તા.

## જ્ઞાન ગમ્મત.

અંગ્રેજી એ. બી. સી. ડી. તેમજ આંકના ઉચ્ચારથી નીચેના વાક્યો વાંચો.........

**V૪ કરીને વાંચો.**

(૧) gવન gv જાણવું એ પણ એક કળા છે.

(૨) vદ્યાર્થીઓએ bd pv ન જોઇએ.

(૩) cતાએ બાર વર્ષ વનમાં પતિની સાથે રહી પવિત્ર gવન vતાવ્યું.

(૪) bpન vમાન માર્ગે eટાલી ગયો.

(૫) dલીપ cતારથી સંગીત શીખે છે.

(૬) bહારીલાલે ૯gવનમાં પ્રવેશ કર્યો...

(૭) vદ્યાર્થીઓએ vવેકી, vનયી, vનમ્ર બનતા શીખવું જોઇએ.

શ્રી રમણીકલાલ કે. શાહ (વાપી)

## ધન્ય એ મહામુનિ અને ધન્ય એ ક્ષમા.

'ધર્મલાભ' કહી મુનિરાજ સોનીને ઘેર આવી ઉભા રહ્યા.

સોની મુનિરાજના દર્શનથી પોતાને ધન્ય માનવા લાગ્યો. તેમના આગમનથી પોતાનાં ઘરને પવિત્ર માનવા લાગ્યો. તેની ભાવનામાં અનેરો વધારો થવા લાગ્યો. મુનિ-મહારાજને અંદર વહોરવા લઇ ગયો. ને તેણે મુનિરાજને વહોરાવ્યું.

અહો ! કર્મની ગતિ વિચિત્ર છે ભાવિમાં બનવાનું હોય તે કેમ ટળે ? કર્મરાજા કોઇને છોડે ? મહાપુરુષો અને તીર્થંકરોને પણ કર્મરાજા છોડતો નથી. ખરેખર કર્મરાજાની સત્તા અજબ છે. એની સત્તાને આધીન સહુને રહેવું જ પડે છે. ધર્મસત્તામાંજ એ સત્તા તોડવાનું સામર્થ્ય છે.

સોનીના હાટમાં રહેલા સોનાના જવ એક પંખી ખાવા લાગ્યું. સર્વ જવ ખાઇ તે પંખી ઉડી ગયું. મુનિરાજે તે દૃશ્ય સગી આંખે જોયું.

બહાર આવતાંજ સોનીની નજર હાટ તરફ ગઇ. જવ ન જોવાથી તેને મુનિરાજ પર સંશય આવ્યો. મુનિરાજને સોનીએ પ્રશ્ન કર્યો કે "જવ કોણે લીધા ?"

દયાના ભંડાર એવા મુનિરાજ મૌન રહ્યા. તે જાણતા હતા કે, જો પંખીનું નામ લઇશ તો એ સત્ય માનશે નહિ અગર તો પંખીને મારશે. જો બીજું કાંઇ ખોટું બોલું તો ખોટું બોલ્યાનું મહાપાપ લાગશે. એમ ઉભય વિચાર કરી તેઓ મૌન જ રહ્યા.

સોનીએ એમનેજ ચોર સમજી કડક શિક્ષા શોધી કાઢી. મુનિરાજના મસ્તકે વાધર વીંટી. પણ તે ક્ષમાવંત તો ક્ષમામાંજ લીન હતા. લીલા ચામડાની વાધરથી તડકામાં તેમની આંખો નીકળી ગઇ, વેદનાનો પાર ન રહ્યો અને અંતે તેઓ શિવસુંદરીને વર્યા.

આવા ઘોર ઉપસર્ગમાં પણ તે મહાત્માની કેવી અપૂર્વ ક્ષમા ! કેવો હું હીનભાગી કે મારા લીધે આ બિચારો કેવા ભયંકર કર્મો બાંધે છે ! એના કર્મો ક્યારે છુટશે ! એવી ઊંચી ભાવના ભાવતાં એ મુનિ મોક્ષે ગયા.

આ તરફ તે પક્ષીએ આવી, ત્યાં વિષ્ટા કરવા માંડયું સોની આ દૃશ્ય નિહાળી સ્તબ્ધ થઈ ગયો. કરેલ ભયંકર ભૂલ તેની સામે ઉભી રહી. તે પોતાને ધિક્કારવા લાગ્યો. તેના વિચારો ઊંડા ઊતર્યા. તે વિચારવા લાગ્યો :-

"અરે મેં આ શું કર્યું ! આ મહાત્માને કેવી ભયંકર વેદના આપી કેવા ભયંકર કર્મો બાંધ્યા ! ઓ પ્રભુ ! મારા જેવો હીનભાગી કોણ ? પાપીષ્ઠ કોણ ? હે પ્રભો ! હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ? પ્રભુ ! એ ક્ષમાવંત તપસ્વીને મેં કેટલી અઘોર વેદના આપી ? હે પ્રભો ! મને તારો ! તારો ! મારૂં ભવિષ્ય શું થશે ? પ્રભો ! મારી શી ગતિ !! હું તો હવે એમનો જ માર્ગ સ્વીકારૂં. આ સિવાય અન્ય રસ્તોજ ક્યાં છે ? હે પ્રભુ ! આ ક્ષમાવંતની જેમ ક્ષમા પાળી મારા કર્મો તોડું." એમ ભાવના ભાવતા સોનીએ દીક્ષા લીધી. ખરેખર ક્ષમા એજ સંસારમાં સાચું ભૂષણ છે.

**नरस्याभरणं रूपं रूपस्याभरणं गुण: ।**
**गुणस्याभरणं ज्ञानं ज्ञानस्याभरणं क्षमा ॥**

**શ્રી ભવરલાલ એસ. જૈન.**

## પ્રભુભક્તિ નહિ કરો તો જન્મ એળે જશે.

એક રાજા હતો. એક દિવસ એક સેવક પર પ્રસન્ન થયો. રાજાએ કહ્યું. આજે હું તારા પર પ્રસન્ન થયો છું, માટે આજની સાંજ સુધીમાં તારાથી લેવાય એટલું ધન મારા ભંડારમાંથી લઇ જજે.

તે લોભીયો ઘણો રાજી થયો. દિવસ ઉગતાજ રાજમહેલમાં પ્રવેશ કર્યો, ત્યાં જઇ જોયું તો એક પહોર થઈ ગયો.

ત્યાંથી બીજા ઓરડામાં ગયો, ત્યાં અનેક શણગાર સજી સ્ત્રીઓ હાવભાવ કરી રહી છે. એ જોવામાં બીજો પહોર પણ વીતી ગયો.

ત્યાંથી ત્રીજા ઓરડામાં ગયો. ત્યાં અનેક માણસો હિસાબ-કિતાબ કરી રહ્યા છે. અને પૈસા ગણી રહ્યા છે. આ જોવામાં ત્રીજો પહોર વીતી ગયો.

હવે એક પહોર બાકી રહ્યો. તે ચોથા ઓરડામાં દાખલ થયો, ત્યાં તેને ઠંડકને લીધે ઉંઘ આવી ગઇ અને ચોથો પહોર વીતી ગયો. તેને પહેરાવાળાએ બહાર ધકેલી કાઢયો તે ખાલી હાથે બહાર આવ્યો તે એક પણ રત્ન લઇ શકયો નહિ.

આ પ્રમાણે ધર્મરત્ન લેવા મનુષ્યભવ મલ્યો છે. અનુક્રમે બાળક, યુવાન, અને વૃદ્ધ એ ત્રણે અવસ્થાઓ સંસારની મોહજાળમાં વીતાવી અને ધર્મ કરવામાં પ્રમાદ કરવાથી વૃથા જન્મ ગુમાવી આ આત્મા ભવઅટવીમાં ભમ્યા કરે છે.

**શ્રી રસીકબાળા લાલજી શાહ.**

❋

## ઘરની લક્ષ્મી.

લલિતપુરમાં મોહનલાલ નામનો વણિક રહેતો હતો. તે ઘણો ચતુર, ઉદાર અને ધર્મપ્રેમી હતો. તેની પત્ની મણી અને તેના સ્વભાવમાં આસમાન જમીનનો તફાવત હતો. મણીનો સ્વભાવ કુટીલ અને પ્રપંચી હતો. તેને ચમન અને રમેશ નામના બે પુત્રો હતા. બન્ને પુત્રના વારસામાં તેની માના ગુણ ઉતરી આવ્યા હતા. બન્ને પુત્રનો આવો સ્વભાવ જોઇને મોહનલાલ શેઠને ઘણું લાગી આવતું. તેમણે તેમને સુધારવા ઘણો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. પુત્રની ચિંતામાં તેઓ એક ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યા. અને આખરે તેમનું મૃત્યુ થયું.

થોડો વખત પસાર થયો અને હવે મણીબેન તેમના બન્ને પુત્રોને પરણાવવાની તૈયારી કરવા લાગી. મોહનલાલ શેઠ મરતી વખતે સારી એવી રકમ મુકતા ગયા હતા. તેથી ચમનનું લગ્ન રૂપચંદ્ર શેઠની વિમળા સાથે થઈ ગયું અને રમેશનું લગ્ન નાથાલાલ શેઠની શારદા સાથે થઇ ગયું.

વિમળા તેના પતિ જેવા પ્રપંચી સ્વભાવની હતી. ત્યારે શારદા શાંત, વિનયી, અને સુશીલ હતી. તેણીને તેના પતિના ખરાબ સ્વભાવ વિષે બહુ લાગી આવતું, પણ તેનું તેના પતિ પાસે કાંઇ ચાલતું નહિં. આ પ્રમાણે ઘણો સમય પસાર થયો અને ચમન સ્યામુ નામના અને રમેશ આનંદ નામના એક પુત્રનો પિતા બન્યો.

પોતાના દુરાચારને લીધે રમેશ એક ગંભીર માંદગીમાં પટકાઇ પડ્યો, અને તેની પત્ની શારદાની અત્યંત માવજત છતાં તે આ દુનિયાનો ત્યાગ કરી ચાલ્યો ગયો.

'દુખનું ઓસડ દહાડા' એ કહેવત પ્રમાણે થોડા વખત પછી શારદાનો શોક કાંઇક ઓછો થયો, અને ચમનના કુટિલ સ્વભાવમાં શારદાને ભાગે આવતી મીલ્કત હજમ કરી જવાનો ભયંકર વિચાર આવ્યો. અને તેની પત્ની વિમળાએ તેના તે વિચારને અનુમોદન આપ્યું.

હવે દેરાણી તથા જેઠાણી વચ્ચે વાત-વાતમાં ઝગડો થતો. અને તેથી શારદાને હવે આ ઘરમાં રહેવું યોગ્ય ન લાગ્યું. તેથી તેણે તેના જેઠ પાસે પોતાના ભાગની મિલ્કત માગી ત્યારે ચમને જવાબ આપ્યો કે, 'રમેશ તેના ભાગની તમામ મિલ્કત સટ્ટામાં હારી ગયો છે.' આ જવાબથી શારદા ઘણી જ મૂંઝાણી છતાં તે એક દિવસ તેના પુત્ર આનંદને લઇને ચાલી ગઇ અને દૂરના એક શહેરમાં જઈ વસી.

પોતાના અભ્યાસને લઇને શારદા ત્યાંની એક જૈન પાઠશાળામાં ધાર્મિક શિક્ષિકા તરીકેના સ્થાને જોડાઇ ગઇ અને તેમાં તેનો અને તેના પુત્રનો નિર્વાહ થવા લાગ્યો.

ચમનના કાર્યોનો બદલો હવે એના પાપોદયે મળવા લાગ્યો. ખરેખર છલ-પ્રપંચ સંસારમાં ચિરકાલ ચાલતા નથી. ચમનનો એકનો એક પુત્ર સ્યામુ ટાઇફોઇડની માંદગીથી મૃત્યુ પામ્યો. અને મણી પણ પોતાના કાર્યોનો બદલો લેતી હોય તેમ ૬ માસ સુધી રીબાઇને મરણ પામી, અને ચમને પોતાની અનાવડતને લીધે વેપારમાં ધીમે ધીમે બધું ગુમાવ્યું, અને તદ્દન ગરીબ બની ગયો, તેને ખાવાના પણ સાંસા પડવા લાગ્યા.

આ બાજુ શારદા પોતાની આવડતને લઇને કન્યાશાળામાં મોટી શિક્ષિકાના સ્થાને આવી. અને તેણે સારી એવી રકમ બચાવી. અને તેનો પુત્ર આનંદ પણ ભણીને નોકરીએ લાગી ગયો હતો, અને તે પણ કમાણીમાં તેની માને મદદ કરતો હતો.

શારદાને પોતાની સ્કુલ માટે એક પટાવાળાની જરૂર હતી. તેથી તેણે છાપામાં જાહેર ખબર છપાવી. તેણીના આશ્ચર્યની સાથે જ્યારે તેણીનો જેઠ બીજે દિવસે પટાવાળાની ઉમેદવારી માટે હાજર થયો, ત્યારે તેણીએ તેના જેઠને ઓળખ્યો અને તેણી તેને પોતાને ઘેર લઇ ગઈ. ત્યાં વાતચીત ઉપરથી તેણીને માલુમ પડ્યું કે, તેણીનો જેઠ તેણે કરેલા દુષ્કૃત્યો

માટે પસ્તાતો હતો. હવે તેણીએ તેની જેઠાણી વિમળાને લલિતપુરથી તેડાવી લીધી. વિમળાનો ગર્વ પણ હવે ઓગળી ગયો હતો શારદા પણ ઘણુજ ભાવપૂર્વક પોતાના જેઠ-જેઠાણીની સેવા કરતી અને આ પ્રમાણે આ કુટુંબ સંતોષથી સમય પસાર કરવા લાગ્યું.

**રમણિકલાલ વ્રજલાલ.**

## સત્યની શોધનો માર્ગ.

સોનું સૌને પ્રિય છે. જેમ ચોમાસાની મોસમમાં વરસાદ ખૂબ પડે છે. જ્યારે વરસાદ જમીનને ધોઇ નાંખે છે, ત્યારે ધૂળ-ધોયાઓ જમીનનો બધો કચરો લઈ શ્રમ ઉઠાવી તેમાંથી સોનું શોધે છે. પુરુષાર્થ કરતાં તેમાંથી કંઈયે કીંમતિ ચીજો હાથમાં આવે છે, અને પોતાના શ્રમને સફળ માને છે, કારણ કે કીંમતિ ચીજ એના હાથમાં આવતાં પોતાની આજીવિકા માટે તે સાધન બની જાય છે. કરોડો અસત્યોના જાળાઓ નીચે સત્ય છૂપાયેલું છે. "સત્ય સંશોધન" માટે ધૂળ-ધોયાની જેમ અવિરત પુરુષાર્થ ખેડવો પડે છે. નક્કર પુરુષાર્થ, દૃઢ વિશ્વાસ અને અવિચળ ધૈર્ય એ ત્રણે વસ્તુઓ વાસ્તવિક સત્ય શોધવાના સુંદર સોપાનો છે. આત્મા એ અવિચળ સુખનો ભોક્તા છે. અનંત જ્યોતિર્મય છે' એ સત્ય સંશોધન કરવા રાજમાર્ગ કોઇપણ હોય તો ફક્ત એક જ ત્યાગ, વૈરાગ્ય, અને સંયમ છે. આ ત્રણેની આરાધના થતાં સત્ય સ્વરૂપ આપોઆપ પ્રગટ થઈ જાય છે, માટે હે બંધુઓ! આપણે બધાએ સંસારની ઉપાધીઓ છોડી, ફોગટના સંકલ્પ-વિકલ્પને ત્યાગી, માત્ર વીતરાગ-પરમાત્માના માર્ગને આરાધવા પ્રયત્ન કરીએ!

**શ્રી છોટાલાલ લખમશી દોઢીયા.**

## જિનદેવના દર્શનનો પ્રભાવ.

મણિપુર નામનું એક વિશાલ નગર હતું. એ નગરમાં વીરદત્ત નામે એક શેઠ રહેતા હતા. શેઠ ભલા, શાંતિને ચાહનારા અને ધાર્મિકવૃત્તિના હતા. તેઓ હંમેશા ભાવથી જિનેશ્વરપ્રભુની ભક્તિ કરતા હતા. તેઓને દેવદત્ત નામે એક પુત્ર હતો. તેનામાં એક મોટી ખામી હતી. તે કોઇપણ દિવસ જિનેશ્વરપ્રભુનાં દર્શન કરતો ન હતો, શેઠજીએ તેને ઘણો સમજાવ્યો પણ તેણે તેમનું ગણકાર્યું નહિ.

શેઠ ધાર્મિકવૃત્તિના હતા, તેવા જ સમજુ અને વિચારવંત પણ હતા. તેઓને દેવદત્તની ભારે ચિંતા થવા લાગી. જો મારો છોકરો જિનેશ્વરપ્રભુના દર્શન કર્યા વગરનો જ રહેશે તો તેની દુર્ગતિ થશે, માટે મારે કોઈપણ ઉપાય તો કરવો જ જોઇએ, એમ વિચાર કરતા શેઠને એક ઘણોજ સુંદર ઉપાય સૂઝી આવ્યો.

વીરદત્ત શેઠે પોતાના મકાનમાં જવા આવવાનો દરવાજો એકદમ નાનો કરાવ્યો. અને તેની અંદર અને બહાર એમ બન્ને બાજુ મહાવીરસ્વામી આદિ તીર્થંકરોની છબી મઢાવી, હવે દેવદત્ત જ્યારે બહાર જાય કે અંદર આવે ત્યારે નમવું પડતું, એમ અનિચ્છાએ પણ દિવસમાં પાંચ, દસ વખત નમન થતું એમ દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. એક દિવસ અકસ્માતથી તે છોકરો મરણને આધીન થયો.

પ્યારા મિત્રો! માછલાં અસંખ્ય પ્રકારના હોય છે. તેમાં તે છોકરો મરીને જિનેશ્વરદેવની મૂર્તિના આકાર જેવો માછલો થયો. અનિચ્છાએ પણ જિનેશ્વરદેવને નમન કરવાના પ્રભાવથી તે માછલો પોતાના આકારને જોઇ વિચારવા લાગ્યો; એવું મેં કાંઇ જોયું છે. એવું મેં કાંઈ જોયું છે. એમ વિચાર કરતા તે માછલાને જાતિસ્મરણ જ્ઞાન થયું, અને તેણે પોતાનો પૂર્વભવ જોયો. પૂર્વભવ જોતા જ તે પોતાને ધિક્કારવા લાગ્યો. અરે! મારા જેવો હીનભાગી બીજો કોણ? મનુષ્ય ભવ પામીને મેં ફોગટ ગુમાવ્યો. મારા પિતાજીએ મને ઘણો સમજાવ્યો, પણ મેં તેમનું ન માન્યું, એમ વિચાર કરી તે માછલાંએ આહાર-પાણી કાંઇપણ ન લેવાનો અભિગ્રહ કરી લીધો, અને ચોથે દિવસે મરણ પામી દેવલોકે ગયો.

પ્યારા બાલમિત્રો! અનિચ્છાએ પણ જિનેશ્વરદેવને નમન કરવાથી જો આત્મા દેવલોકે ગયો, તે જિનેશ્વરદેવની ભાવથી ભક્તિ કરવાનો કેટલો બધો પ્રભાવ હશે! એની કોઈ કલ્પનામાત્ર પણ કરી શકશે કે? ન જ કરી શકે, માટે હંમેશાં જિનેશ્વરદેવની ભક્તિ કરી જીવનને સફલ કરજો.

**શ્રી જવાનમલ ફુલચંદજી**
મંત્રી-જૈન બાલ મંડળ,
કલ્યાણ (થાણા)

## સાધર્મિક-ભક્તિના માર્ગમાં કાંટા ઉગાડતો દુશ્ચરિત એવો-

## પંક્તિભેદ:....શ્રી પન્નાલાલ જ. મસાલીઆ.

દીપક મ્હારો મિત્ર છે. સ્વાભવિક એનામાં ઘણા ગુણો છે, એનું હૃદય ભોળું અને સરળ છે; પણ સૌથી વધારે શ્રેષ્ઠ ગુણ તો-એનામાં નિર્ભિકતાનો છે. ખરાનું ખરૂં કહેતાં એ કદી અચકાતો નથી. અને ત્યારે એ મોટા લાટ કે ચમરબંધીનીય પરવા કરતો નથી.

એક કમનસીબ પળે એ પોતાના મિત્રને ઘરે જમવા ગયેલો. ઘણું કરીને લગ્નનો જ કોઇ પ્રસંગ હતો. ત્રણ ચાર પકવાન, એટલાં જ મઝાના શાક, રાયતાં અને ચટણી આદિ કરેલાં.

મિત્ર પોતે જ આગ્રહ કરી જુદી જુદી વાનીઓ પીરસી રહ્યો હતો. પકવાન અને શાક આદિ પીરસાઇ રહ્યા બાદ એણે હળવેક રહી દીપકના થાળમાં થોડી ચટણી મૂકી દીધી. બીજા પણ બે-પાંચના થાળમાં એ રીતે ચટણી પહોંચતી થઇ ગઇ. બાકીના એમ જ રહ્યા. !

આવી નાની બાબત પર ઘણાઓનું તો ધ્યાન સુદ્ધાં ગયેલું નહિ. કોઇનું ગયું હશે, તો ફાટી આંખે ચૂપકીદી સેવેલી, થોડાક રસિયાઓ તો બાકીનો માલ પણ ગનીમત છે એમ ધારી અરધા વાંકા વળી એમાં ગુલતાન બની ગએલા.

પણ આ નાની ચટણીએ દીપકને તો ખૂબ મુંઝવણમાં મૂકી દીધો. એનું મન ઝોલે ચડી ગયું. આ ચટણી પોતાને જ મળી અને બીજાને શા સારૂં નહિ ? એક પંક્તિમાં બેસેલા બધા જ ભાઇઓ છે, હોય તો પછી આ ભેદ કેમ રખાતો હશે. ?

"કેમ શું જોઇએ છે ?" દીપકને વિચારમાં અટવાતો જોઇ મિત્રે પૂછયું.

"કાંઈ જ નહિ."

"તો પછી શાના વિચારે ચડયા છો ?" મિત્ર જરા પાસે આવ્યો.

"આ ચટણી પાછી લઇ લ્યો. !"

"કેમ ?"

"મ્હારે જોઈતી નથી."

"બાધા છે ?"

"ના."

"ત્યારે ?"

દીપક શું કહે ? ત્રીસ પાંત્રીસ માણસની વચ્ચે મિત્રના આ 'પંક્તિભેદ'નું વર્ણન કરે ? એમ કરવાથી મિત્રના હૃદયને જરૂર આઘાત લાગે ! એને માટે એક માર્ગ હતો 'ભાવતી નથી' એમ કહેવાનો. પણ એ રીતે જુઠું બોલવાની એને આદત ન હતી. જરૂર પણ ન હતી.

"આ ચટણી-"

"ધાણા, મરચાં અને લીંબુ સિવાય એમાં બીજું કાંઇ જ નથી." દીપકને અધવચ્ચ અટકાવી મિત્રે ધીમેથી જવાબ આપ્યો.

"પણ-"

"શું ?"

"પહેલાં તે આ બધાને આપો, પછી જ મ્હારા થાળમાં મૂકો !"

વિદ્યુતનો આંચકો લાગે અને જેવી દશા થાય બરાબર તેવી જ દશા એ મિત્રની થઇ ગઇ. એનેય અચરજ તો થયું જ હશે, કે આ તો કેવો તરંગી જવાન ? કે પછી એને ગાંડપણ થયું હશે ! નહિ તો આમ થાળીમાં એક ચીજ વધારે આવે અને પાછી કાઢે ? એ તો આંખોમાં આંખો પરોવી ઉજ્જડ ચહેરે દીપકને જોઇ જ રહ્યો. !

આ તો એક ખૂબ સામાન્ય વાત છે. પણ આ ભેદ તો ખુબ ઉંડો વિસ્તાર પામેલો છે, આશ્ચર્ય તો એ છે કે, ભદ્ર અને શ્રેષ્ઠ ગણાતા સજ્જનો પણ જાણ્યે-અજાણ્યે આ નિંદ્ય પંક્તિભેદથી સાવ ખરડાયા વિના નથી રહ્યા! આ મહાનુભાવોની આંખો ખોલવા કોઈ પ્રયત્ન કરે, તો એ મિથ્યા! બહુધા એ જ લોકો બળતા અને ક્યારેક તો તદ્દન ઉપજાવી કાઢેલા વાહિયાત આક્ષેપો કરી, અથવા તો હાથ નીચેના તુચ્છ, નાચીઝ અને ઘાસના બી જેવા આદમીઓનો બચાવ કરી એમાં જ પોતાની ક્રિયમાણતા માની રહે છે. પણ આ કંઇ ઠીક થતું નથી!

પંક્તિભેદ એ હરહંમેશ એક સરખો અ-જુગતો ને વિચારમૂઢ બનાવી દે એવો ભેદ છે. એ ખીલજીઓના જુલમ કે ગુલામોની પીઠ ઉતરડી નાખતા ફાસિસ્ટોના ચાબૂકથીયે કેં વધારે પીડાકારી છે. જ્યાં જ્યાં આ ભેદ ખચેલો માલમ પડે ત્યાં સ્વમાનશીલ વ્યક્તિ-ઓએ હરગીઝ જવું ન જોઇએ. પછી એ નાત-જાતના જમણ હોય, આજના ભોજન સમારંભો હોય, સ્વામિવાત્સલ્યો હોય અગર તો દબદબા ભરેલા મોટા સંઘના બહુમૂલ્ય મિષ્ટ પક્વાનોનાં ખડકલા કાં નથી હોતા!

કદી અણધાર્યે પ્રસંગે પૂર્વજન્મના સ્નેહથી આવા કોઇ સ્થાનકે ભરાઇ ગએલા હોઇએ તો પ્રસંગ અને પોતાનું સામર્થ્ય જોઇ, વિનય અને શિષ્ટતાથી એમને સમજાવી દેવા જોઇએ, ન માને તો ખુલ્લા પાડી દેતાં શીખવું જોઇએ. પછી તે ગમે એવા મોટા સત્તાવાન કે ધર્મતંત્રના દેખીતા હિમાયતી હોય, પણ એમની શેહ, શરમ કે પ્રભાવ જોઈ દબાઇ જવું નહિ. જબાન ન હોય એ મૂંગા-મંતર, ચૂપચાપ ભલે બેસી રહે, કે સંકોચ ધારણ કરે, પણ સો વાતની એક વાત કોઇની પણ કેવળ હા, જી હા કરી કે મીઠું ભાવતું કહી ખોટા માખણ તો ન જ દયો! તમારામાં એકવાર એ સત્ય કહી દેવાની હિંમત અને દ્રઢતા આવી જશે તો સંસારની એવી કોઇ તાકાત નથી કે જે તમારી આંખ સામે આ આળવીતરાં ભેદો ક્ષણવાર પણ ચલાવી શકે!

ખરી સાધર્મિકતા એ તમારી જિંદગીનું અમોલું ઝવાહિરાત બની રહો! જીવનની સમર્થ ક્રિયાશકિતઓ એનું રક્ષણ કરો! જાણી લ્યો! એક એક સાધર્મિકબંધુ પછી તે નાનો કે મોટો, ગરીબ કે શ્રીમંત, અજ્ઞાન કે પંડિત, રમતિયાળ કે કાર્યશીલ ગમે તે હોય પણ પાટલે બેસી જમતી વેળા પોતાના સરખોજ છે, એમ માની ખૂબ હરખભેર આદર અને સત્કારથી એને નવાજવાનો છે, કેવળ મધ—મીઠા, જુઠ્ઠા શબ્દોથી નહિ, હૈયાના શુદ્ધભાવ અને પ્રેમના અજબ-જાદુથી એને વશ કરી લેવાનો છે. ઐક્યતાનું આત્મ-ભાન સર્જાવી જૈન-સંઘને સંજીવન કરવાના ભારે કર્મ-કૌશલમાં એને ઉદ્યુકત કરવાનો છે. ભલા! સ્વયં જાગૃત રહી, સંઘજાગૃતિની જોશી-લી ક્રિયાશીલતામાં એને પ્રવૃત કરી મૂકવાનો છે. જ્યાં બધાજ એક બાપના પુત્ર છે, ત્યાં આ ભેદી કલુષિત તૂચ્છતાનો અર્થ રહે છે ખરો?

દસ-વીસ વર્ષ પહેલાંનો યુગ જુદો હતો, આજની દુનિયા જુદી છે. ત્યારે તો સાંજના જમણ માટે સવારથી ભૂખ્યા રહેનારાઓ પણ હતા, જમવા માટેના આમંત્રણો સ્વતઃ માગી લેનારા પણ હતા, જમવા માટે પડાપડી થતી પણ આજની દુનિયા સાવ જુદી છે. આજ

તો પુરા સ્વમાનનો યુગ છે. આજની પ્રજા એ પેલા જૂના પરોણા જેવી રહી નથી. એ જમવા કરતા ભૂખ્યા રહેવું પસંદ કરે છે, પણ જમવા ખાતર મારી કે તમારી કોઇની કદમબોશી કરતા નથી. આજ તો એક સામાન્ય મનુષ્ય પણ આવી હલકી મનોદશા સેવતો નથી, તો જૈનભાઇની વાત જ કયાં રહી. !

સમાજની સિંદુર-સેંથીએથી આ ન્હાનું છતાં કાળું કલંક હવે પલનાયે વિલંબ વિના નામશેષ થઇ જવું જોઇએ છે. એનો મૃત્યુઘંટ વગાડી દેવો જોઇએ છે.

---


# વિવિધ પૂજા સંગ્રહ

જેમાં નવપદજીની વિધિ, શ્રી વીરવિજયજી કૃત પૂજાઓ, બારવ્રતની પૂજા, પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા, અને નવપદ આરાધનની પૂજાઓ વગેરે છે.

પાકું પુઠું, મોટા ટાઇપ, સારા કાગળ, ૪૦૦ પેજ છતાં મૂલ્ય રૂા. ત્રણ પોષ્ટેજ અલગ.

**સ્નાત્ર મહોત્સવ**

મુંબઈ શહેરમાં હંમેશાં સંગીત સાથે સ્નાત્રપૂજા, શાંતિકળશ અને અષ્ટપ્રકારી પૂજા સવારના સાત વાગે શ્રી લાલબાગ મોતીશા શેઠના દહેરાસરે ભણાવાય છે, તો દરેક ભાઇઓને પધારવા વિનંતિ છે.

**શ્રી લાલબાગ સ્નાત્ર મંડળ**

ખેતવાડી, ૩ જી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો
૧ લે માળે, મુંબઈ ૪.

**શા. ચંદુલાલ જે. ખંભાતવાળા**
**શા. સોહનલાલ મલુકચંદ વડગામવાળા**
ઓ. સેક્રેટરીઓ.




**પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ.**

જેઓને ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કર્યાને માગસર વદિ ૬ ના રોજ ૨૧૦ દિવસ થયા હતા. તે દિવસે પૂ૦ મહારાજશ્રીએ ૨૧૦ ગાથાઓ કંઠસ્થ કરી હતી. એકજ દિવસમાં ૨૧૦ ગાથાઓ કર્યાનો કોઇ રેકર્ડ હમણાં નોંધાયો હોય એમ અમારી જાણમાં નથી. પૂ૦ મહારાજ શ્રી પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્ય છે.

# ઓ મારા વીરના બાલુડા

[ચાલ – ઓ મારા રામના રખવાળા.......ગાડાનો બેલ.]

ઓ...મારા વીરના બાલુડા, કાયર હોય નહિ;
કે એના સેવકની શૂરતા તો, ઓછી હોય નહિ...ઓ૦

વીરના પુત્રો વીર જ પાકે, કાયર ભાગે એની હાકે;
અહિંસાના પાલણહારા, કાયર હોય નહિ...ઓ૦

કુમારપાળ ને વીર ભામાશા, તેજપાળ ને શ્રી વિમળશા;
નરવીરોના ચમકારા, ઓછા હોય નહિ...ઓ૦

ન્યાય–નીતિથી તેઓ લડતા, દયા–દાનને નહિ વિસરતા;
જિન–શાસનના સિતારા, કાયર હોય નહિ...ઓ૦

કેવાં ઉત્તમ કામ કરીને, જગ જયવંતી કીર્તિ વરીને;
વીર—વાણીને પીનારા, કાયર હોય નહિ...ઓ૦

શાસન કેરો ધ્વજ લહેરાવી, અહિંસાની ડિંડમ વગાડી;
શાસન દીપાવનહારા, કાયર હોય નહિ...ઓ૦

રાગ–દ્વેષનો લેશ નહિ જ્યાં, શમરસ છોળો ઉછળે છે જ્યાં;
જિનના સેવક પ્યારા, કાયર હોય નહિ...ઓ૦

મહાવ્રતધારી ગુરુવર જેના, સિધ્ધાંતો છે ઉંચા એના;
દયા–દાનને નહિ ચૂકનારા, કાયર હોય નહિ...ઓ૦

લબ્ધિ–લક્ષ્મણ કીર્તિ કહે છે, નામ અમર જગ જેનું રહે છે;
દુઃખીનાં દુઃખ હરનારા, કાયર હોય નહિ....ઓ૦

પૂ૦ મુ. શ્રી કીર્તિવિજયજી મહારાજ.

# આત્માને હિતકર એવા દ્રવ્યાનુયોગની મહત્તા.

[ દ્રવ્યગુણ-પર્યાયના રાસનું સારભૂત અવતરણ ]

**પૂ. પન્યાસજી શ્રીમદ્ ધુરંધરવિજયજી ગણિવર.**

અનુયોગ એટલે સૂત્રના અર્થનું વ્યાખ્યાન. અર્થનું વિસ્તારથી વિવરણ. એ અર્થ-વિવેચન-સ્વરૂપ અનુયોગના ચાર પ્રકાર છે. આચારાંગસૂત્રમાં આચારનું વર્ણન આવે છે, તે ચરણકરણાનુયોગ કહેવાય છે. એ પ્રમાણે અન્ય પણ દશવૈકાલિકસૂત્ર-ઓઘનિર્યુક્તિ-પિંડનિર્યુક્તિ વગેરે સૂત્રો આચારને સમજાવતા હોવાથી ચરણકરણાનુયોગ પ્રધાન છે. ચન્દ્રપ્રજ્ઞપ્તિ-સૂર્યપ્રજ્ઞપ્તિ-જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-જ્યોતિષ્કરંડક વગેરે સૂત્રોમાં ગણિતની પ્રધાનતા છે, એટલે તે તે ગ્રન્થો ગણિતાનુયોગ કહેવાય છે. જ્ઞાતાધર્મકથાંગ-ઉપાસકદશાંગ-ઉત્તરાધ્યયન આદિ સૂત્રોમાં ધર્મકથાઓ વિશેષે આવે છે, માટે તે ધર્મકથાનુયોગ છે. સૂત્રકૃતાંગ, પ્રજ્ઞાપના આદિ આગમો અને સમ્મતિતર્ક, તત્ત્વાર્થાધિગમસૂત્ર વગેરે પ્રકરણગ્રન્થો દ્રવ્યાનુયોગના વિશિષ્ટ ગ્રન્થો છે.

(૨) જેમાં દ્રવ્ય,ગુણ અને પર્યાયનો વિચાર કરવામાં આવે તેદ્રવ્યાનુયોગ કહેવાય છે.આત્માનું વિશિષ્ટ કલ્યાણ સાધવાનું સમર્થ સાધન કોઇ હોય તો તે દ્રવ્યાનુયોગની વિચારણા છે. જ્યાં સુધી આત્માએ એ વિચારણા નથી કરી, કરી છે તો સ્થિર નથી થઇ, ત્યાં સુધી ચારિત્રની આરાધના વિશિષ્ટ ફલ આપતી નથી. ચરણકરણ એટલે ચારિત્રની આરાધના, તેનું વિશિષ્ટ ફલ કેવલજ્ઞાન છે. તે પ્રાપ્ત કરવા માટે શુક્લધ્યાન જોઇએ. શુક્લધ્યાન ધ્યાતો આત્મા દ્રવ્યાનુયોગની વિચારણા કરે, જેને દ્રવ્યાનુયોગની વિચારણા ન હોય તે આત્મા શુકલધ્યાન ધ્યાવા માટે સમર્થ બની શકે નહિં. સમ્મતિતર્કમાં શ્રી સિધ્ધસેન તો ત્યાં સુધી કહે છે કે, ચરણકરણમાં ઘણાં આગળ વધેલા હોય, પણ જેઓ સ્વસમય અને પરસમય જાણતા નથી, તેઓ નિશ્ચય શુધ્ધ ચારિત્રનો સાર જાણતા નથી. તે સમ્મતિતર્કની ૩ જા કાંડની ૬૭ મી ગાથા આ પ્રમાણે છે.

चरणकरणप्पहाणा,
ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं,
णिच्छयसुद्धं न जाणंति ॥ ३ ॥६७॥

(૩) આત્માને હિતકર બે યોગ છે, એક ચરણકરણાનુયોગ અને બીજો દ્રવ્યાનુયોગ. શુધ્ધ આહાર-પાણી વાપરવા, ઉત્કૃષ્ટ ક્રિયાકાંડની સાધના કરવી, વિવિધ તપશ્ચર્યા કરવી ઇત્યાદિ ચરણ-કરણાનુયોગ છે, અને આત્મ-લક્ષ્ય ચૂક્યા વગર ષડ્દ્રવ્યની સૂક્ષ્મ ચિંતવના કરવી એ દ્રવ્યાનુયોગ છે. તેમાં પ્રથમ યોગ નાનો છે, અને બીજો યોગ મોટો છે, તેમાં પ્રથમને સાચવવા જો બીજાનો ભોગ આપવો પડે તેમ હોય તો શું કરવું ? બીજાને સાધવા જતાં પ્રથમના યોગમાં ક્ષતિ પહોંચતી હોય તો શું કરવું ? એ બે પ્રશ્નો થાય છે. બન્ને સધાતા હોય તો કાંઇ પ્રશ્ન જ નથી. બીજાના ભોગે પ્રથમની સાધના કરવી એ વ્યાજબી નથી એમ સ્પષ્ટ શાસ્ત્રો કહે છે. સાધ્યને ભોગે સાધનનું રક્ષણ કરવું એ ઉચિત ન ગણાય. સાધ્ય બીજો યોગ છે, પ્રથમ યોગ સાધન છે. ઉપદેશપદ આદિ ગ્રંથોમાં સ્પષ્ટ કહ્યું છે કે, બાહ્યવ્યવહારને મુખ્ય કરીને જ્ઞાનમાર્ગને ગૌણ કરવો એ અશુભમાર્ગ છે. જ્ઞાનમાર્ગને પ્રધાન કરવો એ ઉત્તમમાર્ગ છે. ગુરુકુલવાસમાં રહેવા માટે ભારપૂર્વક જે શાસ્ત્રોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેમાં પણ મુખ્ય આશય આ છે. જ્ઞાનની વિશિષ્ટપ્રાપ્તિ ગુરુકુલવાસમાં વસવાથી થાય છે. કેટલાએક ચારિત્રના વિશિષ્ટ પ્રકારોની સેવના ગુરુકુલવાસમાં ન બને એ સંભવિત છે, છતાં જો એવા વિશિષ્ટ પ્રકારોની સેવના માટે મુનિ ગુરુકુલવાસ ત્યજી દે તો તે પરંપરાએ વિરાધકભાવને પામે છે. શ્રી હરિભદ્રસૂરિજી મ. ષોડશકમાં ઉપરોક્ત હકીકતને જણાવતાં કહે છેઃ-

गुरुदोषारम्भितया,
लध्वकरणयत्नतो निपुणधीभिः ।
सन्निन्दादेश्च तथा,
ज्ञायत एतन्नियोगेन ॥१-९॥

એટલે બીજાને ભોગે પ્રથમની રક્ષા એ માર્ગ નથી, એ સ્પષ્ટ સમજાય એવું છે. જેનામાં બીજા યોગને સાધવાની વિશિષ્ટ યોગ્યતા જ ન હોય એને માટે આ વાત નથી. એ તો જે દૂષણો લગાડે, જેટલી ઓછી આરાધના કરે તેટલું ગુમાવેજ છે.

બીજા યોગની વિશિષ્ટસાધના કરતા આત્માને પ્રથમ યોગમાં ક્ષતિ પહોંચતી હોય તો તે ક્ષંતવ્ય છે, પણ તે સાધક પોતે પોતાનું સૂક્ષ્મહિત સાધવાની ખૂબ કાળજી સેવતો હોય, પ્રથમ યોગની આરાધનાની ક્ષતિને તે ક્ષતિ તરીકે સમજતો હોય, તેમાં તે રાચતો ન હોય, તેની એવી રીતે પુષ્ટિ ન કરતો હોય કે જેમાંથી અનેક અનર્થો જન્મે, એવા અધિકારી બીજા યોગમાં આગળ વધતા ખરેખર તરી જાય છે.

મુનિધર્મનું આરાધન કરતાં આત્માઓ આહાર-શુદ્ધિ ઉપર ખૂબ લક્ષ્ય રાખે છે. તેમાં પણ આધાકર્મ-દોષ આહારના દોષોમાં મોટો દોષ છે. એ દોષને પરવશ પડેલ મુનિ પરંપરાએ મુનિધર્મના અનેક આચારોમાં મંદ અને શિથિલ પરિણામ ધારણ કરતો થઈ જાય છે. એ દોષથી બચવા માટે શાસ્ત્રકારોએ પણ ખૂબ ભાર મૂકયો છે. આધાકર્મ એટલે મુનિને માટે ગૃહસ્થે કરેલ આહાર વગેરે, આ આધાકર્માદિ દોષો પણ દ્રવ્યાનુયોગના અધ્યયન–વિચારણામાં તન્મય મુનિને લાગતા નથી, એટલું તે યોગનું સામર્થ્ય છે. જાણી જોઈને એ દોષો તો આ યોગવાળો આત્મા સેવે જ નહિ, પણ સકારણ જ્ઞાનયોગની વિશિષ્ટ આરાધનાને અંગે કદાચ એ દોષ લાગે તો પણ તેનો તે મુનિને ભંગ ન લાગે. એ દોષો તે મુનિને એવા હાનિકર ન થાય. એ યોગનો રંગ જ જુદો છે. ભાવની પ્રબળ ઉજ્જવળતા તેવી મલિનતાને ધોઈ નાખે. પંચકલ્પ-ભાષ્યમાં એ અધિકાર છે. ગુરુપરંપરાએ પણ એ વાત સંભળાય છે. આહારાદિના શુધ્ધ ને અશુદ્ધ-પણાની વિચારણા શાસ્ત્રકારોએ એકાંતે નથી કહી, તેમાં અનેકાંત છે, સ્યાદ્વાદ છે. અમુક પ્રસંગે શુધ્ધ ગણાતા આહારાદિ અશુધ્ધ છે ને અશુધ્ધ ગણાતા પણ શુધ્ધ છે. સૂત્રની નીચેની ગાથાઓ તે સમજાવે છે.

**आहागडाइं भुंजंति अण्णमण्णे सकम्मुणा ।**
**उवलित्ते वियाणिज्जा, अणुवलित्तेत्ति वा पुणो**
**॥ २. ५. ८. ॥**

**एएहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जइ ।**
**एएहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए ॥**
**२. ५. २. अङ्के २१ (अध्य०)**

પ્રશમરતિગ્રન્થમાં ભગવાન્ ઉમાસ્વાતિજી મ. પણ આ અધિકાર સમજાવતા કહે છે.–

**किञ्चिच्छुध्धं कल्प्य-मकल्प्यं स्यात्**
**स्यादकल्प्यमपि कल्प्यम् ।**
**पिण्डः शय्या वस्त्रं, पात्रं वा भेषजाद्यं वा**
**॥ १४५ ॥**
**देशं कालं पुरुष-मवस्थामुपयोगशुद्धि-**
**परिणामान् ।**
**प्रसमीक्ष्य भवति कल्प्यं, नैकान्तात्**
**कल्प्यते कल्प्यम् ॥ १४६ ॥**

આ કહેવાનો આશય એ છે કે, કેટલાએક વિશિષ્ટ જ્ઞાન–યોગીઓ બાહ્યક્રિયામાં કદાચ સકારણ અલ્પ દેખાતાં હોય, તો તેઓની તે અલ્પતા જોઈને તેમના પ્રત્યે બહુમાન ઓછું ન કરવું. તેઓ ઓછા આરાધક છે એવું ન સમજવું. એમ માનવા ને સમજવાથી પોતાને અને શાસનને હાનિ પહોંચે છે. પોતે બાહ્યક્રિયાઓની શુદ્ધિ અધિક જાળવે છે માટે સારો છે ને બીજા ખરાબ છે એ માન્યતા અશાસ્ત્રીય છે.

(૫) બાહ્ય ક્રિયા એ બહિર્યોગ છે. બાહ્યયોગ કરતાં અન્તર્યોગ બળવાન્ છે. દ્રવ્યાનુયોગ એ અભ્યન્તર યોગ છે. બાહ્યયોગની ન્યૂનતાવાળો મુનિ પણ અભ્યન્તર યોગમાં આગળ વધેલો હોય, વિશિષ્ટ જ્ઞાની હોય તો શ્રી ધર્મદાસગણિજી ઉપદેશમાળામાં કહે છે કે, તે ભલો છે આરાધક છે.

**नाणाहिओ वरतरं,**
**हीणो वि हु पवयणं पभावंतो ।**
**ण य दुक्करं करंतो,**
**सुट्ठु वि अप्पागमो पुरिसो ॥ ४२३ ॥**

વળી.

**हीणस्स वि सुद्धपरूवगस्स,**
**नाणाहिअस्स कायव्वं ।**

આ ગાથાર્થ પણ ઉપરની હકીકતને પુષ્ટ કરે છે. એટલે ક્રિયાની ઓછાશ દેખીને જ્ઞાનવંતની અવજ્ઞા ન કરવી, પણ તેવા આત્માઓ જ્ઞાનયોગે શાસનના પ્રભાવક છે, એમ માની તેમનું બહુમાન કરવું, વધારવું.

(૬) જ્ઞાનયોગની વિશિષ્ટ સાધના કરતાં મુનિની અવજ્ઞા ન કરવી, એ તો સમજાય એવું છે. પણ એ આત્મા વિશિષ્ટ ક્રિયાકાંડમાં ઉપયુકત ન રહે તો પોતાનું કલ્યાણ કેમ સાધી શકે ? આત્માનું વિશિષ્ટ કલ્યાણ સાધવા માટે જ્ઞાનયોગ જેમ આવશ્યક છે

તેમ ક્રિયાયોગ પણ આવશ્યકજ છે. એ યોગ વગર તો આગળ ન વધાય. જ્ઞાની જો પ્રમાદમાં પડી જાય તો તેનું અવલંબન લઈને અનેક આત્માઓ પ્રમાદ કરવા લાગે ને તેથી સ્વ-પરનું અહિત થાય એ ખરી વાત છે. ઉપર જે જ્ઞાનયોગીને માટે કહેવામાં આવ્યું છે, તે તેના પ્રમાદની પુષ્ટિને માટે નથી પણ જ્ઞાનયોગ મહત્તાને માટે છે. એવા જ્ઞાનયોગીઓ પ્રમાદી ન હોય. અવશ્યકરણીય ક્રિયાકાંડમાં સતત ઉપયુક્ત હોય. જ્ઞાનયોગની વિશિષ્ટ સાધના કરતાં તેઓ કેટલાક બાહ્ય ક્રિયાકાંડને ન સાધી શકતા હોય, છતાં તેઓ જ્ઞાનયોગના સામર્થ્યથી વિશિષ્ટ કલ્યાણ સાધતા હોય છે. દ્રવ્યાનુયોગની વિશિષ્ટ વિચારણા દ્વારા તેઓ ક્ષપકશ્રેણિ માંડે, શુકલધ્યાન ધ્યાવે ને કેવળજ્ઞાન મેળવે છે. આત્મ-દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદની ચિંતવના એ શુકલધ્યાનનો પ્રથમ પાયો છે. ને તેના અભેદની ચિંતવના એ બીજો પાયો છે. શુધ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયની ભાવનાથી સિધ્ધસમાપત્તિ-રૂપ શુકલધ્યાનનું ફળ પ્રાપ્ત થાય છે. પ્રવચનસારમાં કહ્યું છે કે,

जो जाणदि अरिहंते,
दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणदि अप्पाणं,
मोहो खलु जादि तस्सलयं ॥१८०॥

દ્રવ્યાનુયોગની વિચારણા આત્માને દુર્લભ છે. એ જો સાચી રીતે મળી જાય તો આત્માનો બેડો પાર થઈ જાય. બાહ્ય ક્રિયાકાંડ તો તેની અપેક્ષાએ ઘણાં સુલભ છે. ગુરુગમની આ માર્ગમાં ઘણી જરૂર છે. એ લીધા વગર આવા વિચારો આત્માને જો વિપરીત-રૂપે પરિણમે તો તે ડુબી જાય છે. માટે બહુ કાળજીથી આ વિચારોનું રહસ્ય સમજવાનું છે.

(૭) વિશિષ્ટ ક્રિયાકાંડની સાધના કરતો હોય છતાં પણ જો મુનિ ગીતાર્થ ન હોય અથવા ગીતાર્થની નિશ્રાએ ન હોય તો તે આરાધક નથી. ઉત્સર્ગ અને અપવાદ, સ્વ-સમય ને પરસમય જે જાણે છે તે ખરો સાધુ છે. તેની નિશ્રાએ રહીને આત્મકલ્યાણ સાધતો હોય તે સાધુ છે. એ સિવાય ત્રીજો પ્રકાર નથી. આ વાત સમ્મતિતર્કમાં શ્રી સિદ્ધસેને કહી છે. વ્યવહારસૂત્રમાં પણ આ હકીકત છે.

गीयत्थो य विहारो,
बीओ गीयत्थनिस्सिओ भणिओ ।
इत्तो तइय विहारो,
माणुण्णाओ जिणवरेहिं ॥२-३०॥ (व्यवहार)

ગીતાર્થ કોણ કહેવાય? તેની વ્યવસ્થા આ પ્રમાણે છે.
૧, નિશીથસૂત્રના જાણકાર જઘન્ય ગીતાર્થ.
૨, કલ્પવ્યવહારસૂત્રના જાણ મધ્યમ ગીતાર્થ.
૩. દૃષ્ટિવાદ અધ્યયનના જાણ ઉત્કૃષ્ટ ગીતાર્થ.

વર્તમાનમાં ठाण-समवायधरे गीयत्थे એ પ્રમાણે મધ્યમ ગીતાર્થ કહેવાય છે. આ ગીતાર્થનાં લક્ષણો ચરણકરણાનુયોગને આશ્રયીને છે. દ્રવ્યાનુયોગને આશ્રયીને તો તત્ત્વાર્થાધિગમ સૂત્ર સમ્મતિતર્ક વગેરે તર્કશાસ્ત્રના પારંગત ગીતાર્થ કહેવાય છે.

(૮) આ સ્વરૂપ સમજીને આત્મા પોતાને માટે નિર્ણય કરે કે, જ્ઞાની ગુરુ મહારાજની નિશ્રાએ રહીને ક્ષણ ક્ષણ નવા નવા જ્ઞાનને ભણું, તેમાં લીન બનું, સાધુધર્મના વિધિ-અનુષ્ઠાનો આરાધીને આગળ વધું, અમારા આત્માને એ મોટું આલંબન છે. એ મોટો આધાર છે. ઇચ્છાયોગી આત્મા એ રીતે આત્માને સંસ્કારી કરીને તરે છે. લલિતવિસ્તરા, યોગદૃષ્ટિ સમુચ્ચ આદિ ગ્રંથોમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ઇચ્છાયોગનું સ્વરૂપ આ રીતે દર્શાવ્યું છે.

कर्तुमिच्छोः श्रुतार्थस्य,
ज्ञानिनोऽपि प्रमादिनः ।
विकलो धर्मयोगो य,
इच्छायोग उदाहृतः ॥ ८ ॥

(૯) દ્રવ્યાનુયોગની વિચારણા પણ કેવળ શાસ્ત્રોથી સાંપડતી નથી. ગુરુગમથી તેની અનેક ચાવીઓ મળે છે, એટલે શાસ્ત્રોનું પઠન—પાઠન કરનારે ગુરુસેવા ચૂકવી નહિં. જો ચૂકી જાય તો લાભ કરતાં હાનિ વધારે થાય છે. સમ્મતિતર્ક, તત્ત્વાર્થાધિગમ સૂત્ર વગેરે ગ્રન્થો તે વિશિષ્ટ પ્રવચન ગ્રન્થો છે. તેના સારભૂત પણ ઘણા શાસ્ત્રો છે. પણ તે સર્વ ગુરુનિશ્રાએ રહીને ગુરુગમથી લેવા જેવા છે. નહિં તો નિર્ધન માણસને ધન મળે ત્યારે તે એવો છકી જાય કે, જગત્ તૃણ તુલ્ય સમજે. એવું ન બને તેની પૂરતી કાળજી રાખી આગળ વધવું.

## જૈનાગમનો મહાન ગ્રંથ બહાર પડી ગયો છે.

# શ્રી બૃહત્કલ્પસૂત્ર—છઠ્ઠો (છેલ્લો) ભાગ સંપૂર્ણ.

**આ** પૂજ્ય આગમનો પાંચમો ભાગ પ્રકટ થયા પછી આ છેલ્લો વિભાગ ઘણા વખતે પ્રકટ થાય છે. આ છઠ્ઠો ભાગ સંપૂર્ણ છપાયા બાદ તેની પ્રસ્તાવના માટે પાટણ, લીંબડી, ખંભાત વિગેરે ભંડારો અને છેવટે જેસલમેરના પ્રાચીન જૈનભંડારોની તાડપત્રીય અને હસ્તલિખિત પ્રતો સાથે રાખી, મૂળ, ચૂર્ણિ, નિર્યુક્તિ વગેરેના પાઠભેદો, પાઠાંતરો, અશુદ્ધિઓ વગેરે સાથે પૃષ્ઠ, શ્લોકોનો સમન્વય કરી તે સર્વે પ્રતો માંહેની સર્વે નોંધ—માહિતીનું તારણ કરીને આ વિભાગની પ્રસ્તાવનામાં આપવાનું હોવાથી પ્રકટ થતાં વિલંબ થયો છે, એટલું જ નહિં પરંતુ સંશોધન સાથે મહાન્ પ્રયત્નવડે સાક્ષરશિરોમણિ પૂજ્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે મહામૂલી, પ્રામાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુંદર સંકલનાપૂર્વક તૈયાર કરેલ તેની પ્રસ્તાવના–ગ્રંથપરિચય આ ભાગમાં આપવામાં આવેલ છે. સંપૂર્ણ ગ્રંથ છપાઇ જવાથી હાલ તેનું કપડાનું મજબૂત બાઇંડીંગ તૈયાર કરીને તે પ્રકટ કરવામાં આવેલ છે.

ગ્રંથનું સંશોધનકાર્ય, પ્રસ્તાવના, આમુખ વગેરે સર્વે સંપાદન કાર્ય ઘણું વિદ્વત્તાપૂર્ણ કૃપાળુ ગુરુદેવ પુણ્યવિજયજી મહારાજે તૈયાર કરેલ છે, જે જૈનસમાજ ઉપર જેવો તેવો ઉપકાર નથી. જે પ્રકટ થયા બાદ વિદ્વાન્ પૂજ્ય આગમવેત્તા મુનિરાજો, જૈનેતર વિદ્વાનો આ ગ્રંથની પ્રશંસા કર્યા સિવાય રહેશે નહિ, તેટલું જ નહિ પરંતુ ભાવિમાં પણ સંપાદક કૃપાળુ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ માટે, તેઓશ્રીની અપૂર્વ વિદ્વત્તા માટે તેના પઠનપાઠન કરનાર વિદ્વાન મુનિરાજો, આગમનું યથાર્થ જ્ઞાન ધરાવનારા પંડિતો પ્રશંસા કરવા સાથે તેઓશ્રી ઉપર પૂજ્યભાવ પ્રકટ કર્યા સિવાય રહેશે નહિં અને તેઓશ્રીની એક ઉત્તમ પંક્તિના વિદ્વાન મુનીશ્વર તરીકે પણ ગણના થશે.

**આ** ગ્રંથ ઉંચા ટકાઉ લેઝર પેપર ચોપન રતલી કાગળો ઉપર, સુંદર શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસ મુંબઈમાં છપાયેલ છે. ઘણો જ મ્હોટો ભાગ થયેલ હોવાથી તેમજ સખ્ત મોંઘવારી અને છાપખાનાના દરેક સાહિત્યના ભાવો વધતા જતાં હોવાથી આ પૂજ્ય આગમ ગ્રંથ હોવાથી ઘણા વર્ષો સુધી ટકી શકે, સચવાય અને જ્ઞાનભંડારોના શણગારરૂપ બને તે દૃષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમાં સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

અગાઉથી ઘણા ગ્રાહકો નોંધાઇ ગયેલ છે. આવા વિદ્વત્તાપૂર્ણ આગમો મોટો ખર્ચ કરી વારંવાર છપાતા નથી, જેથી જલદી નામો નોંધાવવા પત્ર લખશો.

કિંમત રૂા. ૧૬) સોળ પોસ્ટેજ જુદું.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા** ઠેં૦ ખારગેટ—**ભાવનગર.**

## 'કલમકે દોસ્ત મંડળ'ના સભ્યો માટેની ઇનામી લેખન હરિફાઈ.

'કલ્યાણ'ના કલમ કે દોસ્તમંડળના નોંધાયેલા સભ્યો માટેની અમારા તરફથી ઇનામી લેખન હરિફાઈ રજૂ થાય છે. **લેખનો વિષય: 'સ્વતંત્ર ભારતની પ્રજાસત્તાક સરકારમાં વડાપ્રધાનના સ્થાને જો હું હોઉં તો આજે શું કરૂં ?'**

આ વિષય પર ફુલ્સકેપ પાંચ પાનાનો લેખ સભ્યોએ લખી મોકલવાનો છે. લેખ સારા અક્ષરોમાં, શાહીથી એક બાજૂએ લખાયેલો હોવો જોઇએ.

જે લેખકનો લેખ અમારી પસંદગીને પાત્ર ઠરશે, તેને કાર્યાલય તરફથી રૂા. ૨૫)નું ઇનામ આપવામાં .આવશે. એકથી વધારે લેખકો જો પસંદગીને પાત્ર ઠરશે. તો રૂા. ૩૧)નું ઇનામ બધા વચ્ચે વહેંચી દેવામાં આવશે.

તા. ૧૫-૩-૫૩ સુધીમાં મોકલાયેલા લેખોને હરિફાઇમાં સ્થાન મળશે. મંડલના સભ્ય સિવાયના લેખકોને ઇનામ નહિ મલે. કાર્યાલયનો નિર્ણય છેવટનો ગણાશે.


## * સજઝાયમાળા. *

[ સચિત્ર ]

**ભાગ. ૧-૨-૩-૪**

સારા ગ્લેઝ કાગળ, સુંદર મુદ્રણ, અનેક ફોટાઓ, પાકું બાઇન્ડીંગ. આ સજ્ઝાયમાળામાં પ્રાચીન પૂર્વાચાર્યો કૃત અનેક સજ્ઝાયોનો સંગ્રહ છે. થોડા રોજમાં તૈયાર થઇને બહાર પડશે. મૂલ્યની જાહેરાત હવે પછી થશે.

મળવાનું સ્થળ:

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ**

ઠે. પતાસાપોળના ઢાળમાં, અમદાવાદ.



## શ્રી શત્રુંજય આદિ તીર્થપટો

### માટે પૂછાવો !

૫૦ વર્ષના અનુભવે બટકે નહિ તેમજ પાણીથી ભીંજાય નહિ તેવું કાપડ બનાવી શાસ્ત્રીય રીતે વિધિ-વિધાન મુજબ પ્રતિમાઓ તેમજ તમામ સુંદર દશ્યોની રચનાઓ પાકારંગ અને સાચા સોનેરી વરખથી ચમકતા બનાવી આપવામાં આવે છે.

હિંદ અને આફ્રીકા સુધી બહોળો ફેલાવો ધરાવનાર.

પ્રો. ભીખાભાઇ કરણજી

ગૂર્જર આર્ટ સ્ટુડીઓ

પાલીતાણા. ( સૌરાષ્ટ્ર )


## સ*મા*ચા*ર

ઝીંઝુવાડા જૈન ધર્મોત્તેજક પાઠશાળાનો ઇનામી મેળાવડો પૂ. આચાર્યદેવ શ્રી વિજયભદ્રસૂરિજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તા. ૨૮-૧૨-૫૨ના રોજ યોજવામાં આવ્યો હતો. રૂા ૨૦૦નું રોકડ ઈનામ શાહ છોટાલાલ પુંજીરામના શુભ હસ્તે વહેંચાયું હતું.

⚜

બેંગલોરમાં માળારોપણ મહોત્સવના દર્શનાર્થે દશ હજાર માણસ તો જૈનેતર આવતા, વરઘોડામાં ૧૦ થી ૧૫ હજાર માણસો હતા. માળાની ઉછામણીની ઉપજ ચાલીસ હજાર થઇ હતી. ૪૦ હજારની તો પ્રભાવના થઇ હતી. દશ હજાર જૈનોની વચ્ચે પૂ. આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મણસૂરિજીને **દક્ષિણદીપક** અને પૂ૦ વિદ્વાન મુનિરાજશ્રી કીર્તિવિજય મહારાજને **કવિકુલતિલક** બિરુદ અપાયું હતું.

Reg. No. 4925

## મંગાવો ! લાઈબ્રેરી, પ્રભાવના ઉપયોગી સુંદર પ્રકાશનો:

| | | | |
|---|---|---|---|
| કરિયાવર | ૧-૦-૦ | ઇલાચીકુમાર | ૨-૮-૦ |
| જીવનની દિશા | ૧-૮-૦ | ભગવાન ઋષભદેવ | ૪-૮-૦ |
| વિક્રમચરિત્ર | ૪-૦-૦ | નરકેશરી વા નરકેસરી | ૪-૮-૦ |
| સિંહાસન બત્રીસી | ૨-૦-૦ | સુંદરીઓનો શણગાર | ૪-૦-૦ |
| પુરીસાદાણી પાર્શ્વનાથ | ૪-૦-૦ | નમસ્કાર મહામંત્ર | ૨-૮-૦ |
| દમયંતી ચરિત્ર | [illegible] | શાંતિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| અચલગઢ | [illegible] | સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| વસુદેવહિન્ડી | ૧૫-૦-૦ | બાલ ગ્રંથાવલિ પ્ર. શ્રેણી | ૩-૦-૦ |
| જૈનધર્મની પ્રાણીકથાઓ | ૧-૪-૦ | બાલ ગ્રંથાવલિ બીજી શ્રેણી | ૩-૦-૦ |
| શત્રુંજય તીર્થદર્શન | ૧-૮-૦ | બાલ ગ્રંથાવલિ ત્રીજી શ્રેણી | ૩-૦-૦ |
| ભાઇબીજ | ૪-૦-૦ | અમર બલિદાન | ૧-૮-૦ |
| ભગવતિ સૂત્રનાં વ્યાખ્યાનો | ૩-૦-૦ | મહર્ષિ મેતારજ | ૪-૪-૦ |
| મહિયારણુ | ૩-૦-૦ | શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૬-૦ |
| લઘુત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રપર્વ ૧ થી ૧૦ | ૧૨-૮-૦ | પાર્શ્વનાથ ચરિત્ર [સચિત્ર] | ૧૩-૦-૦ |
| સ્થુલિભદ્ર | ૪-૮-૦ | તેજપાલનો વિજય | ૧-૦-૦ |
| વિક્રમાદિત્ય હેમુ | ૫-૦-૦ | હિંમતે મર્દા | ૧-૮-૦ |
| ભાગ્ય-નિર્માણ | ૩-૪-૦ | જવાંમર્દ ભા. ૧-૨ | ૨-૮-૦ |
| દેવકુમાર | ૩-૦-૦ | સમરાદિત્ય કેવળી ચરિત્ર | ૫-૦-૦ |
| વીરધર્મની વાતો ભા-૧ લો | ૨-૮-૦ | પવિત્રતામાં પ્રભુતા | ૫-૦-૦ |
| સોળ સતી | ૩-૦-૦ | નીતિ કથાઓ ભા. ૧. ૨, | ૨-૦-૦ |
| મહાદેવીઓ | ૩-૮-૦ | મત્સ્યગલાગલ | ૪-૮-૦ |
| ભગવાન મલ્લીનાથ | ૨-૮-૦ | આબરૂની ભિતરમાં | ૩-૦-૦ |
| પ્રેમભક્ત જયદેવ | ૪-૦-૦ | સુભદ્રાદેવી | ૪-૦-૦ |
| અભયકુમાર | ૩-૦-૦ | શીલની આદર્શ કથાઓ | ૪-૮-૦ |
| જગડુશાહ | ૩-૦-૦ | ગૂર્જરેશ્વર કુમારપાળ ભા. ૧-૨ | ૯-૦-૦ |
| ચંદનબાળા | ૩-૦-૦ | દીલ્હીશ્વર | ૪-૮-૦ |
| ડગમગતું સિંહાસન | ૪-૦-૦ | પારકા ઘરની લક્ષ્મી | ૩-૮-૦ |
| દેવદૂષ્ય | ૨-૮-૦ | કંચન અને કામીની | ૩-૦-૦ |
| શ્રીપાળકુમાર ચરિત્ર | ૩-૮-૦ | માદરે વતન | ૩-૦-૦ |
| ગૂજરાતનો મહાન સુવર્ણયુગ | ૫-૪-૦ | ગઇ ગુજરી | ૧-૮-૦ |
| કથા રત્નકોષ | ૧૦-૦-૦ | તીર્થરાજ આબુ | ૫-૪-૦ |
| તીર્થંકરચરિત્ર | ૬-૮-૦ | નેમનાથ અને કૃષ્ણ | ૨-૦-૦ |
| મલયાસુંદરી | ૪-૦-૦ | મેવાડનાં અણમોલ જવાહિર | ૮-૦-૦ |

**રૂા. પચાસ ઉપરાંતનો માલ મંગાવનારને સવા ૭ ટકા કમીશન મળશે. લીસ્ટ મંગાવો !**

**સોમચંદ ડી. શાહ ઠે૦ જીવન નિવાસ સામે— પાલીતાણા [સૌરાષ્ટ્ર]**

મુદ્રક: ફીરચંદ જગજીવન શેઠ : કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ:—પાલીતાણા.